# પિતૃઓને શ્રદ્ધા આપો તેઓ શક્તિ આપશે



– શ્રીરામ શર્મા આચાર્ય

# પિતૃઓને શ્રદ્ધા આપો, તેઓ શક્તિ આપશે


લેખક :

શ્રીરામ શર્મા આચાર્ય



પ્રકાશક :

**યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

ગાયત્રી તપોભૂમિ, મથુરા

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮,૨૫૩૦૩૯૯

મો.૦૯૯૨૭૦૮૬૨૮૭,૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

શાખા : અમદાવાદ

પ્રાપ્તિસ્થાન :

**ગાયત્રી જ્ઞાનપીઠ**

પાટીદાર સોસાયટી, જૂના વાડજ

અમદાવાદ - ૩૮૦૦૧૩

ફોન : (૦૭૯) ૨૭૫૫૭૨૫૨

પ્રથમ આવૃત્તિ જુલાઈ - ૨૦૧૩ રૂા. ૧૯.૦૦



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. ઉચ્ચ સ્વભાવ તથા સંસ્કારવાળા અશરીરી આત્માઓ (પિતર) | ૩ |
| ૨. પિતૃઓનાં સંપર્કથી લાભ જ થાય છે | ૧૭ |
| ૩. આત્મીયજનોને પિતૃઓનું અનુદાન | ૩૦ |
| ૪. પ્રગતિમાર્ગના પથદર્શક - પિતર | ૪૩ |
| ૫. લૂંટફાટ, અનીતિ, અન્યાયની અવરોધક પિતર સત્તાઓ | ૬૫ |
| ૬. પિતૃ - અદૃશ્ય સહાયક | ૭૫ |
| ૭. પિતૃઓને શ્રદ્ધા આપો, તેઓ શક્તિ આપશે | ૯૦ |


**"દહયમાનસ્ય પ્રેતસ્ય સ્વજનૈર્યૈજલાંજલિઃ ।**
**દીયતે પ્રીતરૂપોડસૌ પ્રેતો યાતિ યમાલયમ્ ॥"**

(ગરુડ પુરાણ, પ્રેત કલ્પ ૨૪/૧૨)

અર્થાત્ અગ્નિસંસ્કાર કરવામાં આવેલા પિતૃઓના સ્વજનો તેમને જે ભાવનાપૂર્ણ જળની અંજલિ આપે છે તેનાથી તેમને આત્મિક શાંતિ મળે છે અને તેઓ પ્રસન્ન થઈને ઉચ્ચલોક તરફ ગમન કરે છે.


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પિતૃઓને શ્રદ્ધા આપો, તેઓ શક્તિ આપશે

## ઉચ્ચ સ્વભાવ તથા સંસ્કારવાળા અશરીરી આત્માઓ (પિતર)

મર્યા પછી આપણું શું થાય છે ? એ પ્રશ્નના જવાબમાં જુદા જુદા ધર્મોમાં જુદી જુદી માન્યતાઓ છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં પણ પરલોકની અનેક પ્રકારની સ્થિતિ અને ત્યાં આત્માઓના નિવાસનું વર્ણન કરવામાં આવ્યું છે. એ જુદા જુદા મતના કારણે સામાન્ય માણસ ભ્રમમાં પડી જાય છે કે આ પરસ્પર વિરોધી પ્રતિપાદનોમાંથી સાચું કયું અને ખોટું કયું ?

આમ છતાં એક વાત સાવ સાચી છે કે મર્યા પછી જીવાત્માનું અસ્તિત્વ નષ્ટ થઈ જતું નથી, પરંતુ તે ગમે તે સ્વરૂપે જળવાઈ રહે છે. મર્યા પછી પુનર્જન્મની સાબિતી આપતાં અનેક પ્રમાણ જોવા મળે છે. કેટલાંય બાળકો પોતાના પૂર્વજન્મના સ્થળ, સંબંધીઓ અને ઘટનાઓનું એવું વિવરણ આપે છે કે તેની તપાસ કરતાં તે બિલકુલ સાચું સાબિત થાય છે. પોતાના પૂર્વજન્મથી ખૂબ દૂરના સ્થળે જન્મેલું બાળક પૂર્વજન્મની વાત જણાવે અને તે પરીક્ષા કરતાં સાચી જણાય છે એ જ બતાવે છે કે મર્યા પછી ફરીથી પણ જન્મ થાય છે.

મરણ અને પુનર્જન્મ વચ્ચેના સમયમાં જીવાત્મા શું કરે છે ? તે ક્યાં રહે છે ? વગેરે પ્રશ્નોના જુદા જુદા ઉત્તરો મળે છે, પરંતુ તે બધામાં એક વાત સાચી લાગે છે કે તે સમય દરમ્યાન તેણે સૂક્ષ્મરૂપમાં પોતાનું માનવીય અસ્તિત્વ ટકાવી રાખીને રહેવું પડે છે. જીવનમુક્ત આત્માઓની વાત જુદી છે. તેઓ નાટકની જેમ જીવનનો ખેલ ખેલે છે અને પોતાનો ઉદ્દેશ્ય પૂરો કરીને ફરીથી પોતાના લોકમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાછા જતા રહે છે. તેમને વસ્તુઓ, ઘટનાઓ કે વ્યક્તિઓનો કોઈ મોહ હોતો નથી અને તેમના પર એ બધાની કોઈ છાપ પણ પડતી નથી, પરંતુ સામાન્ય આત્માઓની બાબતમાં આવું નથી. તેઓ પોતાની અતૃપ્ત ઇચ્છાઓ, વિયોગ, સંવેદનાઓ તથા રાગદ્વેષની પ્રતિક્રિયાના કારણે ઉદ્વિગ્ન રહે છે. એના લીધે પાછલા જન્મની સ્મૃતિ તેમની ઉપર છવાઈ રહે છે અને પોતાની અતૃપ્ત અભિલાષાઓને પૂરી કરવા માટે તે પ્રયત્નો કરે છે. સ્થૂળ શરીર ન હોવાને કારણે તેઓ ખાસ કંઈ કરી શકતા નથી, પરંતુ સૂક્ષ્મ શરીરથી તેઓ ગમે તેને પોતાનો પરિચય આપે છે. એવા આત્માઓને ભૂત કહેવામાં આવે છે. તેઓ બીજાઓને ડરાવે છે અથવા તો તેમની ઉપર દબાણ કરીને પોતાની અધૂરી ઇચ્છાઓ પૂરી કરવામાં મદદ કરવાની ફરજ પાડે છે. ભૂતોનો અનુભવ ડરામણો અને હાનિકારક હોય છે, પરંતુ જે આત્માઓ એનાથી જુદી પ્રકૃતિના હોય છે તેઓ કોઈને ડરાવતા કે હેરાન કરતા નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ભવનમાં અમુક અમુક સમયે જે પિતરોના અસ્તિત્વનો અનુભવ થાય છે તેના આધારે એવું માનવામાં આવે છે કે ત્યાં પાછલા કેટલાય રાષ્ટ્રપતિઓના પ્રેતાત્માઓ ડેરાતંબુ નાખીને પડી રહ્યા છે. તે બધામાં સૌથી વધારે વખત પોતાના અસ્તિત્વનો પરચો આપનારો આત્મા અબ્રાહમ લિંકનનો છે.

તે આત્માઓ ત્યાં રહેનારાઓને કદાપિ હેરાન કરતા નથી. વાસ્તવમાં દુષ્ટ લોકોના આત્માઓ જ ઉપદ્રવ કરે છે.

મરતી વખતે જેમની મનઃસ્થિતિ વિક્ષુબ્ધ હોય તેઓ મોટેભાગે ભૂતપ્રેતની યોનિમાં જાય છે. કેટલીકવાર સદ્ભાવસંપન્ન આત્માઓ શાંતિ અને સુરક્ષાના હેતુ માટે સ્વજનોને મદદ કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરિસ્થિતિઓને સંભાળવા માટે તથા પ્રિય વસ્તુઓની સુરક્ષા માટે તેઓ પોતાના અસ્તિત્વનો પરિચય આપતા રહે છે. પિતાની જેમ પ્રેમ અને સહયોગ આપવો એ જ તેમનું કામ હોય છે.

પિતૃઓ (પિતરો) ઉચ્ચ આત્માઓ હોય છે. તેઓ મૃત્યુ તથા નવા જન્મ વચ્ચેનો સમયગાળો પ્રેત બનીને પસાર કરે છે. પોતાના ઉચ્ચ સ્વભાવ અને સંસ્કારોના કારણે તેઓ બીજાઓને થઈ શકે તેટલી મદદ કરે છે. તેમનામાં મનુષ્યો કરતાં વધારે શક્તિ હોય છે. સૂક્ષ્મજગત સાથે તેમનો સંબંધ હોવાના કારણે તેમની પાસે માહિતી પણ વધારે હોય છે. જેમની સાથે તેમનો સંબંધ થઈ જાય છે તેમને તેઓ અનેક રીતે મદદ કરે છે. ભવિષ્યનું જ્ઞાન હોવાને કારણે તેઓ સ્વજનોને સતર્ક પણ કરે છે તથા અનેક મુશ્કેલીઓ દૂર કરીને સફળતા અપાવવામાં મદદ પણ કરે છે.

આવા દિવ્ય પ્રેતાત્માઓ એટલે કે પિતૃઓ શુભ આશયવાળા, સદ્ભાવસંપન્ન અને સહાનુભૂતિપૂર્ણ હોય છે. કુમાર્ગે જનારાઓથી તેઓ અસંતુષ્ટ રહે છે તથા સન્માર્ગે ચાલનારાઓ ઉપર પ્રસન્ન રહે છે.

પિતૃઓ વાસ્તવમાં દેવો કરતાં જુદા, પરંતુ સામાન્ય મનુષ્યો કરતાં ઉચ્ચકક્ષાના શ્રેષ્ઠ આત્માઓ હોય છે. તેમને સ્થૂળ શરીર હોતું નથી, જેથી દેહધારી લોકો સાથે સંપર્ક સાધવાની તેમની એક મર્યાદા હોય છે. તેઓ દરેક જણ સાથે સંપર્ક સાધી શકતા નથી. કોમળતા તથા નિર્ભીકતા, શ્રદ્ધા તથા વિવેક એ બંનેનું જ્યાં યોગ્ય સમતોલન હોય તેવી અનુકૂળ ભાવભૂમિ જ પિતૃઓ સાથે સંપર્ક સાધવા માટે અનુકૂળ હોય છે. સામાન્ય લોકો તેમની છાયાથી ડરી જાય છે, પરંતુ ખરેખર તે પિતૃઓ ડરાવવા ઈચ્છતા હોતા નથી,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેથી તેઓ બધા લોકોને પોતાની હાજરીનો અનુભવ થવા દેતા નથી. તેઓ યોગ્ય મનોભૂમિ તથા વ્યક્તિત્વ જોઈને જ પ્રગટ થાય છે અને યોગ્ય સલાહ, મદદ તથા માર્ગદર્શન આપે છે.

અનિચ્છનીય પ્રવૃત્તિઓ તથા અનીતિનું નિવારણ કરવાની સારી પ્રેરણા પણ આ ઉચ્ચ આશયવાળા પિતર આત્માઓ આપે છે અને એ દિશામાં આગળ વધનારને પણ મદદ કરે છે. તેથી ભૂતપ્રેતોથી વિરક્ત રહીને તેમની ઉપેક્ષા કરવાની તથા તેમના ખરાબ પ્રભાવને દૂર કરવાની જરૂર છે, તો બીજી બાજુ પિતરો પ્રત્યે ઊંડી શ્રદ્ધા રાખીને તેમને સદ્ભાવનાપૂર્વક શ્રદ્ધાંજલિ આપવી જોઈએ. તેમના પ્રત્યે ઉચ્ચ ભાવના રાખીને તેમની સહાયતાનો લાભ અવશ્ય લેવો જોઈએ.

પિતરોની પણ અનેક કક્ષાઓ હોય છે અને તેને અનુરૂપ તેઓ મદદ પણ કરે છે.

શ્રી સી.ડબલ્યુ. લેડવીટરે પોતાના પુસ્તક 'ઇનવિઝીબલ હેલ્પર્સ'માં લખ્યું છે કે સાત લોકોમાંથી ઉપરના છ લોક સંબંધી છ કક્ષાના પિતર આત્માઓ હોય છે. તે દરેક સ્તરની જવાબદારીઓ તથા પ્રવૃત્તિઓ જુદી જુદી હોય છે. પ્રકૃતિ, સંસ્કાર, યોગ્યતા તથા અભિરુચિને અનુરૂપ એ પિતૃઓ મદદ તથા માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

શ્રી લેડવીટરે ઉપરોક્ત પુસ્તકમાં વિશ્વના જુદાજુદા સમુદાયોમાં પિતૃઓ વિશે પ્રચલિત માન્યતાઓનું વિવરણ આપ્યું છે. જૂની ગ્રીક તથા રોમન સંસ્કૃતિઓમાં એ આસ્થાઓ અસ્પષ્ટ તથા ઝાંખી છે, તો ઇજિપ્ત તથા ચીનની સંસ્કૃતિમાં પિતૃઓ અંગેની વિસ્તૃત કથાઓ તથા કર્મકાંડો જોવા મળે છે. ઇજિપ્તની સંસ્કૃતિના ધર્મગ્રંથોનો સાર 'ધ બુક ઑફ ધ ડેડ' નામના પુસ્તકમાં આપેલો છે. તેમાં પિતૃઓની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રવૃત્તિઓ તથા તેમના દ્વારા કરવામાં આવતી મદદની સેંકડો ઘટનાઓ વિસ્તારપૂર્વક આપવામાં આવી છે, પરંતુ પિતૃઓની પ્રવૃત્તિઓનું નિરૂપણ કરતા નિયમો તથા પ્રક્રિયાઓ સ્પષ્ટ રૂપમાં આપવામાં આવ્યાં નથી.

શ્રી લેડવીટરે પોતાના પુસ્તકમાં કહ્યું છે કે હિંદુઓમાં શ્રાદ્ધની જે પ્રક્રિયા ચાલે છે તથા એને લગતાં જે વિવરણો છે તે સૌથી વધારે પ્રામાણિક તથા વૈજ્ઞાનિક છે, પરંતુ હવે તે પણ માત્ર કર્મકાંડનો એક પરંપરાગત રીતરિવાજ બની ગઈ છે. તેની પાછળ રહેલા તત્ત્વજ્ઞાનને મોટા ભાગના હિંદુઓ ભૂલી ગયા છે. તેથી તેઓ તે પ્રક્રિયા દ્વારા પિતૃઓ પાસેથી યોગ્ય અને પૂરતો લાભ મેળવી શકતા નથી કે સ્વર્ગીય આત્માઓને પોતાની શ્રદ્ધાભાવના દ્વારા યોગ્ય લાભ પહોંચાડી શકતા નથી.

શ્રી લેડવીટરે સ્પષ્ટ કર્યું છે કે એ અશરીરી આત્માઓ સાથે સંપર્ક સાધવાનો મૂળ આધાર સંકલ્પ તથા વિચાર જ છે. જડ વસ્તુઓ તથા નિષ્પ્રાણ કર્મકાંડોના માધ્યમથી પિતૃઓ સાથે આદાનપ્રદાન થઈ શકતું નથી કારણ કે તે સમગ્ર પ્રક્રિયા ભાવનાત્મક તથા વિચારપરક છે. કર્મકાંડની પ્રક્રિયા જરૂરી તો છે, પરંતુ તે તો માત્ર સાધન છે, તેનો માત્ર પ્રયોગ થાય છે. તેનાથી સાચું પરિણામ પણ મેળવી શકાતું નથી, તેથી પિતૃઓના સાચા સ્વરૂપને સમજવાની અને તેમની સાથે સંપર્ક સ્થાપવાની પાત્રતાનો વિકાસ કરવાની જરૂર છે. જો એવું થઈ શકે તો તેમની પાસેથી દેવો જેવો સહયોગ મેળવીને જીવનને ખૂબ સમૃદ્ધ, સાર્થક તથા સફળ બનાવી શકાય છે.

દિવ્ય પ્રેતાત્મા સાથે ક્યારેક પૂર્વજન્મોના સ્નેહસદ્ભાવના આધારે કોઈકનો સંબંધ થઈ જાય છે. કેટલીકવાર તેઓ યોગ્ય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સત્પાત્રોને અનાયાસે જ ઉદારતાવશ મદદ કરે છે. એવું પણ શક્ય છે કે કોઈ વ્યક્તિ સાધના દ્વારા પોતાને પ્રેતાત્માઓની કૃપાને પાત્ર બનાવી લે અને પોતાની સાથે તે અદૃશ્ય સહાયકોની કૃપાને જોડીને પોતાની શક્તિને અસામાન્ય બનાવી લે તથા મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી શકે.

પિતૃઓના અનેક વર્ગ છે. દેવીદેવતાઓની જેમ તેમનાં કાર્યો તથા ક્ષેત્રો પણ જુદાં જુદાં છે. તેમની પાસેથી પ્રત્યક્ષ માર્ગદર્શન, ગુપ્ત સંકેત, દિવ્ય પ્રેરણા તથા આકસ્મિક મદદ પણ મળે છે. વિપત્તિમાંથી મુક્ત થવા, સન્માર્ગે આગળ વધવા, માનવતાના ક્ષેત્રને વિશાળ કરવા તથા સામાજિક પ્રગતિના માર્ગે આગળ વધવા માટે તેમનું દિવ્ય અનુદાન દૈવી વરદાન રૂપે પ્રગટ થાય છે. સૂક્ષ્મ શક્તિઓના રૂપમાં તેઓ એમ પણ સક્રિય રહે છે અને અનીતિ, અત્યાચાર તથા અન્યાયને અકલ્પનીય રીતે પલટી નાખવાની ચમત્કારી પ્રક્રિયા કેટલીકવાર તેમની કૃપાથી જ શક્ય બને છે. એવા શ્રેષ્ઠ પિતૃ ખરેખર શ્રદ્ધાને યોગ્ય છે.

આ સંદર્ભમાં બીજી પણ એક વાત છે. જીવસત્તા પોતાની એક સંકલ્પશક્તિનું વર્તુળ બનાવી લે છે અને જીવને બીજો જન્મ મળે તો પણ તે સંકલ્પસત્તા તેનો થોડોક પ્રાણાંશ લઈને પોતાનો એક સ્વતંત્ર એકમ બનાવી લે છે અને તે કોઈ દીર્ઘજીવી પ્રેતની જેમ ટકી રહે છે. ખૂબ પ્રચંડ સંકલ્પવાળા આવા કેટલાય આત્માઓનો અનુભવ અમુક અમુક સમયે થતો રહે છે. લોકો તેમને પિતૃ તરીકે દેવ માનીને પૂજતા જોવા મળે છે. તેઓ અવારનવાર પોતાના અસ્તિત્વનું પ્રમાણ આપતા રહે છે તે જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય છે. ઘણા સમય પહેલાં ઉત્પન્ન થયેલા તે આત્માઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અત્યાર સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા છે તે પ્રેતવિદ્યાના લોકો માટે નવાઈ પમાડે એવી બાબત છે કારણ કે તેઓ પણ પ્રેતયોનિને સ્વલ્પકાલીન માને છે. હવે તેમને પણ એક નવા પિતૃવર્ગને માન્યતા આપવી પડી છે. તેઓ માત્ર ભૂતપ્રેત હોતા નથી, પરંતુ પોતાની પ્રચંડ શક્તિનો લાંબા સમય સુધી પરચો આપતા રહે છે.

હજારો વર્ષ પહેલાં જન્મેલા આત્માઓ અત્યાર સુધી પ્રેત અવસ્થામાં જ હોય એવું માનવું શું અસંગત કે અયોગ્ય છે? તેઓ અવશ્ય નવો જન્મ લઈને નવી પ્રવૃત્તિઓમાં લાગી ગયા હશે. આના પરથી એ સ્પષ્ટ થાય છે કે પ્રચંડ સંકલ્પસત્તા જીવાત્માની પ્રાણશક્તિનો એક અંશ લઈને એક નવો શક્તિશાળી એકમ બનાવી દે છે. પ્રાણાવેગથી ભરપૂર તે એકમ પોતાના આવેગની શક્તિ અનુસાર એક ચોક્કસ સમય સુધી સક્રિય રહે છે. પ્રાણસત્તા માટે તે સમય વધારે ન હોય તો પણ આપણા માટે તે હજારો વર્ષોનો હોવાથી આપણને ચમત્કારિક લાગે છે. સંકલ્પસત્તાની સાક્ષાત્ મૂર્તિ સમાન એ 'પિતૃ' એકમો પોતાની રચનામાં રહેલાં તત્ત્વોને અનુરૂપ જ પ્રવૃત્તિઓ કરે છે, બીજી નહિ અર્થાત્ તે અમુક જ કાર્યોમાં મદદરૂપ બની શકે છે. જે પ્રયોજનો માટે એ સંકલ્પસત્તાને વધારે આકર્ષણ હોય છે તેમને પૂરાં કરવામાં તે વિશેષ મદદરૂપ થઈ શકે છે. પ્રાર્થના, ઉપાસના, ઈશ્વરની આરાધના, સામાજિક કર્તવ્યો વગેરેમાં આકસ્મિક મદદ કરવાના રૂપમાં આવી જ પિતૃસત્તાઓની અનાયાસ કૃપા વરસતી રહે છે.

પિતૃઓની આવી કૃપા કે અનુદાન સંકલ્પની પ્રખરતા, સત્પ્રવૃત્તિઓ પ્રત્યે પ્રેમ તથા વિરાટ કરુણાનું પરિણામ હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ દૈવી તત્ત્વો ફક્ત પિતૃઓની વિશેષતાઓ હોતી નથી, પરંતુ મનુષ્યની પણ વાસ્તવિક વિભૂતિઓ હોય છે.

## ★ સામાન્ય સ્થિતિમાં આકર્ષણ

પોતાપણાની અસર મૃત્યુ પછી તરત જ જોવા મળે છે. નેપોલિયન બોનાપાર્ટને પોતાની માતા પ્રત્યે ઊંડો પ્રેમ હતો. જ્યારે તેનું મૃત્યુ થયું ત્યારે તેની માતા એનાથી સેંકડો માઈલ દૂર હતી. તે ફ્રાંસમાં હતો અને તેની મા રોમમાં હતી. તે દિવસે તેની માએ જોયું કે નેપોલિયન એકદમ આવ્યો છે. તે ચરણસ્પર્શ કરીને કહી રહ્યો છે કે મા, મને હમણાં જ ઝંઝટોમાંથી ફુરસદ મળી શકી. થોડી વાર પછી તે અદૃશ્ય થઈ ગયો. પછીથી ખબર પડી કે તેનું તે જ દિવસે અને તે જ સમયે મૃત્યુ થયું હતું.

પ્રખ્યાત કવિ બાયરને પણ આવા જ એક અનુભવનું વિવરણ લખ્યું છે. એક લશ્કરી કપ્તાને રેલયાત્રામાં રાત્રે એકાએક ઊંઘ ઊડી જતાં પોતાના નાના ભાઈને પગ પાસે બેઠેલો જોયો. તે ભાઈની નિમણૂક વેસ્ટ ઇન્ડિઝમાં થઈ હતી. કપ્તાનને લાગ્યું કે હું કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહ્યો ને ! પોતે જાગે છે તેની ખાતરી કરવા તેણે હાથ લંબાવીને ભાઈને અડકી જોવાનો પ્રયત્ન કર્યો. તેનો કોટ તેના હાથને અડક્યો તો લાગ્યું કે તે કોટ પાણીથી ભીનો છે. એટલામાં જ તે ભાઈ અદૃશ્ય થઈ ગયો. પછીથી ખબર મળી કે તે જ દિવસે સમુદ્રમાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થઈ ગયું હતું.

પરામનોવૈજ્ઞાનિકોને સંશોધન દરમ્યાન એવી અનેક સાબિતીઓ મળી છે, જેનાથી ખબર પડે છે કે મૃત વ્યક્તિ મૃત્યુ પછી તરત જ સેંકડો - હજારો માઈલ દૂર રહેલા પોતાના આત્મીય સ્વજનો પાસે જોવા મળી હોય. કેટલીક વાર વ્યક્તિ દેખાતી નથી, પણ તેનો અવાજ સંભળાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈંગ્લેન્ડનો ચાર્લ્સ મેથ્યુઝ સમુદ્રી જહાજ પર કર્મચારી હતો. એક રાતે તે નોકરી પર ગયો. તેના થોડાક કલાક પછી તેની પત્ની તથા તેની પડોશણ બંનેને ચાર્લ્સનો અવાજ સંભળાયો. પડોશણે સાંભળ્યું કે ચાર્લ્સ તેને કહી રહ્યો હતો કે મારી પત્નીનું ધ્યાન રાખજે. પત્નીને લાગ્યું કે તે એને બૂમો પાડી રહ્યો છે. થયું હતું એવું કે તે રાતે જહાજ ડૂબી ગયું હતું અને તેની સાથે મેથ્યુઝ પણ ડૂબી ગયો હતો.

આનાથી સાવ જુદી બીજી એક ઘટના છે. કેલિફોર્નિયાના એક પોલીસ અધિકારીએ થોડા દિવસો પહેલાં મરી ગયેલા તેના એક મિત્રની છાયા જોઈ. તે છાયાએ તેને કહ્યું કે તું તરત જ મેકડોનાલ્ડ એવેન્યુ પહોંચ. ત્યાં સ્ટ્રીમ લાઈનર સાથે એક ટ્રક અથડાઈને ઊંધી વળી ગઈ છે. પોલીસ અધિકારી ત્યાં પહોંચ્યો. તે વખતે ત્યાં એવું કશું જ બન્યું નહોતું. તેને લાગ્યું કે મેં દિવાસ્વપ્ન જોયું છે. તે જ્યારે પાછા વળવાની તૈયારીમાં હતો એટલામાં જ એવી ઘટના બની. સામેથી આવી રહેલી ટ્રક સ્ટ્રીમ લાઈનર સાથે અથડાઈ અને ડ્રાઈવરની છાતી ચિરાઈ ગઈ.

આવાં પ્રમાણોથી ખબર પડે છે કે માનવીય ચેતના જ્યાં સુધી શરીર સાથે જ તાદાત્મ્યનો અનુભવ કરે છે ત્યાં સુધી તો તે સીમાબદ્ધ રહે છે, પરંતુ શરીરમાંથી નીકળતાં જ તે સર્વવ્યાપી બની જાય છે. તેની હરવાફરવાની અને સંદેશો મોકલવાની શક્તિ બંધનમુક્ત થઈ જાય છે. તે ગમે ત્યાં આવ-જા કરી શકે છે. જોકે પોતાના સંસ્કારોના કારણે સૌપ્રથમ તે પોતાના આત્મીય સ્વજન પાસે પહોંચી જાય છે.

કેટલીકવાર તે આત્મીયની પાસે જવાના બદલે મૃત્યુ પહેલાં જ્યાં તેનું ધ્યાન હતું ત્યાં પહોંચી જાય છે. પૂનાના એક મોટા વકીલને એકવાર મોડી રાતે ઑફિસ બંધ કરતી વખતે એક ઓળખીતો માણસ દરવાજે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊભેલો દેખાયો. તેમણે તેને આવવાનું કારણ પૂછતાં અંદર આવવાનું કહ્યું, પરંતુ તે એકદમ અદૃશ્ય થઈ ગયો. તેઓ વિચારમાં પડી ગયા. ત્યાર પછી પથારીમાં જઈને સૂઈ ગયા. બેત્રણ કલાક પછી પેલા માણસના સંબંધીઓએ દરવાજો ખખડાવ્યો. વકીલસાહેબ બહાર નીકળ્યા. એ લોકોએ તેમને જણાવ્યું કે કેટલાક લોકો પેલા માણસને ઘેર ગયા હતા. તેમણે કહ્યું કે તને હમણાં જ વકીલસાહેબ બોલાવે છે. નગરપાલિકાની ચૂંટણી વિશે કોઈક ખાસ ચર્ચા કરવાની છે. સવારે તેઓ કોઈક કામ માટે મુંબઈ જવાના છે. વકીલસાહેબને ઘેર બીજા લોકો પણ છે. તારી સાથે પણ ચર્ચા કરવાની છે. પેલો માણસ ઘેરથી ગયો તે હજુ સુધી પાછો આવ્યો નથી. એટલે અમે તેને શોધવા આવ્યા છીએ. લોકો સમજી ગયા કે તેની સાથે છળકપટ કરવામાં આવ્યું છે. સવારે ખબર પડી કે રાત્રે તેમણે તેની હત્યા કરી નાખી હતી. આનાથી એ સ્પષ્ટ થાય છે કે પેલા મરનારને વકીલસાહેબનું નામ લઈને બોલાવવામાં આવ્યો હતો, તેથી તેના ચિત્તમાં એ જ વાત હતી અને મૃત્યુ પછી તરત જ તેનો આત્મા ત્યાં પહોંચી ગયો.

લેખિકા શેલા આસ્ટ્રેન્ડરને એકવાર તેમની એક સહેલી તેના મૃત્યુ પછી તરત જ દેખાઈ હતી. તે એ જ વખતે કેટલાય માઈલ દૂર આવેલા બીજા એક શહેરમાં મરી ગઈ હતી. તેના મૃત્યુની ખબર બીજા દિવસે મળી.

આનાથી ચેતનાની અપાર શક્તિનો પરિચય મળે છે. એવું નથી કે મર્યા પછી જ માનવીય ચેતના આ રીતે બંધનમુક્ત થાય છે. જો સંકુચિતતાનાં માનસિક બંધનોને દૂર કરી દેવામાં આવે તો જીવિત અવસ્થામાં પણ ચેતનાની આ શક્તિઓનો અનુભવ કરી શકાય છે અને લાભ મેળવી શકાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવી ઘટનાઓ વિરલ કે અપવાદ નથી. એવા ઘણા લોકો છે, જે દૂર રહેલા સ્વજનો તીવ્ર સંવેદનાપૂર્વક યાદ કરે ત્યારે તેમની પાસે આભાસના રૂપમાં જોવા મળે છે. એવા લોકો પણ છે, જે વ્યાકુળ થઈને જ્યારે પોતાના કોઈ પ્રિય પરિજનને યાદ કરે છે ત્યારે તે તેમને તરત જ દેખાય છે. પછીથી પત્ર લખતાં કે રૂબરૂ મળતાં આ તથ્યને પુષ્ટિ મળે છે. ખાસ કરીને નારીઓને દૂરાભાસ કે દૂરાનુભૂતિ થાય છે.

પરામનોવિજ્ઞાની હેરાલ્ડે એવાં અનેક વૃત્તાંતોનું સંકલન કર્યું છે, જેમાં સ્ત્રીઓને દૂર રહેલા ભાઈ કે પતિની બીમારી યા મૃત્યુનો આભાસ થયો હોય અને પાછળથી તે સાચો નીકળ્યો હોય. માનસશાસ્ત્રી હેનબ્રુકે પણ એવું જ કહ્યું છે કે આમ તો આવી શક્તિ માનવમાત્રમાં હોય છે, પરંતુ સ્ત્રીઓમાં સૌમ્યતા, મૃદુતા અને સહૃદયતા અધિક હોવાના કારણે તેમનામાં એ શક્તિનો વધારે વિકાસ થયેલો જોવા મળે છે.

બીજા રૂપમાં દરેક વ્યક્તિમાં આ શક્તિ રહેલી છે. એના માટે મનને સંકીર્ણ બંધનોમાંથી મુક્ત કરવાની જરૂર છે. એવું કરવાથી પાણી પર ફેલાઈ જતા તેલની જેમ દરેક વ્યક્તિની અનુભવ સંવેદનાનું ક્ષેત્ર દૂર દૂર સુધી ફેલાઈ જાય છે. સામાન્ય રીતે આપણા શરીર અને મનની દીવાલો સાથે અથડાઈને વ્યક્તિની ચેતનાના તરંગો પાછા વળી જાય છે તથા નાનકડા ક્ષેત્રમાં જ હિલોળા લે છે, પરંતુ જો અનુભૂતિ અને સંવેદના માટે એ દીવાલોને દૂર કરી દેવામાં આવે તો અનંત ચેતનાના સમુદ્ર સાથે એ લહેરોનો સંપર્ક સધાઈ જાય છે.

શ્રેષ્ઠ સંસ્કારોવાળા પિતર આત્માઓ શરીર તથા મનની સંકીર્ણતા રૂપી દીવાલોથી મુક્ત હોય છે, તેથી તેઓ દેશકાળની મર્યાદાને ઓળંગીને સત્પાત્રોને પોતાની વિશાળ શક્તિનો લાભ આપતા રહે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## ★ જીવનનાં અદૃશ્ય રહસ્યો

યોગવાશિષ્ઠમાં એક ખૂબ મહત્ત્વનું ઉપાખ્યાન આવે છે. તે જીવનમાં અદૃશ્ય રહસ્યો અને મૃત્યુ પછીની જીવનપરંપરા પર પ્રકાશ પાડે છે, તેથી સમીક્ષકો તેને યોગવાશિષ્ઠનું સૌથી ઉપયોગી ઉપાખ્યાન માને છે. તેમાં નીચે પ્રમાણેનું વર્ણન છે –

એક વખતે આર્યાવર્તમાં પદ્મ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. લીલા નામની તેની ધર્મશીલ પત્ની તેને ખૂબ પ્રેમ કરતી હતી. જ્યારે તે મૃત્યુ વિશે વિચાર કરતી ત્યારે વિયોગની કલ્પનાથી ગભરાઈ જતી. બીજો કોઈ ઉપાય ન જણાતાં તેણે ભગવતીની ઉપાસના કરી અને એવું વરદાન મેળવ્યું કે જો તેના પતિનું પહેલાં મૃત્યુ થાય તો પતિની અંતરચેતના રાજમહેલમાંથી બહાર ન જાય. સરસ્વતીએ એવો પણ આશીર્વાદ આપ્યો કે તું જ્યારે ઇચ્છીશ ત્યારે તું તારા પતિ સાથે મુલાકાત કરી શકીશ. થોડા દિવસો પછી પદ્મનું મૃત્યુ થઈ ગયું. લીલાએ પતિના શબને સુરક્ષિત મુકાવીને ભગવતી સરસ્વતીનું ધ્યાન કર્યું. સરસ્વતીએ પ્રગટ થઈને કહ્યું કે બેટી, દુખ ના કરીશ. તારા પતિ અત્યારે અહીં જ છે, પરંતુ તે બીજી સૃષ્ટિમાં છે. તેમને મળવા માટે તારે પણ એ જ સૃષ્ટિવાળા શરીરમાં (માનસિક કલ્પના) પ્રવેશ કરવો જોઈએ.

લીલાએ પોતાના મનને એકાગ્ર કર્યું, પોતાના પતિનું સ્મરણ કર્યું અને પદ્મની અંતરચેતના જે લોકમાં હતી તેમાં પ્રવેશ કર્યો. લીલાએ ત્યાં જે કાંઈ જોયું તેનાથી તે ખૂબ આશ્ચર્યચકિત થઈ ગઈ. તે વખતે સમ્રાટ પદ્મ એ લોકના સોળ વર્ષના મહારાજ હતા અને એક વિશાળ રાજ્ય પર શાસન કરી રહ્યા હતા. લીલાએ પોતાના જ ઓરડામાં એટલું મોટું સામ્રાજ્ય અને એક જ ક્ષણમાં સોળ વર્ષ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પસાર થઈ ગયેલાં જોયાં. તેનાથી તે ખૂબ વિસ્મય પામી. ભગવતી સરસ્વતીએ તેને સમજાવ્યું -

**સર્ગે-સર્ગે પૃથગ્રૂપં સન્તિ સર્ગાન્તરાણ્યપિ ।**
**તેષ્વપ્યન્તઃ સ્થસર્ગૌધાઃ કદલીદલ પીઠવત્ ॥**

- યોગવશિષ્ઠ ૪/૧૮/૧૬-૧૭

**આકાશે પરમાણ્વન્તર્દ્રવ્યાદેરણુકેડપિ ચ ।**
**જીવાણુયત્ર તત્રેદં જગદ્વેત્તિ નિજં વપુઃ ॥**

- યોગવશિષ્ઠ ૩/૪૪/૩૪-૩૫

અર્થાત્ - હે લીલા ! જે રીતે કેળના થડમાંથી એક પછી એક પડ નીકળતાં જાય છે એ જ રીતે દરેક સૃષ્ટિમાં વિવિધ પ્રકારના સૃષ્ટિક્રમ વિદ્યમાન છે. આ રીતે એકની અંદર અનેક સૃષ્ટિઓનો ક્રમ ચાલે છે. સંસારમાં વ્યાપેલી ચેતનાના દરેક પરમાણુમાં જે રીતે સ્વપ્નલોક મોજૂદ છે એ જ રીતે જગતમાં અનંત પદાર્થોના અનંત પરમાણુઓની અંદર અનેક પ્રકારના જીવો અને તેમનાં જગત પણ મોજૂદ છે.

પોતાના કથનની પુષ્ટિ માટે એક જગત બતાવ્યા પછી કહ્યું કે દેવી, તારા પતિનું મૃત્યુ ૭૦ વર્ષની ઉંમરે થયું છે એવું તું માને છે. એની પહેલાં તારા પતિ એક બ્રાહ્મણ હતા અને તું તેમની પત્ની હતી. બ્રાહ્મણની ઝૂંપડીમાં તેનું શબ અત્યારે પણ હાજર છે એમ કહીને ભગવતી સરસ્વતી લીલાને વધારે સૂક્ષ્મ જગતમાં લઈ ગયાં. લીલાએ ત્યાં પોતાના પતિનું મૃતશરીર જોયું. તેમની તે જીવનની સ્મૃતિઓ પણ તેને તાજી થઈ ગઈ અને તેનાથી પણ મોટું આશ્ચર્ય એ થયું કે જેને તે ૭૦ વર્ષની ઉંમર સમજતી હતી તે અને એટલા જીવનકાળમાં બનેલી બધી ઘટનાઓ તે કલ્પના કુલ સાત દિવસ જેટલી હતી. લીલાએ જોયું કે તે સમયે તેનું નામ અરુંધતી હતું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક દિવસ એક રાજાની સવારી નીકળી. તેને જોઈને તેને રાજસી ભોગ ભોગવવાની ઈચ્છા થઈ. તે વાસનાના ફળસ્વરૂપે તેને લીલાનું સ્વરૂપ પ્રાપ્ત થયું અને રાજા પદ્મ, સાથે લગ્ન થયું. તે વખતે ભગવતી સરસ્વતીની પ્રેરણાથી રાજા પદ્મ જે બીજા કલ્પમાં હતો તેને ફરીથી પદ્મના રૂપમાં રાજ્ય ભોગવવાની વાસના જાગી. લીલાને એ જ વખતે ફરીથી પહેલાં જેવા ભોગની વાસનાએ પ્રેરિત કરી. એના પરિણામે તે પણ પોતાના વ્યક્ત શરીરમાં આવી ગઈ અને રાજા પદ્મ પણ પોતાના શબમાં પ્રવેશીને જીવતા થયા. પછી થોડા સમય સુધી તેમણે રાજ્યભોગ ભોગવ્યા અને અંતે તેમનું મૃત્યુ થઈ ગયું.

આ એક ઉપાખ્યાનથી આત્માની અપારશક્તિ, દેશકાળની સાપેક્ષતા, સંકલ્પની પ્રચંડ શક્તિ અને જગતની અનંતરૂપતા તથા રહસ્યમયતા એ બધા પર સારી રીતે પ્રકાશ પડ્યો છે. હજારો વર્ષો પછી પણ પિતૃસત્તાઓનું સક્રિય રહેવું તે દેશકાળની સાપેક્ષતા અને સંકલ્પશક્તિની પ્રખરતાનું પરિણામ છે. તેમનું સર્વવ્યાપી બની જવું અને વિશિષ્ટ શક્તિસંપન્ન થવું તે આત્મસત્તાના અપાર સામર્થ્ય પર પ્રકાશ પાડે છે તથા આ જગતમાં આપણી જ આસપાસ તેમની હાજરી જગતની રચનાની વિલક્ષણતાને પ્રગટ કરે છે.

સંકલ્પભાવના અને શ્રદ્ધાભાવના દ્વારા આ પિતૃસત્તાઓ સાથે સંપર્ક સાધી શકાય છે અને તેમનો લાભ લઈ શકાય છે.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પિતૃઓના સંપર્કથી લાભ જ થાય છે

વૉશિંગટનના એક ચર્ચમાં રેવરંડ આર્થર ફોર્ડનું ભાષણ હતું. મૃતાત્માઓને બોલાવીને જીવિત મનુષ્યો સાથે તેમનો સંબંધ સ્થાપવા માટે ભારતના અહમદનગરના શ્રી બી.ડી. ઋષિ અને તેમની ધર્મપત્નીની જેમ અમેરિકામાં તે વખતે ફોર્ડ પણ એટલા જ પ્રખ્યાત હતા. શ્રીમતી રૂથ મોન્ટગોમેરીએ ફોર્ડ વિશે અનેક વાતો સાંભળી હતી. તે અમેરિકાની પ્રખ્યાત સ્ત્રી હતી. જીન ડિક્સનના સંપર્કમાં આવ્યા પછી તે આત્મા, મૃત્યુ, પરલોક, પુનર્જન્મ વગેરે બાબતમાં ઊંડું સંશોધન કરી રહી હતી. એક દિવસ એક લાઈબ્રેરીમાં તેને શેરવૂડ એડીનું પ્રખ્યાત પુસ્તક 'મૃત્યુ પછી પણ તમે જીવતા રહેશો' વાંચવા મળ્યું. તેમાં ફોર્ડની સિદ્ધિઓની વિસ્તૃત ચર્ચા હતી. શ્રી એડી વિશ્વના પ્રખ્યાત લેખક હતા. પૂર્વે વાય.એમ.સી.એ.ના સ્થાપક પણ તેઓ જ હતા. આથી રૂથ મોન્ટગોમેરીએ નક્કી કર્યું કે જ્યારે એડીએ પણ ફોર્ડની સિદ્ધિઓને સાચી અને પ્રામાણિક માની છે, તો મારે પણ એમને મળીને અનેક હકીકતોની તપાસ કરવી જોઈએ. ત્યારથી તે ફોર્ડને મળવાનો પ્રયત્ન કરવા લાગી. સૌભાગ્યવશ ફોર્ડ પોતે જ આજે એક આધ્યાત્મિક ભાષણ આપવા માટે વૉશિંગટન આવ્યા હતા. શ્રીમતી રૂથને આ તક ગુમાવવાનું યોગ્ય ના લાગ્યું. તે ફોર્ડને મળ્યાં અને ચર્ચા કરવા માટે સમય માગ્યો. ફોર્ડે બે દિવસ પછી આવવાનું કહ્યું.

બે દિવસ પછી શ્રીમતી રૂથ નક્કી કરેલા સ્થળે ફોર્ડને મળ્યાં. તેમણે ફોર્ડને પૂછ્યું કે શું ખરેખર મૃત્યુ પછી જીવનનો અંત નથી આવતો ? શું આત્મા જીવતા મનુષ્યની જેમ પોતાનું કાર્ય કરતો રહે છે ?



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફોર્ડે જવાબ આપ્યો કે મર્યા પછી આત્માઓ બીજા લોકોમાં જઈને નિરંતર આધ્યાત્મિક ઉન્નતિ માટે પ્રયત્ન કરતા રહે છે. જ્યાં સુધી મોક્ષ નથી મળતો ત્યાં સુધી તેમનો એ પ્રયત્ન ચાલતો રહે છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે આત્માઓ બીજા લોકોને અને ખાસ કરીને સ્વજનોને સંદેશ પહોંચાડવા ઇચ્છે છે, પરંતુ એ સૂક્ષ્મ સંકેતોને બધા લોકો ઝીલી શકતા નથી, તેથી તેમના સંદેશા નકામા બની જાય છે, પરંતુ કેટલાક આત્માઓ એટલા બધા બળવાન હોય છે તેઓ પોતાની વાત કોઈક માધ્યમથી વ્યક્ત કરી દે છે અને લખી પણ શકે છે.

શ્રીમતી રૂથ સહેલાઈથી એ બધી વાતો માની લે એવાં નહોતાં. દરેક માણસના જીવનમાં એવી જિજ્ઞાસા જાગે છે, પરંતુ ચિંતનના અભાવે, વિશ્લેષણ અથવા પ્રમાણોના અભાવે તે રહસ્ય છતું થઈ શકતું નથી. એકવાર બાળક નચિકેતાને પણ આવી જ પ્રબળ જિજ્ઞાસા થઈ હતી. તેણે પણ યમાચાર્યને આવો જ પ્રશ્ન પૂછ્યો હતો -

**યે યપ્રેતે વિચિકિત્સા મનુષ્યે અસ્તીત્યેકે નત્યમસ્તીતિ ચાન્યે ।**
**એતદ્વિધામનુશિષ્ટ સ્ત્વયાહં વરાણામેષ વરસ્તૃતીયઃ ॥**

"હે આચાર્યદેવ, મરેલા મનુષ્યની બાબતમાં બહુ ભ્રમ છે. કેટલાક લોકો કહે છે કે મૃત્યુ થવા છતાં જીવ ટકી રહે છે. કેટલાક કહે છે કે તેનો નાશ થઈ જાય છે, તેથી આપ મને તેનો ચોક્કસ નિર્ણય કરીને જણાવો કે સત્ય શું છે?"

ત્યારે યમાચાર્યે નચિકેતાને યોગાભ્યાસ કરાવ્યો. તેના દ્વારા એણે જાણ્યું કે મૃત્યુ પછી જીવ કઈ રીતે યમલોક, પ્રેતલોક, વૃક્ષવનસ્પતિ વગેરે યોનિઓ તથા ભુવર્લોક વગેરેમાં જાય છે અને ત્યાંની પરિસ્થિતિનો વર્તમાનની જેમ ઉપયોગ કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફોર્ડે પોતાની વાત પૂરી કરી તો શ્રીમતી રૂથે તેમને પૂછ્યું કે શું તમે કોઈ એવા આત્માને બોલાવીને મારી સાથે તેનો પરિચય કરાવી શકશો કે જેને હું પહેલાંથી જાણતી હોઉં ? એનાથી મને સત્ય કે અસત્યની ખાતરી થશે.

ફોર્ડ એક સોફા પર આરામથી બેસી ગયા. તેમણે આંખો પર કાળો રૂમાલ બાંધી દીધો. રૂથે પૂછ્યું કે શું બત્તી હોલવી નાખું ? ફોર્ડે કહ્યું કે તેની કોઈ જરૂર નથી. થોડીવાર પછી એક અવાજ સંભળાયો. જો કે તે અવાજ ફોર્ડના મોંમાંથી જ આવતો હતો, પરંતુ તે એમના અવાજ કરતાં તદ્દન જુદો હતો. તેણે કહ્યું કે શ્રીમતી રૂથ, તમારા કાકા તમને મળવા માગે છે. તેમનું નામ ફ્રેન્ડ બેનેટ છે. ઘણા સમય પહેલાં તેઓ આફ્રિકામાં પાદરી હતા.

શ્રીમતી રૂથે કહ્યું કે ના, એ ખોટું છે. આવા નામના મારા કોઈ કાકા નહોતા અને હું એવા કોઈ માણસને જાણતી નથી. ત્યાર પછી માધ્યમે (ફોર્ડે) બોલવાનું શરૂ કર્યું કે તેઓ પણ તમને નથી જાણતા, પરંતુ તેમનું કહેવું છે કે તમારા પતિ તેમને ખૂબ સારી રીતે જાણે છે. તમારા પતિનું નામ બૉબ છે. તમે ઘેર જઈને તેમને પૂછજો. હવે લો, તમારા પિતાજી હાજર છે. તેઓ પોતાનું નામ ટ્રો કહે છે. આ સાંભળીને રૂથ ચોંકી ગયાં કારણ કે તેમના પિતાનું નામ ટ્રો જ હતું.

માધ્યમે આગળ બોલવાનું શરૂ કર્યું - શ્રીમતી રૂથ, તમારા પિતા તમને અને તમારી માતાને પ્યાર કરે છે. તેઓ જણાવે છે કે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે તમે એમની પાસે નહોતાં. તેઓ ખૂબ બીમાર હતા અને એકાએક તેમનું મૃત્યુ થઈ ગયું હતું. મર્યા પછી થોડીવારમાં તેમને પોતાના રોગની પણ ખબર ના રહી. તેઓ પોતાને સ્વસ્થ અનુભવી રહ્યા હતા. તેઓ કહે છે કે અહીં કોઈ પણ પ્રકારની બીમારી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નથી. માણસ હંમેશાં એક સરખી અવસ્થામાં જ રહે છે. તે નથી ઘરડો થતો, નથી બાળક હોતો કે નથી યુવક હોતો. તમારી માતા અત્યારે અહીં નથી. તે તમારાથી ઘણી દૂર છે. હજુ થોડા દિવસો સુધી આવે પણ નહિ. હું તેને જોઈ રહ્યો છું. તેના પગમાં કેટલાક દિવસથી દુખાવો થઈ રહ્યો છે.

ઉપરોક્ત બે આત્માઓ ઉપરાંત શ્રીમતી રૂથ સાથે બીજા પણ કેટલાક જાણીતા અને અજાણ્યા આત્માઓનો પરિચય કરાવવામાં આવ્યો. પોતાના પુસ્તક 'સત્યની શોધ' માં તેઓ લખે છે કે કેટલાક ઓળખીતા આત્માઓની વાતો એટલી સાચી હતી કે હું આશ્ચર્યચકિત ગઈ ગઈ. મારા પિતાજીએ જે વાતો જણાવી તે બધી સાચી હતી. તેઓ બીમાર હતા ત્યારે હું ખરેખર અખબારના કામ અંગે ઇજિપ્ત ગઈ હતી. ત્યાં જ મને તાર દ્વારા તેમના મૃત્યુની ખબર આપવામાં આવી હતી. હું બે દિવસ પછી આવી હતી. પિતાજી કોઈ બીમારીથી મર્યા હતા તે હું સારી રીતે જાણું છું.

સાંજે મેં મારી માતાને ટેલિફોન કર્યો તો તેમણે જણાવ્યું કે ખરેખર તેમના પગમાં કેટલાક દિવસથી દુખાવો થતો હતો, આથી તેમને પાછા આવવામાં ઘણો સમય લાગશે. એ જ રીતે બૉબે મને બતાવ્યું કે મારી માસી ફ્રેન્ડ બેનેટ નામના એક પાદરી સાથે પરણી હતી. તેઓ કોંગો (આફ્રિકા)માં રહેતાં હતાં.

આ બંને ઘટનાઓમાં શ્રીમતી રૂથે વર્તમાન સત્યોનો સ્વીકાર કર્યો છે. સાથે સાથે તેમણે લખ્યું છે કે જો મૃતાત્માઓ દ્વારા જણાવવામાં આવેલી ભૂતકાળ તથા વર્તમાનની વાતો સાચી હોય છે, તો તેઓ મૃત્યુ પછી પોતાના અસ્તિત્વ વિશે જે કાંઈ કહે છે તેને પણ સાચું માનવું જોઈએ. તેને ન માનવાના કારણે માનવસમાજ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાનું અહિત જ કરે છે કારણ કે એનાથી એક ખૂબ જરૂરી તથા ઉપયોગી હકીકત ઉપર પડદો પડી જાય છે.

'માધ્યમ' દ્વારા મારા પિતાએ કહ્યું હતું કે હું એક એવું રહસ્ય જણાવું છું કે જે વિશ્વની સૌથી મોટી જરૂરિયાત છે. તે એ છે કે અમે એક એવા સંસારમાં રહીએ છીએ, જેમાં સ્થૂળની જેમ બધું જ દશ્યમાન છે, બધું જ અનુભવગમ્ય છે. અહીં નિરંતર ઉન્નતિ થતી રહે છે. અમે શૂન્યમાં (વેક્યુમમાં) નથી રહેતા, પરંતુ અહીં બધાને મનોરંજનપૂર્વક રહેવું પડે છે. અહીં નવરા બેસી રહીને કોઈ પ્રસન્ન રહી શકતો નથી. હું સ્થૂળ શરીરથી કામ કરતો હતો તેનાથી વધારે કામ હું અત્યારે પણ કરી શકું છું. તું જાણે છે કે મને ગાવાનો શોખ હતો. અત્યારે પણ હું ગાવાનો અભ્યાસ કરી રહ્યો છું.

આ વાતો સાંભળનારને અટપટી લાગશે, પરંતુ ઘણા લાંબા સમયના અધ્યયન અને સંશોધન પછી મને એમની સચ્ચાઈમાં અવિશ્વાસ નથી રહ્યો. આ સત્યનો રૂથ મોન્ટગોમેરીએ સ્વીકાર કર્યો છે અને તેની સાથે અમેરિકાની એક જબરદસ્ત ઘટનાને જોડી છે, જેના વિશે ત્યાં ઘણા દિવસો સુધી હલચલ મચી હતી.

એ ઘટના પણ ફોર્ડે માધ્યમ દ્વારા બતાવી. જ્યારે શ્રીમતી રૂથને મૃતાત્માઓનો સંપર્ક કરાવવામાં આવ્યો હતો ત્યારે માધ્યમે (ફોર્ડે, જેઓ મૃતાત્માઓને બોલાવીને તેમની પાસેથી સંકેત પ્રાપ્ત કરીને રૂથને બતાવતા હતા) જણાવ્યું કે કોઈ જજ તમારી સાથે વાત કરવા માગે છે. તેઓ લેપ્ટે શહેરમાં તમારા ઘરની નજીક રહેતા હતા અને એક દિવસ અચાનક જ ગાયબ થઈ ગયા હતા. પાછળથી ખબર પડી કે ડૂબી જવાથી તેમનું મૃત્યુ થઈ ગયું હતું. તેમની સડેલી લાશ આજે પણ ત્યાં પડી રહી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રીમતી રૂથે ત્યારે તો એવું કહ્યું હતું કે મને એવા કોઈ પડોશીની ખબર નથી, પરંતુ ઘેર આવીને તેમણે લેપ્ટે કુરિયર જનરલના સંપાદકને ટેલિફોન પર પૂછ્યું તો તેણે જણાવ્યું કે હા, તમારા મકાનની પાસે પાર્કિન્સન નામના એક સજ્જન રહેતા હતા. તેઓ યુનાઈટેડ કોર્ટ ઑફ અપીલ્સમાં જજ હતા. તેઓ એકવાર એકાએક ગાયબ થઈ ગયા. સાત રાજ્યોના સંયુક્ત પ્રયત્નો બાદ પણ તેમનો પત્તો ના લાગ્યો. લેકશોર હોટલ પાસે મિશીગન સરોવરના કિનારે તેમનો ટોપો તથા છત્રી મળ્યાં હતાં, પરંતુ તેમના ડૂબીને મરી જવાની કોઈ સાબિતી ન મળવાના કારણે તેમની જગ્યાએ કોઈ કાયમી જજની નિયુક્તિ કરવામાં આવી નહોતી. તેમનો પગાર તેમના બેંકખાતામાં જમા કરાવવામાં આવે છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ હતી કે થોડાક દિવસો પછી તેમનું સડેલું શબ પાણીમાં તરતું જોવા મળ્યું. આ ઘટનાઓથી એ વાત સાબિત થાય છે કે જીવાત્મા નહિ, પરંતુ શરીર જ મરે છે અને મૃત્યુ પછી પણ જીવનના વિકાસનો ક્રમ બંધ થતો નથી. ગીતામાં ભગવાન કૃષ્ણે પણ આ જ વાત કરી છે –

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાય ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥**

અર્થાત્ આ આત્મા કદાપિ જન્મ લેતો નથી કે મરતો નથી. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. મરવું-જીવવું એ તો શરીરનો ધર્મ છે. શરીરનો નાશ થઈ જવા છતાં આત્માનો નાશ થતો નથી.

યોગવાશિષ્ઠમાં લખ્યું છે –

**ન જાયતે મ્રિયતે ચેતનઃ પુરુષઃ કુવચિત્ ।**
**સ્વપ્ન સંભ્રમવદ્ ભ્રાંતમેતત્પશ્યન્તિ કેવલમ્ ॥** ૩/૫૫/૬૭



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**પુરુષશ્ચેતના માત્રં સ કદા કુલેવ નશ્યતિ।**
**ચેતનવ્યતિરિક્તત્વે વદાન્યક્તિ પુભાન્ભવેત્ ॥** ૩/૫૪/૬૮

આત્મા કદાપિ જન્મ લેતો નથી અને મરતો નથી. ભ્રમવશ સ્વપ્ન જેવી સ્થિતિનો અનુભવ કરે છે. તે ચેતનમાત્ર છે, નષ્ટ થતો નથી. લાખો શરીરોનો નાશ થઈ જવા છતાં ચેતન આત્મા અક્ષય રહે છે.

વ્યક્તિ સુસંસ્કારી હોય તો એ જ અક્ષય આત્મા તેના મર્યા પછીના સમયમાં 'પિતર' રૂપમાં સક્રિય રહે છે તથા પોતાની ઉન્નતિ માટે પ્રયાસ કરતો રહેવાની સાથે આ પૃથ્વી પ્રત્યે રાગાત્મક સંબંધ રાખવાના કારણે અહીં પણ સ્વજનો કે સત્પાત્રોના આત્માની ઉન્નતિ માટે સદૈવ મદદ કરતો રહે છે. તે પિતૃઓનો સંપર્ક કરવાથી માણસને લાભ જ થાય છે, કોઈ નુકસાન થતું નથી.

એક જમાનામાં યોગ દ્વારા સૂક્ષ્મ શરીરના અદશ્ય જ્ઞાનને સ્થૂળ રૂપમાં લાવવાની વિદ્યા ભારતમાં ખૂબ પ્રચલિત હતી. લોકો જીવતા માણસોની જેમ પિતૃઓ સાથે સંબંધ સ્થાપી લેતા હતા. આજે પણ એ વિદ્યાના જાણકાર કેટલાક યોગીઓ છે, પરંતુ તેમનો દૃષ્ટિકોણ સાવ સ્વાર્થી અને વ્યાવસાયિક છે. તેમનામાં સંસારના કલ્યાણ તથા એક નવા વિજ્ઞાનની શોધનો ભાવ હોતો નથી. આ વિદ્યા ધીમે ધીમે પશ્ચિમમાં જઈ રહી છે. પાછલાં સો વર્ષોમાં ત્યાં આ બાબતમાં ઘણું સંશોધન થયું છે. મોટા મોટા પદાર્થવિજ્ઞાનીઓ માને છે કે મૃત્યુ પછી ચેતના બીજા કોષોમાં જળવાઈ રહે છે. પ્રો. કુક્સ, બ્રાંટન અને સર ઓલિવર લોજે આ વિષયમાં ઘણુંબધું લખ્યું છે.

દિવ્ય પ્રેતાત્માઓ પાસેથી દેવો જેવી મદદ મેળવી શકાય છે. તેમની શક્તિ ઓછી હોવા છતાં પણ સૂક્ષ્મ જગત સાથે તેમનો સંબંધ હોવાથી કેટલીક બાબતમાં તેમની મદદ એટલી બધી હોય છે કે તેમના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વજન તેનાથી આશાજનક લાભ મેળવી શકે છે. પ્રેતાત્માઓની મદદથી અનેક લાભ મળતા રહે છે.

વૈજ્ઞાનિકોમાં વિદ્વાન એવા સર વિલિયમ ક્રુક્સ અને સાર ઓલિવર લૉજની મૃતાત્માઓ સાથે સંપર્ક સ્થાપવાની શક્તિને આખી દુનિયામાં પ્રામાણિક માનવામાં આવે છે. તેમની ઉપર ગપ્પાંબાજીનો આરોપ મૂકી શકાય એવા તેઓ નહોતા.

સર ઓલિવર લૉજ બ્રિટનના પ્રખ્યાત વૈજ્ઞાનિક હતા. તેમને કેટલાંય વિશ્વવિદ્યાલયોએ ડિગ્રીઓ તથા સુવર્ણચંદ્રકો આપ્યા હતા. તેઓ બ્રિટિશ એસોસિયેશનના વડા હતા. ઈથર તત્ત્વનો પદાર્થની સાથે શો સંબંધ છે એ વિષય પર તેમણે કરેલી શોધને ખૂબ પ્રામાણિક માનવામાં આવે છે. તેમણે વિજ્ઞાન માટે આત્માના અસ્તિત્વના સંશોધનને પણ એક મહત્ત્વનું કાર્ય માન્યું હતું અને પોતે તેના સંબંધમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. એ માટે તેમણે 'સાઈકિક રિસર્ચ સોસાયટી'ની સ્થાપના કરી અને સખત મહેનત કરીને તેને ખૂબ સંશોધન કરી શકવા યોગ્ય બનાવી. સર ઓલિવર લૉજ પોતાની સંશોધક દૃષ્ટિનો ઉપયોગ કરીને આત્માના અસ્તિત્વ અને મરણોત્તર જીવનની યથાર્થતાનો સ્વીકાર કરવાની સ્થિતિએ પહોંચ્યા હતા. તેમણે પ્રેતાત્માઓ સાથે મુલાકાત કરવામાં અને તેમની સાથે સંપર્ક સાધવામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

તેમનો પુત્ર રેમન્ડ પહેલા વિશ્વયુદ્ધમાં માર્યો ગયો હતો. મૃતાત્મા સાથે સંપર્ક સાધીને તેના માધ્યમથી તેઓ અનેક ગુપ્ત માહિતીઓ પ્રાપ્ત કરવામાં સફળ થયા, જેની પાછળથી તપાસ કરતાં તે બિલકુલ સાચી સાબિત થઈ. તેમના સમકાલીન સર વિલિયમ ક્રુક્સે પોતાના પ્રેતાત્માઓ સંબંધી નિષ્કર્ષોનું વિવરણ 'રિસર્ચ ઈન ધ ફેનોમિનસ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઑફ સ્પિરિચ્યુઆલીઝમ' માં પ્રકાશિત કરાવ્યું છે. તેમાં સર ઓલિવર લૉજના શોધકાર્યનો ઉલ્લેખ છે.

સર ઓલિવર લૉજે સ્વર્ગીય આત્માઓના અસ્તિત્વ તથા કાર્યો સંબંધી માહિતી મેળવવા માટે એક સુવ્યવસ્થિત શોધસંસ્થાનની સ્થાપના કરી હતી. તેમાં ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયના સર અર્નેસ્ટ બેનેટ જેવા વિદ્વાન પણ જોડાયા હતા. તે શોધકાર્યોનું પ્રસારણ બ્રિટનના બી.બી.સી. પર થતું રહ્યું છે. સર લૉજે બ્રિટનના ખૂબ પ્રામાણિક લોકોનાં ભૂતોનું અસ્તિત્વ સાબિત કરતા અનુભવોનો સંગ્રહ એક પુસ્તકના રૂપમાં પ્રકાશિત કરાવ્યો હતો.

સ્વીડનના શરીરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર તથા ગણિતના ૧૮મી સદીના મોટા વિદ્વાન ઈમેન્યુઅલ સ્વીડનબર્ગે પરલોક વિદ્યા વિશે ઊંડી શોધ કરી હતી અને મૃતાત્માઓ સાથે સંબંધ સ્થાપવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. એકવાર હોલેન્ડના મૃત રાજદૂતની વિધવા પત્ની તેના પતિએ ક્યાંક મૂકી દીધેલા દસ્તાવેજો વિશે જાણકારી મેળવવા માટે તેમની પાસે ગઈ. સ્વીડનબર્ગે મૃતાત્મા સાથે સંબંધ સ્થાપીને તે દસ્તાવેજો જ્યાં મૂક્યા હતા તે ગુપ્ત સ્થાન બતાવી દીધું.

મનોવિજ્ઞાનના જન્મદાતા ફ્રેડરિક માયર્સે અંતરચેતનાના એક વિશેષ સ્તરનો સ્વીકાર કર્યો છે. 'સુપ્રાલિમિનલ સેલ્ફ'ની વ્યાખ્યા કરતાં તેમણે લખ્યું છે કે એ સ્તરનો વિકાસ મનુષ્યની અતીન્દ્રિય અનુભૂતિઓ કરાવી શકે છે. જેને બધા જાણતા નથી એવાં રહસ્યોને જાણી શકવાની ક્ષમતા મગજની પરિચેતનામાં બીજ રૂપે મોજૂદ રહે છે તેને સબલિમિનલ સેલ્ફ કહે છે. તેમણે પોતાના અનુભવોની ચર્ચા કરી છે. માનવીય ચેતનાની અંદર એક એવું તત્ત્વ છે, જેના દ્વારા દૂરની તથા ભવિષ્યમાં બનનારી ઘટનાઓની જાણકારી મળી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકે છે. ગુપ્ત રહસ્યોના પ્રકટીકરણ અને અશરીરી આત્માઓ સાથે સંબંધ જોડવાની સંભાવના એ ચેતના સ્તરમાં છે એવું તેમણે સ્વીકાર્યું છે.

રાજનેતા, વિદ્વાન, લેખક અને ભારતીભવન મુંબઈના સંચાલક સ્વર્ગસ્થ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પ્રેતાત્માઓ સંબંધી પોતાની અભિરુચિ તથા વિશ્વસનીયતાની ચર્ચા કરતાં લખ્યું છે -

માર્ચ ૧૯૩૦માં દાંડીયાત્રા પહેલાં મેં કાશ્મીર જવાનું નક્કી કર્યું હતું. મેં મારા આત્માને પૂછ્યું કે મારે જવું જોઈએ ? આત્માએ જવાબ આપ્યો, "ના, તમે જેલમાં જવાના છો." અને ખરેખર દાંડીયાત્રા શરૂ થઈ ગઈ, મેં સત્યાગ્રહ કર્યો અને ઉનાળાના દિવસો આર્થરરોડ જેલમાં પસાર કર્યા.

સંસારના બીજા કેટલાય આદરણીય મહાપુરુષોએ દિવંગત આત્માઓ સાથે સંપર્ક સાધવામાં સફળતા મેળવી છે.

'રિવ્યુ ઑફ રિવ્યુઝ' ના સંપાદક ડબલ્યુ. ટી. સ્ટેડ જેવા વિશિષ્ટ મનુષ્યોએ આત્મા સાથે સંપર્ક સાધવાની કળાને એક આદરપૂર્ણ વિષય બનાવી દીધો છે. 'શેરલોક હોમ્સ'ના લેખક સર આર્થર કોનન ડાયલ પણ મૃતાત્માઓ સાથે સંપર્ક સાધતા હતા. કહેવાય છે કે સન ૧૮૯૩માં પાદરી જે.એસ. બેરોસે સેન્ટ પોલ, બુદ્ધ, સોક્રેટિસ, જેરી ટેલર, જહોન મિલ્ટન, રોજર વિલિયમ્સ, લેસિંગ, અબ્રાહમ લિંકન, ટેનિસન, વ્હિટિયર અને ફિલિપ્સ સાથે સંપર્ક સાધ્યો હતો.

અલ્હાબાદથી પ્રકાશિત થતા 'લીડર' દૈનિકના સંપાદક સી.વાય.ચિંતામણિ ઘણીવાર એક આત્માના પ્રભાવમાં આવી જતા હતા. તેઓ પોતાની અંદર તે આત્માની હાજરીનો અનુભવ કરતા હતા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'એડવેન્ચર્સ ઑફ સ્પિરિચ્યુઆલિઝમ'ના લેખક મુંબઈ નિવાસી શ્રી પોસ્ટનજી ડી. મહાલક્ષ્મીવાલાએ ૩ સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ એક પ્રસિદ્ધ પરલોકવિદ્યાશાસ્ત્રી એવા અમેરિકાના ડૉ. પી. વેલ્સના આત્માનું એક કોરો કાગળ સામે મૂકીને આહ્‌વાન કર્યું. તે આત્માએ એ કાગળ પર હસ્તાક્ષર કર્યા. તેઓ જીવતા હતા ત્યારે કરેલા હસ્તાક્ષર સાથે મેળવવામાં આવ્યા તો તે એક સરખા જ હતા.

શ્રી પ્રોફેસર બી.ડી.ઋષિ ઇન્દોરમાં જજ હતા. તેમની પત્ની સુભદ્રાદેવીના મૃત્યુએ તેમનામાં મૃતપત્ની સાથે વાત કરવાની ઇચ્છા જાગ્રત કરી. તેઓ તેની પાછળ મંડી પડ્યા. એમાં તેઓ સફળ થયા. પછી તો આખું જીવન જ પરલોકવિદ્યાની પાછળ ખર્ચી નાખ્યું. તેમણે કેટલાય પિતૃઓને બોલાવીને ખૂબ મહત્ત્વની વ્યક્તિઓ સાથે વાર્તાલાપ કરાવ્યો હતો. તે પિતૃઓ ખૂબ જ અંગત હોય એવી બાબતો જણાવતા.

પ્રખ્યાત પત્રકાર તથા શિક્ષણશાસ્ત્રી શ્રી નારાયણ ચતુર્વેદીના સ્વર્ગસ્થ પિતા દ્વારકાપ્રસાદ ચતુર્વેદી પણ પિતૃસત્તાઓને બોલાવવાના પ્રયોગો કરતા હતા. એક મેજ પર તેઓ એક પંચપાત્ર તથા એક ચમચી મૂકતા. મૃતાત્માના આવતાં જ પંચપાત્ર આપોઆપ રણકવા લાગતું. પછી તેઓ પ્રશ્નો પૂછીને તેમના જવાબો મેળવતા.

મહાકવિ વિલિયમ બ્લેક વિશે કહેવાય છે કે તેઓ માઇકલ એંજેલો, મોજેન તથા ક્લિયોપેટ્રાના આત્માઓ સાથે રાત્રિના એકાંતમાં વાતચીત કરતા હતા.

જો યોગ્ય માધ્યમથી સંપર્ક કરવામાં આવે તો મર્યા પછી આત્માઓ યોગ્ય સલાહ આપે તથા મદદ કરી શકે છે એમાં શંકા નથી.

અમેરિકાના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન ઘણીવાર આત્મવાદી કુમારી નેટીકોલ બર્નને આદરપૂર્વક વ્હાઇટહાઉસમાં આમંત્રણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપતા હતા અને તેની સાથે રણનીતિ તથા બીજી મહત્ત્વની બાબતો વિશે ચર્ચા કરતા હતા. તે છોકરી પર કેટલાય પિતૃઓની છાયા રહેતી હતી. તેઓ ઘણાં રહસ્યપૂર્ણ તથ્યો જણાવતા હતા. લિંકને કેટલીયવાર તેમની મદદથી પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરી હતી અને જાસૂસો પણ ન શોધી શકે એવી રહસ્યપૂર્ણ બાબતોની માહિતી મેળવી હતી.

પિતૃઓ સાથે સંપર્ક સાધીને તેમની પાસેથી દૂરનાં સ્થળોએ બની રહેલી ઘટનાઓ તથા સૂક્ષ્મજગતમાં ચાલી રહેલી સંભાવનાઓને જાણી શકાય છે. આ જ રીતે શ્રેયસ્કર તથા કલ્યાણકારી સન્માર્ગની જાણકારી મેળવીને આત્મિક પ્રગતિની દિશામાં આગળ વધી શકાય છે. પિતૃઓની કૃપાથી ભૌતિક લાભ પણ મેળવી શકાય છે. એવી જાણકારી આપતી વખતે તેઓ પોતાના શ્રેષ્ઠ સંસ્કારોના કારણે યોગ્ય તથા અયોગ્ય બાબતો ઉપર પણ પ્રકાશ પાડે છે. આ રીતે એ શ્રેષ્ઠ ભાવનાઓ, વિચારો તથા ઇચ્છાવાળા શ્રદ્ધાસ્પદ પિતૃઓ સાથે સંપર્ક સાધવો દરેક રીતે લાભદાયક બને છે.

સામાન્ય મૃતાત્માઓ સ્વજનો, ભાઈભાંડુઓ તથા આત્મીયજનો સાથે જ સંબંધ રાખવા ઉત્સુક રહે છે. તેમની દુનિયા સીમિત હોય છે. તેમનું વર્તુળ તેમના ઘરપરિવાર સુધી જ સીમિત હોય છે. તેમની ઇચ્છાઓ પણ સીમિત અને સામાન્ય હોય છે. પોતાના પ્રિયજનોને મૃત્યુ પછી થોડા દિવસો સુધી મળતા રહેવું, તેમને નાની-મોટી માહિતી આપવી, તેમના પ્રત્યે પ્રેમ પ્રગટ કરવો, તેમની સાથે રહેવું અથવા તો સ્વજનો દ્વારા પોતાની કોઈ વાસના કે ઇચ્છા પૂરી કરાવી લેવી તે જ તેમનો ઉદ્દેશ્ય હોય છે. પ્રિયતમ પતિ કે પ્રિયતમા પત્ની સાથે સંપર્ક સાધતા કે પોતાના પ્રશંસકોને જવાબ લખાવતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મૃતાત્માઓ આ ભૂત અવસ્થામાં રહેતા હોય છે. થોડા સમય પછી તેમની આસક્તિનું કેન્દ્ર બીજું કોઈ બની જાય છે. કોઈ માધ્યમ દ્વારા તેમનો સંપર્ક કરવાથી થોડોક સંતોષ મળે છે, પણ તેનાથી આત્મકલ્યાણમાં કોઈ મદદ મળતી નથી. ભૂતો સાથેનો સંપર્ક આવો વ્યર્થ હોય છે.

પિતૃઆત્માઓ એમનાથી જુદા હોય છે તેઓ આત્મકલ્યાણ માટે માર્ગદર્શન તથા સલાહ આપે છે. તેમની પોતાની કોઈ વાસના હોતી નથી. એવા પિતૃઓના સંપર્ક પાછળ કોઈ ક્ષુદ્ર પ્રયોજન હોતું નથી. તેઓ તો સન્માર્ગ બતાવવા જ સંપર્ક કરે છે.

આત્મચેતનાના વિસ્તારની દૃષ્ટિએ આ પિતર આત્માઓ પણ બે પ્રકારના હોય છે. એક તો એવા, જે મૃત્યુ પહેલાંના પોતાના કુળ તથા વંશના સગાસંબંધીઓને જ આત્મીય માને છે, તેમને જ સલાહ તથા માર્ગદર્શન આપે છે અને લાભ પહોંચાડે છે. બીજા પ્રકારના ઉદાર પિતર આત્માઓ છે. તેમની આત્મીયતાનું વર્તુળ બહુ મોટું હોય છે. તેઓ સદ્ભાવનાવાળા તથા સત્કાર્યો કરતા બધા લોકોને પોતાના સગા માને છે. અગાઉના કોઈ પરિચય કે સંબંધની તેમને સહેજ પણ અપેક્ષા હોતી નથી. જે લોકો સન્માર્ગે ચાલનારા અને સારી ભાવનાવાળા હોય છે તેઓ બધા જ તેમના આત્મીય હોય છે. આવા પિતર આત્માઓ દરેક ઉત્કૃષ્ટ વ્યક્તિને મદદ કરવા માટે હંમેશાં તૈયાર રહે છે. તેઓ કોઈ પણ સત્પાત્રનો સંપર્ક કરવામાં સંતોષ તથા આનંદનો અનુભવ કરે છે.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આત્મીયજનોને પિતૃઓનું અનુદાન

સન ૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની ઠંડી રાત હતી. શ્રીમતી એકલે હડસન નદીના કિનારે આવેલા પોતાના મકાનની બાલ્કનીમાં ઊભી રહીને પોતાના પતિને રવાના થતો જોઈ રહી હતી. તે વિક્ટોરિયાકાળનું મકાન હતું, જે વર્ષોથી ખાલી પડી રહ્યું હતું. સાચું હોય કે ખોટું, પરંતુ દરેક માણસ એવું કહેતો હતો કે તે મકાનમાં ભૂત રહે છે. એકવાર ખેતરે જતી વખતે શ્રી એકલેની નજર તે મકાન પર પડી. તે ભૂતપ્રેતમાં માનતા ન હતા. તેઓ રોજ વિચારતા કે આટલું ભવ્ય મકાન ખાલી પડી રહ્યું છે એનું કારણ ફક્ત એટલું જ છે કે લોકો તેને ભૂતિયું માને છે. તેઓ દરરોજ તેને ખરીદવાનો વિચાર કરતા અને છેવટે એક દિવસ તે ખરીદી જ લીધું.

તે રાત્રે શ્રીમતી એકલેને લાગ્યું કે કોઈ તેમની ખૂબ નજીક ઊભું છે. તેનો શ્વાસ તેમની ગરદનને સ્પર્શી રહ્યો હતો. ભૂત સંબંધી બધી કલ્પનાઓ તેમના મનમાં આવી ગઈ. ગભરાઈને તે ભાગવા માટે જેવાં પાછળ ફર્યાં તો તેમણે જોયું કે એક છાયા તેમના માર્ગમાં ઊભી છે. તેણે મંદ અવાજે કહ્યું કે તમે ગભરાઈને ભાગશો નહિ. અત્યાર સુધી જેટલા લોકો આ ઘરમાં આવ્યા તેઓ ડરતા રહ્યા છે. ખરેખર અમારો ઉદ્દેશ્ય તો મનુષ્યોને મદદ કરવાનો તથા તેમની પાસેથી સહાનુભૂતિ મેળવવાનો છે. આવું સાંભળતાં શ્રીમતી એક્લેમાં હિંમત આવી. તેમણે પૂછ્યું કે તમે કોણ છો અને કેટલી વ્યક્તિઓ છો ? આ રૂપમાં તમારે શાથી ભટકવું પડે છે ? પેલી છાયાએ જવાબ આપ્યો કે અમે ત્રણ જણ છીએ. અમે તમારા વંશના જ છીએ. તમે અહીં આવ્યા તે કોઈ સંયોગ નથી. અમે એક્લેને વિચારરૂપમાં આપેલી પ્રેરણા જ તમને અહીં લાવી છે. મરણોત્તર જીવનમાં એક એવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોનિ હોય છે, જેમાં ઉચ્ચ અશરીરી આત્માઓ સહાયક આત્માના રૂપમાં સૂક્ષ્મ જગતમાં ફરતા રહે છે તથા બધાને મદદ કરતા રહે છે. જ્યારે આ મકાનને ભૂતિયું ગણવામાં આવ્યું ત્યારે તમને અહીં બોલાવી લેવાનું અમને યોગ્ય લાગ્યું. શ્રીમતી એકલે ઘણીવાર સુધી પોતાના પૂર્વજ પિતર સાથે વાતો કરતી રહી. વાતનો વિષય બદલીને તે કહેવાતા પ્રેતે હડસન નદીના સુંદર દૃશ્યની ચર્ચા શરૂ કરી. શ્રીમતી એકલે એટલી એકાગ્રતાથી તેને જોવા લાગી કે તેને ખબર પણ ન પડી કે પેલી છાયા ક્યારે ત્યાંથી જતી રહી.

આ ઘટના તે દિવસોમાં છાપાના સમાચારોનો વિષય બની ગઈ. તે 'રીડર્સ ડાયજેસ્ટ' ના મે ૧૯૭૦ના અંકમાં છપાઈ છે. તેમાં પ્રથમ મુલાકાત પછી તે સહયોગી આત્માઓ તરફથી મળેલી સહાયની ચર્ચા છે. આવી ઘટનાઓ આજના ભૌતિકવાદમાં ડૂબેલા મનુષ્યને મરણોત્તર જીવનની સચ્ચાઈ બતાવે છે.

એક ઉચ્ચશ્રેણી દેવોની હોય છે અને એક નીચલી શ્રેણી પ્રેતોની હોય છે. તે બંને વચ્ચેની શ્રેણી પિતરોની હોય છે એવો આપણાં શાસ્ત્રોનો મત છે. તેમના પ્રત્યે શ્રદ્ધા રાખવાનો અર્થ તેમનો સહયોગ તથા શુભેચ્છા પ્રાપ્ત કરવાનો છે, તેમનાથી ભયભીત થવાનો નહિ. ડરામણા કે હલકી પ્રકૃતિનાં ભૂતપ્રેત બહુ ઓછાં હોય છે. અતૃપ્ત ઇચ્છાઓ તથા વાસનાઓવાળાં ભૂતપ્રેત જ માણસોને હેરાન કરે છે. એ અશરીરી આત્માઓનું અસ્તિત્વ સાબિત કરતી ઘટનાઓ એ હકીકત સ્પષ્ટ કરે છે કે મર્યા પછી જીવનનો અંત આવી જતો નથી. એ પિતૃઓનું અસ્તિત્વ સાબિત કરવાની બાબતમાં ભારતીય તત્ત્વદર્શન ભૂતકાળથી જ પોતાની માન્યતાઓ પ્રતિપાદિત કરતું આવ્યું છે, પરંતુ જ્યારે આવી પ્રામાણિક ઘટનાઓ બને છે ત્યારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભૌતિકવાદીઓને મરણોત્તર જીવન તથા આસ્તિકતાનો સ્વીકાર કરવો પડે છે.

એકલે પરિવારે પડોશીઓની ધારણાથી વિપરીત એ જ ઘરમાં રહેવાનો નિર્ણય કર્યો. અવારનવાર ઘરના કોઈ ને કોઈ સભ્યને એ અદૃશ્ય આત્માઓની મુલાકાત થતી રહેતી. તેઓ પોતાની સહાયક મનોવૃત્તિનો પરિચય આપતા રહેતા.

કેટલીક્વાર તે પિતૃઓ મજાક પણ કરતા. કોઈ સભ્ય નાસ્તો કરતો હોય ત્યારે અજ્ઞાત છાયા પોતે છીનવી લેતી અને બધા એક સાથે હસી પડતા. એ પિતૃઓને સિંથિયા પ્રત્યે વધારે પ્રેમ હતો એવું લાગતું હતું. તે એકલેની મોટી પુત્રી હતી. જો તે વાંચવા માટે સવારે નક્કી કરેલા સમયે ના ઊઠે તો તેની પથારી જોરજોરથી હાલતી. જ્યાં સુધી તે ઊઠી ન જાય ત્યાં સુધી તે હાલતી રહેતી. રજાઓમાં સિંથિયાએ સૂતી વખતે પ્રાર્થના કરી કે કૃપા કરીને મને મોડે સુધી સૂવા દેજો. પેલા આત્માઓએ તેની વાત માની લીધી અને થાકી ગયેલી સિંથિયા મોડે સુધી સૂઈ રહી. સિંથિયાએ ઘણીવાર એક રાજકાલીન વેશભૂષામાં ફરતી સ્ત્રીની છાયાને પોતાના ઓરડામાં જોઈ હતી. સન ૧૯૭૬માં સિંથિયાના લગ્ન પછી શ્રીમતી એકલેએ તે ઓરડામાં પ્રવેશતાં જ અવાજ સાંભળ્યો કે અમારા તરફથી પણ સિંથિયા માટે એક ભેટ છે. તે આશીર્વાદના રૂપમાં તેને આપી દેજો. તેમણે એક કબાટ ખોલ્યું તો એમાં સુંદર નકશીકામ કરેલ ચાંદીની બે ચમચીઓ જોઈ. સિંથિયાને જ્યારે પુત્ર જન્મ્યો ત્યારે બીજા લોકોની ભેટસોગાદોની સાથે તેને પોતાના પિતૃઓ તરફથી સોનાની વીંટી મળી.

આ ઘટના એ પિતૃઓ દ્વારા આત્મીયતાના કારણે એકલે કુટુંબને કરવામાં આવેલી મદદ તથા સહાનુભૂતિ દર્શાવે છે. તે એ પરિવાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દ્વારા તેમના પ્રત્યે અભિવ્યક્ત કરવામાં આવેલી શ્રદ્ધાના મહત્ત્વનું પ્રતિપાદન કરે છે.

મૃતાત્મા દ્વારા આત્મીય સ્વજનોનો સંપર્ક સાધવાની બીજી એક ઘટના 'મૃત્યુ પછી માણસ જીવતો રહે છે' (મેન્સ સર્વાઈવલ આફટર ડેથ)માં એસ.પી.આર.ના અહેવાલમાંથી પાદરી સી.એચ. ટ્વીડેલે આપી છે.

આઈઓવા નગરમાં રહેતા એક ખેડૂત શ્રી મિખાઈલ કોનવેલનું મૃત્યુ થઈ ગયું. મિખાઈલ ખૂબ સંપન્ન માણસ હતો, પરંતુ તે હંમેશાં ગંદાં કપડાં પહેરતો હતો. તેનું મૃત્યુ પણ એ ગંદાં કપડાંમાં જ થયું. એક ખમીસ મહિનાઓથી ધોયું નહોતું. તે પહેરેલું હતું ત્યારે સંદિગ્ધ અવસ્થામાં તેનું મૃત્યુ થઈ ગયું. તે મૃત્યુની તપાસ કરનાર અધિકારીએ કહ્યું કે આનાં જૂનાં કપડાં અહીં મડદાઘરમાં કાઢીને ફેંકી દો અને તેને સ્વચ્છ કપડાં પહેરાવીને મારે ઘેર મોકલી દો. ખેડૂતના પુત્રે એવું જ કર્યું. સફેદ કપડાં પહેરાવીને લાશને પેલા ઑફિસરને ઘેર મોકલી દીધી. છોકરો જ્યારે પોતાને ઘેર પાછો ફર્યો ત્યારે તેણે પોતાની બહેનને બેહોશ થઈ ગયેલી જોઈ. ઘણીવાર પછી તે ભાનમાં આવી ત્યારે તેણે કહ્યું કે મેં હમણાં જ પિતાજીને સ્વચ્છ કપડાંમાં જોયા. એવાં કપડાં તેઓ કદાપિ પહેરતા નહોતા. તેઓ મને કહી રહ્યા હતા કે મારું જૂનું ખમીસ મડદાઘરમાં પડ્યું છે. તેમાં કેટલાંક બિલ અને પૈસા છે.

છોકરીની આ વાતને ઘરના અને પડોશના લોકોએ તે વખતે તો બકવાસ ગણી કાઢી, પરંતુ જ્યારે છોકરાએ જણાવ્યું કે હા, ખરેખર તેમનાં જૂનાં કપડાં ઉતારીને મડદાઘરમાં ફેંકી દેવામાં આવ્યાં છે ત્યારે તેમની આતુરતા વધી ગઈ. લોકો મડદાઘર ગયા. તે ખમીસ લઈને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોવામાં આવ્યું, તો તેમાં એક કોથળી સાચવીને મૂકેલી હતી અને તેમાં બિલ તથા પૈસા હતા. એ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાં હાજર રહેલા લોકોએ માન્યું કે મૃત્યુ પછી પણ ચેતના પોતાની બૌદ્ધિક ક્ષમતા સાથે જીવતી રહે છે તથા તે આત્મીયજનો સાથે સંપર્ક સાધીને તેમને જરૂરી સૂચનાઓ આપીને લાભ પહોંચાડે છે.

એ પિતર આત્માઓ પોતાના આત્મીયજનો પ્રત્યે પ્રેમ તથા આકર્ષણ અનુભવે છે, પરંતુ હીનતા તથા દુષ્ટતાથી મુક્ત હોવાના કારણે તેમનો એ પ્રેમ ભોગ તથા વાસનાપરક નહિ, પણ સહાયતાપરક હોય છે.

ભોગ માટે ઉત્સુક વાસનાની આગમાં તપતા મૃતાત્માઓ તો સ્વજનોને પોતાની હલકી ચેષ્ટાઓ દ્વારા હેરાન કરે છે અને તેમની ચેતના પર દબાણ કરીને તેમને અયોગ્ય કાર્યો કરવાની ફરજ પાડે છે. તે દુષ્ટ આત્માઓની ઇચ્છાઓ પણ ગંદી હોય છે કે મારું અમુક પ્રિયજન રોગી બનીને મરી જાય અને અકાળ મૃત્યુ તથા પ્રેતના આવેશના કારણે અમારા જ સમાજમાં ખેંચાઈ આવે, તો અમે વાસના તથા ભોગની કલ્પના સાથે સાથે કરી શકીએ.

સારા સંસ્કારવાળા પિતૃઆત્માઓ પણ આત્મીયજનો સાથે સંપર્ક સાધવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ ભૂતો કરતાં તેમનો ઉદ્દેશ્ય સાવ જુદો જ હોય છે. તેઓ સાચી સલાહ તથા વિવેકપૂર્ણ માર્ગદર્શન આપીને સાચો સાત્ત્વિક પ્રેમ વ્યક્ત કરે છે.

## ★ વણસાંભળેલી ચેતવણી

સ્કોટલેન્ડનો રાજા જેમ્સ ચોથો ઘણીવાર ઇંગ્લેન્ડ પર આક્રમણ કરતો હતો. છેલ્લા આક્રમણ પછી તેને એક પૂર્વજનો અદૃશ્ય આત્મા આભાસના રૂપમાં દેખાયો. તેણે ચેતવણી આપતાં કહ્યું કે હવે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભવિષ્યમાં જો તું આક્રમણ કરીશ તો તારે જીવ ખોવો પડશે. રાજાએ તે ચેતવણીની ઉપેક્ષા કરી અને ફરીથી આક્રમણ કર્યું. પરિણામ ચેતવણી પ્રમાણે જ આવ્યું. યુદ્ધના સ્થળે જ તેનું મૃત્યુ થઈ ગયું.

આવી જ એક ઘટના ફ્રાંસના સમ્રાટ હેનરી ચોથાની છે.

સમ્રાટ હેનરી ચોથો એક દિવસ સાંજના પોતાના બગીચામાં ભ્રમણ કરી રહ્યો હતો. ફરતાં ફરતાં તે થોડો આગળ જતો રહ્યો. આથી તેને પાછા ફરતાં મોડું થઈ ગયું. સૂર્યાસ્ત થઈ ગયો. અંધારું ઘેરાઈ ગયું.

એક પ્રકાશ જેવી છાયા તેને પોતાની આસપાસ ફરતી જણાઈ. હેનરી પહેલાં તો સહેજ ડરી ગયો, પણ તરત જ પોતાના મન પર કાબૂ મેળવીને પૂછ્યું કે તમે કોણ છો ? છાયાએ કહ્યું કે હું તમારો શુભેચ્છક અને આત્મીય છું. હું એ બતાવવા આવ્યો છું કે તમારી હત્યાનું ષડ્યંત્ર રચવામાં આવ્યું છે. તમને વહેલી તકે મારી નાંખવામાં આવશે, તેથી જો બની શકે તો બચવાની કોઈ વ્યવસ્થા અત્યારે જ કરી લો.

ઉત્સુકતાવશ હેનરીએ પૂછ્યું કે આપ પ્રેત શાથી થયા ? શરીર ન હોવા છતાં આપ આ વાત કઈ રીતે જાણી ગયા ? શું આપ ષડ્યંત્ર કરનારાઓને મારી ના શકો ?

એના જવાબમાં પ્રેતે કહ્યું કે શરીરનું મૃત્યુ થઈ જવા છતાં ઈચ્છારૂપી શરીર ઉત્તેજિત રહે છે. મારી સ્થિતિ પણ આવી જ છે. મોટાભાગનાં પ્રેત સ્વજનોનું ભલું કરવાનું જ વિચારે છે. હું તમારા શત્રુઓને જાણું છું, જેઓ તમારી હત્યા કરવા ઈચ્છે છે. તેની ચેતવણી આપવા જ હું આવ્યો છું. આટલું કહીને તે છાયા ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.

હેનરી ચોથાએ પોતાના બધા દરબારીઓને આ ઘટના સંભળાવી તો બધા હસી પડ્યા અને કહ્યું કે મહારાજ, આપે દિવાસ્વપ્ન જોયું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

હશે. આપની હત્યા કોણ કરે ? પરંતુ આખા ફ્રાંસે સાંભળ્યું કે તેના થોડા દિવસ પછી ખરેખર તેની હત્યા કરી નાખવામાં આવી.

## ★ ભયંકર આકૃતિવાળા પ્રેતાત્માએ ભલું કર્યું

ઉપરના કરતાં આ એક જુદી ઘટના છે. ઇંગ્લેન્ડના ડફરીન અને અવા રજવાડાંના સામંત લોર્ડ ડફરીન ભારતમાં વાઇસરૉય રહી ચૂક્યા હતા. તેમને કેનેડાના ગવર્નર જનરલ અને રોમના રાજદૂત રહેવાનું સૌભાગ્ય પણ મળ્યું હતું. સન ૧૮૫૧માં તેઓ પેરિસના રાજદૂત નિમાયા. એક દિવસ તેમના એક મિત્રએ તેમને આયર્લૅન્ડમાં મિજબાની આપી. રાતના બાર વાગ્યા સુધી ભોજનનો કાર્યક્રમ ચાલ્યો. ત્યાર પછી તેમના માટે સુંદર સજાવટ કરેલા એકાંત ઓરડામાં આરામ કરવાની વ્યવસ્થા કરવામાં આવી. લોર્ડ ડફરીન સૂવા ગયા એટલામાં જ આખો ઓરડો તીવ્ર પ્રકાશથી ભરાઈ ગયો. તે દિવસે પૂર્ણિમા હતી. બહાર ચંદ્રમા પ્રકાશી રહ્યો હતો, પરંતુ ઓરડાનાં બધાં બારીબારણાં પર પડદા પાડેલા હતા, તેથી અંદર પ્રકાશ જવાની કોઈ શક્યતા ન હતી. વીજળીના બલ્બ બંધ હતા. લોર્ડ ડફરીનને શંકા ગઈ. તેઓ ઉઠ્યા અને ચારેબાજુ નજર કરી કે ક્યાંક કોઈક ગરબડ તો નથી ને ? ફરી તેઓ સૂઈ ગયા ત્યારે પણ પહેલાંના જેવો તીવ્ર પ્રકાશ જણાયો. તેઓ જાગતા જ હતા અને પૂરા ભાનમાં હતા. પછી ઊભા થઈને બારીમાંથી જોયું, તો થોડેક દૂર એક આકૃતિ પોતાના ખભા પર શબ લઈ જવાના કોફીન જેવો ભાર લઈને ઊભેલી દેખાઈ. તે કણસી રહી હતી. તેને બોજ ઊંચકી જવામાં કષ્ટ પડતું હોય એવું લાગતું હતું.

તે જમાનામાં પ્રયોગશાળાઓ માટે શબોની ખૂબ જરૂર પડતી હતી. વૈજ્ઞાનિકો મોં માગ્યા પૈસા આપતા હતા, તેથી ફ્રાંસમાં મડદાંની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચોરીઓ થવા લાગી હતી. ડફરીનને લાગ્યું કે પેલો પણ મડદાંચોર હશે. તેઓ સાહસ કરીને તેના તરફ ગયા અને તેને પૂછ્યું કે તું કોણ છે ? પેલી આકૃતિએ તેમના તરફ ઘૂરકીને જોયું, તો તેઓ સ્તબ્ધ થઈ ગયા. લોર્ડ ડફરીને એવો ભયંકર ચહેરો પહેલાં કદાપિ જોયો ન હતો, એમ છતાં સાહસ કરીને તેઓ તેના પર આક્રમણ કરવા માટે આગળ વધ્યા તો તે આકૃતિ અદૃશ્ય થઈ ગઈ. હવે ત્યાં કોઈ નહોતું. ટોર્ચની મદદથી દૂર સુધી જોયું, પરંતુ જમીન પર કોઈ પગલાં પણ જોવા ના મળ્યાં. આથી લોર્ડ ડફરીનને જરા ડર લાગ્યો. આ એક ભૂલી ના શકાય તેવી ઘટના હતી. તેઓ પોતાના ઓરડામાં પાછા ફર્યા અને પોતે જે કાંઈ જોયું તે ડાયરીમાં લખી લીધું. પછી તેઓ આખી રાત સૂઈ ના શક્યા. થોડા દિવસો પછી તે વાત ભૂલી ગયા.

થોડાંક વર્ષો વીતી ગયાં. તેઓ પેરિસમાં રાજદૂત જ હતા. એક દિવસ બધા રાજનૈતિક લોકોને ભોજન આપવામાં આવ્યું. પેરિસની ગ્રાંડ હોટલમાં તેની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમય થતાં બધા લોકો હોટલ આગળ ભેગા થયા. ઉપર હોટલ સુધી જવા માટે લિફ્ટ તૈયાર હતી. લોર્ડ ડફરીનના ઉચ્ચ હોદ્દાને કારણે બધા તેમની રાહ જોતા હતા.

તેઓ આવ્યા અને જેવા લિફ્ટની પાસે ગયા કે તરત જ ત્યાં વર્ષો પહેલાં જોયેલી પેલી ભયાનક આકૃતિ તેમને દેખાઈ. તે દિવસની ઘટના એક સેકંડમાં તેમના મગજમાં ફરી વળી. તેઓ પાછા ખસી ગયા. પોતાના સેક્રેટરીને પોતે ભોજનમાં નહિ આવે તેવું કહીને તેઓ તરત જ હોટલના મેનેજર પાસે ગયા અને પૂછ્યું કે લિફ્ટ પર કોને નિયુક્ત કરવામાં આવ્યો છે ? મેનેજર જવાબ આપે એ પહેલાં ધડામ્ કરતો એક અવાજ આવ્યો. બધા લોકો લિફ્ટ તરફ દોડ્યા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો જોયું કે તે અડધેથી કપાઈને તૂટી પડી હતી. તેમાં બેઠેલા લોકો મરી ગયા, પરંતુ ડફરીન બચી ગયા. ફ્રાંસનાં બધાં છાપાંઓમાં આ સમાચાર છપાયા અને તેમણે સ્વીકાર્યું કે ભૂત જેવી સત્તા ખરેખર છે ખરી. તેનું પણ કોઈક વિજ્ઞાન હશે. લૂઈ આન્સ્પેચરે આ ઘટના 'રીડર્સ ડાયજેસ્ટ' માં છાપી હતી.

પેલી ભયાનક આકૃતિવાળા પ્રેતાત્માએ ડફરીનને આયર્લેન્ડમાં અશુભ સ્થિતિમાં દેખો દીધો, છતાં પણ તેનું કોઈ અનિષ્ટ ના કર્યું. એનાથી એવું લાગે છે કે બીજાઓ માટે તે પ્રેતાત્મા અશુભ રહ્યો હશે, પરંતુ ડફરીન માટે તેમના મનમાં આત્મીયતાનો ભાવ હતો.

પેરિસની ગ્રાંડ હોટલમાં તે છાયારૂપમાં જ લીફટમેનની નજીક હાજર રહ્યો હશે. બીજા લોકોને તે ભયાનક આકૃતિ ન દેખાઈ, માત્ર લોર્ડ ડફરીનને જ દેખાઈ. આનો અર્થ એ છે કે તે પોતાની ભયાનક પ્રવૃત્તિઓમાં કોઈ કારણવશ લાગેલો રહેવા છતાં પણ ડફરીનને ચેતવવા ઇચ્છતો હતો. પ્રેતવિદ્યાના કેટલાક વિશારદોના મત પ્રમાણે તે કોઈ ઉમરાવ કુટુંબનો જ ક્રૂર કર્મો કરનાર પૂર્વજ હશે. મર્યા પછી પણ તેને એવી ભયંકર જવાબદારી સોંપવામાં આવી હશે. શ્રી લેડવીટરે પણ તેમના પુસ્તક 'ઇનવિઝિબલ હેલપર્સ' માં લખ્યું છે કે જે આત્માને જે કાર્ય વધારે અનુકૂળ લાગે છે તેને પરલોકમાં પણ એવી જ જવાબદારીઓનું પ્રશિક્ષણ આપીને એવી જ ભૂમિકા સોંપવામાં આવે છે. પોતાની જવાબદારીથી બંધાયેલા તે ક્રૂરકર્મી પિતરે ડફરીનને ચેતવીને તેનું હિત જ કર્યું હતું. ડફરીન તે ચેતવણી કે સંકેતને સમજી ગયા. તેમણે તેની ઉપેક્ષા ના કરી, તેથી તેમને લાભ જ થયો. તે આકૃતિ એટલી ભયંકર હતી કે ડફરીન ગભરાઈ જાય તે સ્વાભાવિક હતું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## ★ મમતાભર્યું માર્ગદર્શન

શ્રી લેડવિટરે પોતાના પુસ્તક 'ઇનવિઝિબલ હેલ્પર્સ'માં લંડનના પાદરી ડૉ. જહૉન મેસન નીલનું એક સંસ્મરણ નોંધ્યું છે કે એક સ્ત્રી પોતાનાં બે બાળકોને મૂકીને મરી ગઈ. થોડા દિવસો પછી તેનો પતિ બંને બાળકોને લઈને પોતાના એક મિત્રના ઘરે ગયો. બંને મિત્રો વાતોએ વળગ્યા. બાળકો રમતાં હતાં.

રમતાં રમતાં બાળકો તે મકાનના એક અવાવરુ ખૂણામાં આવેલી સીડી તરફ ગયાં. તે સીડી ભોંયરા તરફ જતી હતી. બાળકો નીચે ઊતરી રહ્યાં હતાં. એટલામાં જ તેમને તેમની માતા દેખાઈ. તેણે એમને કહ્યું કે ત્યાં ના જશો. ચાલો, ઉપર જાઓ. માની વાત સાંભળીને તે બાળકો ઉપર આવ્યાં. અચાનક બંને મિત્રોનું ધ્યાન તેમના તરફ ગયું. પેલો મિત્ર ગભરાઈ ગયો કે બાળકો ક્યાંક ભોંયરા તરફ તો નથી ગયાં ને ? તે બંને જણ પેલા ખૂણા તરફ ગયા ત્યારે બાળકો સીડી પરથી મળ્યાં. ભોંયરામાં એક જૂનો કૂવો હતો. સીડી તે તરફ જ જતી હતી. બાળકો જો સીડી ઊતરી જાત તો કૂવામાં પડી જાત અને મરી જાત. એટલે પેલો મિત્ર ગભરાઈને તે તરફ દોડવા લાગ્યો. છોકરાઓએ કહ્યું કે હમણાં જ ત્યાં અમને મા મળી અને તેણે અમને ઉપર જવાનું કહ્યું અને પછી એકદમ ક્યાંક જતી રહી.

આવા શુભ આશયવાળા આત્માઓ દ્વારા પોતાના આત્મીયજનોને માર્ગદર્શન આપવા માટે એમની ઉપર પોતાની આત્મીયતાપૂર્ણ છાયા બનાવી રાખી હોય એવાં અનેક ઉદાહરણો છે. એવી હજારો પ્રામાણિક ઘટનાઓ જોવા મળી છે, જે મર્યા પછી જીવનનું તથા ઉદાર આત્માઓ દ્વારા સ્વજનોને માર્ગદર્શન આપવાનું અને તેમનું સંરક્ષણ કરવાનું વિવરણ રજૂ કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નેપોલિયન જ્યારે સેન્ટ હેલેના ટાપુ પર હતો ત્યારે તેને પણ એક પિતૃએ તેના મૃત્યુની સૂચના આપી હતી. તેના સાથીઓએ તેને સાચી માની નહોતી, પરંતુ અંતે નેપોલિયનનું મૃત્યુ પ્રેતે બતાવેલા સમયે અને એવી જ પરિસ્થિતિમાં થયું હતું. એ પિતરને કદાચ નેપોલિયન પ્રત્યે વિશેષ આકર્ષણ હતું.

અનેક સિદ્ધપુરુષો પોતાના શિષ્યોને દૂર હોવા છતાં પોતાની સૂક્ષ્મ સત્તા દ્વારા મદદ કરે છે. આર્યસમાજના પ્રખ્યાત સંત સ્વ.શ્રી આનંદસ્વામીના પુત્ર રણજિતે પોતાના એક લેખમાં જણાવ્યું છે કે તેના પિતાજી જીવતા હતા ત્યારે એકવાર તે વિદેશમાં હતો. તે વખતે તેના પિતાજીએ તેને ચેતવણી આપીને એક ઊંડા ખાડામાં પડતાં બચાવ્યો હતો. બીજા કેટલાય અવસરે પણ તેના પિતાએ તેને માર્ગદર્શન આપ્યું હતું તથા મદદ કરી હતી. જો કે તે વખતે તેઓ સેંકડો માઈલ દૂર હતા.

પોતાની વિકસિત થયેલી આત્મિક શક્તિનો આવો લાભ સિદ્ધ પુરુષો આત્મીયજનોને વગર માગ્યે આપતા રહે છે. પિતૃઓ પણ આવું કરે છે. આવા શરીરધારી તથા અશરીરી ઉચ્ચ આત્માઓ પ્રત્યે શ્રદ્ધાભાવ રાખવો યોગ્ય તથા જરૂરી પણ છે.

ખૂબ ઉચ્ચકોટિના પિતર આત્માઓ તો જીવતા મહાયોગીઓની જેમ ઉદાત્ત હોય છે. તેમના માટે પોતાના – પારકાનો કોઈ ભેદભાવ હોતો નથી. જ્યાં પણ પાત્રતા કે જરૂરિયાત જણાય ત્યાં તેઓ પોતાની કૃપા વરસાવે છે. એ માટે અનુકૂળ બનવાની, ઉત્કૃષ્ટ જીવન જીવવાની અને ગાઢ શ્રદ્ધાભાવ રાખવાની જરૂર હોય છે.

મૃત્યુ પછી પણ જીવનનું અસ્તિત્વ ટકી રહે છે. મોટી ઉંમરે મૃત્યુ થતાં ચેતના થોડા સમય માટે વિશ્રામ કરે છે. જેવી રીતે આખા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવસનો થાકેલો માણસ ઘસઘસાટ ઊંઘી જાય છે પછી તેને નવી તાજગી મળી જાય છે, એ જ રીતે મર્યા પછી જીવ તેની અવસ્થા પ્રમાણે બે મહિનાથી માંડીને બે વર્ષ સુધી આરામ કર્યા પછી નવો જન્મ ધારણ કરી લે છે, પરંતુ ઘણીવાર આત્માને બરાબર ઊંઘ આવતી નથી, અફીણિયા અને દારૂડિયા લોકોને ઘસઘસાટ ઊંઘ આવતી નથી. એવા લોકોને મૃત્યુ પછી પણ બરાબર ઊંઘ આવતી નથી અને તેઓ નવો જન્મ લે ત્યારે પણ થાકેલા જેવા અને અસ્તવ્યસ્ત હોય છે. જેમને ગાઢ ઊંઘ આવી જાય છે અને જેમનું મન શુદ્ધ અને પવિત્ર હોય છે તેઓ બીજા જન્મે બચપણથી જ પૂર્વજન્મની સ્મૃતિઓને દોહરાવે છે.

જેમની ઇન્દ્રિયવાસનાઓ પ્રબળ હોય છે અથવા તો જેમની હત્યા થાય છે કે આત્મહત્યા કરે છે તેઓ નીચોવી નાખેલા મધપુડા જેવા હોય છે. મધપુડાને તોડીને મૂકી રાખવામાં આવે તો તેમાંનું મધ આપોઆપ ટપકી જાય છે. તે એકદમ શુદ્ધ હોય છે, પરંતુ નીચોવવાથી તેમાં મીણ તથા બીજા અંશો પણ આવી જાય છે. એ જ રીતે આવા અકાળ મૃત્યુમાં સ્થૂળ અવયવો પણ જળવાઈ રહે છે. એવા જ આત્માઓ પ્રેત, પિશાચ, ભૂત, વેતાળ, કિન્નર તથા યક્ષ બને છે. કબ્રસ્તાનમાં તેઓ પોતાના શબ અથવા તો જેમના પ્રત્યે આસક્તિ હોય છે તેમની આસપાસ આંટાફેરા કરે છે. જેમના શરીરમાં આગ્નેય અણુઓ વધારે હોય છે તેમની પાસે એવા ગંદા આત્માઓ જઈ શકતા નથી. જ્યારે તેમની ઊંઘ પૂરી થાય છે ત્યારે તેઓ પોતાની આસક્તિને અનુરૂપ નિમ્ન યોનિઓમાં જતા રહે છે.

વિશ્રામ કર્યા પછી દેવઆત્માઓ અથવા જેમની ગતિ ઊર્ધ્વમુખી કાર્યોમાં હોય છે, જેમના શરીરનો આણવિક વિકાસ પ્રકાશપૂર્ણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈ ગયો હોય છે તેઓ દિવ્યલોકમાં જતા રહે છે. જ્યાં સુધી એમને ત્યાં રહેવાની ઈચ્છા હોય છે ત્યાં સુધી ત્યાં રહે છે. પછી પોતાની ઈચ્છા પ્રમાણે સારાં ઘરોમાં જન્મ લઈને લોકસેવા, પુણ્યપરમાર્થ, નેતૃત્વ વગેરે જવાબદારીઓ સંભાળે છે, પરંતુ જેમનું મન અશુભ સંસ્કારોવાળું હોય છે તેઓ નીચલા લોકમાં રહી હલકી યોનિમાં જાય છે. આ રીતે સંસારમાં આ ગુણકર્મનો પ્રવાહ આપોઆપ જટિલ રૂપે ચાલતો રહે છે.

જેમની ગતિ ઊર્ધ્વમુખી હોય છે તેઓ પિતર આત્માઓ કહેવાય છે. જેઓ ઘણીવાર લાંબા સમય સુધી પણ વિશ્રામ કરે છે.તે દરમ્યાન તેઓ પોતે તો પ્રકાશપૂર્ણ વાતાવરણમાં રહે છે, પરંતુ સાથે સાથે બીજા સ્વજનો અથવા તો જેમના પ્રત્યે તેમના મનમાં આકર્ષણ હોય છે તેમને પણ સમય સમય પર પ્રકાશપૂર્ણ માર્ગદર્શન તથા અનુદાન આપતા રહે છે.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રગતિમાર્ગના પથદર્શક - પિતર

ઉદાત્ત આત્માઓ પિતર રૂપમાં બધા સુપાત્ર લોકોને મદદ કરવા માટે હંમેશાં તૈયાર રહે છે. તેમની આત્મીયતાનું વર્તુળ ખૂબ મોટું હોય છે. એ પિતૃસત્તાઓ સંબંધ નહિ, પરંતુ પાત્રતા જુએ છે. તેઓ સત્પાત્રોને ઓળખતા જ હોય છે અને બીજાઓને તેઓ પોતાનો પરિચય આપવા ઇચ્છતા નથી. તેઓ તો સુપાત્રોને કલ્યાણના માર્ગે વાળી દેવાને જ પોતાનું કર્તવ્ય માને છે. ગોસ્વામી તુલસીદાસજીને એક પિતરસત્તાએ જ શ્રી હનુમાનજી તથા ભગવાન રામના દિવ્યદર્શનની વિધિ બતાવી હતી અને તેમને એક અનાથ બાળકમાંથી એક મહાન ભક્ત, મહાકવિ અને સંત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

થિયોસોફિકલ સોસાયટીનાં સ્થાપક મેડમ બ્લેવેટસ્કીને ચાર વર્ષની ઉંમરથી જ પિતર આત્માઓનો સહયોગ મળવા લાગ્યો હતો. તે અચાનક આવેશમાં આવીને એવી તથ્યપૂર્ણ વાતો કહેતાં કે જે કોઈ વિશેષજ્ઞ જ કહી શકે. કુટુંબના સભ્યો શરૂઆતમાં તો તેમને પાગલ માનવા લાગ્યા, પરંતુ જ્યારે તેમની સાથે દેવાત્માઓના સંપર્કનાં પ્રમાણ જોવા મળ્યાં ત્યારે તેમની વિશેષતાનો સ્વીકાર કરવો પડ્યો.

એકવાર એક પ્રેતાત્માએ તેમણે પહેરેલાં કપડાં મજાક કરવા માટે પથારી સાથે સીવી દીધાં હતાં. બીજા લોકોએ જ્યારે તે સિલાઈ ખોલી ત્યારે તેઓ ઊઠી શક્યાં. એકવાર કર્નલ હેનરી આલ્કોટ તેમને મળવા આવ્યા ત્યારે તેઓ મશીન પર ટુવાલ સીવી રહ્યાં હતાં. તે વખતે ખુરસી સાથે તેઓ પોતાનો પગ અથડાવી રહ્યાં હતાં. આલ્કોટે તેમ કરવાનું કારણ પૂછ્યું, તો તેમણે કહ્યું કે એક નાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રેતાત્મા મારાં કપડાં ખેંચે છે અને કહે છે કે મને પણ કંઈક કામ આપો. કર્નલે મજાકમાં કહ્યું કે તેને કપડાં સીવવાનું કામ કેમ નથી આપી દેતાં ? બ્લેવેટસ્કીએ કપડાં ભેગાં કરીને કબાટમાં મૂકી દીધાં અને તેમની સાથે વાતો કરવા લાગ્યાં. વાતો પૂરી થઈ ત્યારે તેમણે કબાટ ખોલ્યું, તો જે કપડાં સીવવાનાં બાકી હતાં તે બધાં સીવાઈને તૈયાર હતાં.

મેડમ બ્લેવેટસ્કીના કહેવા પ્રમાણે તેમની સહકારી મંડળીમાં સાત પ્રેત હતાં. તેઓ યથાસમયે તેમને જરૂરી સલાહસૂચન આપતાં અને ભરપૂર મદદ કરતાં હતાં. કર્નલ આલ્કોટ અમેરિકાના સન્માનનીય નાગરિક અને પ્રખ્યાત વકીલ હતા. તેઓ મેડમ બ્લેવેટસ્કીથી અત્યંત પ્રભાવિત થઈને તેમના આધ્યાત્મિક કાર્યમાં હંમેશાં ખૂબ મદદ કરતા.

બ્લેવેટસ્કી એકવાર તેમના સંબંધીઓને મળવા માટે રશિયા ગયાં. ત્યાં રહેતા તેમના ભાઈએ પણ તેમની દિવ્યશક્તિની વાતો સાંભળી હતી. તેણે ફક્ત એટલું જ કહ્યું કે તેઓ માત્ર મારાં બહેન હોવાના લીધે હું તેમની વાતો પર વિશ્વાસ ના કરી શકું. મેડમે પોતાના ભાઈને એક હલકું મેજ લાવવાનું કહ્યું.ભાઈ તે લઈ આવ્યો. પછી તેને કહ્યું કે હવે તું જ્યાંથી મેજ લાવ્યો છે ત્યાં તેને પાછું મૂકી આવ. ભાઈએ ખૂબ જોર કર્યું, પણ તે એટલું બધું ભારે થઈ ગયું હતું કે તે ઊંચકી ના શક્યો. ઘરના બીજા બધા સભ્યો પણ આવી ગયા, છતાં તેમનાથી તે ટેબલ ના ઊંચકાયું. જ્યારે તેઓ થાકીને હારી ગયા ત્યારે મેડમે તેને પહેલાં જેવું હલકું કરી દીધું. તેને સહેલાઈથી તેની જગ્યાએ મૂકી દેવામાં આવ્યું.

અશરીરી આત્માઓનું અસ્તિત્વ હોવું અને તેમના દ્વારા મનુષ્યોને મદદ મળવી તે એક હકીકત છે. ડરામણાં અને હલકી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકૃતિનાં પ્રેત બહુ ઓછાં હોય છે. સામાન્ય રીતે ઉચ્ચ આત્માઓ માણસોને મદદ જ કરે છે અને પોતાની ઉચ્ચ પ્રકૃતિના કારણે બીજાઓને આગળ વધારવા તથા જોખમથી બચાવવા પૂર્વ સંકેત પણ કરે છે. જેમ ઉદાર માણસ બીજાઓની સેવા તથા મદદ કરવા માટે હંમેશાં તૈયાર રહે છે એ જ રીતે સૂક્ષ્મ શરીરધારી આત્માઓ પણ લોકોને ઉપયોગી જ્ઞાન આપવા માટે અથવા શરીર છૂટી ગયા પછી પણ આત્માનું અસ્તિત્વ ટકી રહે છે તેની ખાતરી કરાવવા માટે વ્યાવહારિક મદદ કરતા રહે છે.

મહાન સંત સોક્રેટિસ વિશે કહેવાય છે કે શરૂઆતમાં તેમને ધર્મકર્મ તથા અદૃશ્ય જીવન પર જરાય વિશ્વાસ ન હતો. એક દિવસ તેમને એક પ્રેત મળ્યું. તેણે અતીન્દ્રિય શક્તિનો વિકાસ કરવા માટે તેમને ભગવદ્ભજન કરવાની સલાહ આપી. થોડાક સમયમાં જ સોક્રેટિસમાં તે શક્તિનો વિકાસ થઈ ગયો. પેલું પ્રેત તેમને આજીવન વિશિષ્ટ બાબતોની માહિતી તથા સલાહ આપતું રહ્યું. તેનાથી સોક્રેટિસ હજારો લોકોનું કલ્યાણ કરતા. તેમણે પોતાના મિત્રોને પણ પ્રેતવાળી વાત કરી હતી, પરંતુ તેઓ પ્રેતને જોઈ શકતા નહિ, આથી તેઓ તેમના ભવિષ્યકથનને તેમની પોતાની જ ચમત્કારિક શક્તિ માનતા હતા.

પ્લેટો, જેનોફેન, પ્લુટાર્ક વગેરે વિદ્વાનોએ સોક્રેટિસના જીવનની ઘટનાઓ પર પ્રામાણિક પ્રકાશ પાડ્યો છે. તે બધાએ સ્વીકાર કર્યો છે કે સોક્રેટિસ અનેકવાર કહેતા હતા કે મારી અંદર એક રહસ્યમય દેવતા 'ડેમોન' રહે છે અને તે મને યથાસમયે પહેલેથી જ સૂચના આપતો રહે છે. આ હકીકત દર્શાવતાં અનેક પ્રમાણ પણ ઉપરોક્ત લેખકોએ આપ્યાં છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્લુટાર્કે તેમના પુસ્તક 'ધ જેનિયો સોક્રેટિસ' માં એક ઘટના આપી છે. એકવાર સોક્રેટિસ પોતાના કેટલાક મિત્રો સાથે એક રસ્તે જઈ રહ્યા હતા. એકાએક તેઓ થોભ્યા અને કહ્યું કે આ રસ્તે જવામાં જોખમ છે, તેથી પાછા વળવું જોઈએ. કેટલાકે તેમની વાત માની અને તે રસ્તો છોડી દીધો, પરંતુ કેટલાક મિત્રો તે સ્વચ્છ રસ્તો છોડવા માટે તૈયાર ન થયા. તેઓ સોક્રેટિસની વાતને ખોટી સાબિત કરવા ઈચ્છતા હતા. તેઓ થોડેક જ આગળ ગયા. એટલામાં જંગલી સુવરોનું એક ટોળું ચઢી આવ્યું અને કેટલાકને ખૂબ ઘાયલ કરી દીધા.

પ્લેટોએ પોતાના પુસ્તક 'થીવીજ' માં એક પ્રસંગ આપ્યો છે. એક દિવસ ટ્રિમાર્ફ્સ નામનો એક યુવક સોક્રેટિસ પાસે આવ્યો. તેણે કંઈક ખાધુંપીધું. જ્યારે તે પાછો જવા લાગ્યો ત્યારે સોક્રેટિસે તેને રોક્યો અને કહ્યું કે હમણાં તું ના જઈશ. તારા માથે જોખમ ભમી રહ્યું છે. તેણે ત્રણવાર જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્રણેય વખત સોક્રેટિસે તેને બળપૂર્વક રોકી લીધો. છેવટે તે ના માન્યો અને સોક્રેટિસનો હાથ છોડાવીને જતો રહ્યો. બીજા જ દિવસે તેણે કોઈકનું ખૂન કરી નાંખ્યું અને તેને ફાંસીની સજા થઈ ગઈ. આવી બીજી કેટલીય ઘટનાઓ છે, જેમાં સોક્રેટિસમાં રહેતા દેવતા ડેમોને પૂર્વાભાસ કરાવ્યો હોય તથા મદદ કરી હોય.

સોક્રેટિસ પર જ્યારે કેસ ચાલ્યો અને તેમને પ્રાણદંડ આપવામાં આવ્યો તે વખતે તેમની પાસે અનેક પુરાવા તથા સાધનો હતાં, જેનાથી પ્રાણદંડમાંથી બચી શકાય. તેમના મિત્રો તથા શિષ્યોએ એથેન્સની જેલમાંથી તેમને ભગાડી જવા માટે પૂરી તૈયારી કરી લીધી હતી, પરંતુ સોક્રેટિસે ન્યાયાલયમાં કહ્યું કે હમણાં જ મારો દેવતા ડેમોન મારા કાનમાં કહી ગયો છે કે મને મૃત્યુદંડ થશે, પરંતુ તેનાથી ડરવાની કોઈ જરૂર નથી. એવું મૃત્યુ માણસ માટે શ્રેયસ્કર હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઇંગ્લેન્ડના રાજકુટુંબમાં પ્રેતાત્માઓની અનુભૂતિઓનું વર્ણન ચાર્લ્સ ડિકન્સે તેમની નવલકથા 'મિસ્ટરી ઑફ એડવિનહુડ'માં કર્યું છે. તે પુસ્તકનાં વીસ પ્રકરણો લખીને તેઓ મૃત્યુ પામ્યા. મૃત્યુનાં બે વર્ષ પછી થોમસ જેમ્સને લખવા માટે માધ્યમ બનવા તૈયાર કર્યો અને તેના દ્વારા પોતાનું બાકીનું કામ પૂરું કરાવ્યું.

શ્રીમતી જહૉન કૂપરની 'ટેલ્કા' નવલકથા વિશેષ રૂપે પ્રખ્યાત છે. શ્રીમતી કૂપરનું કહેવું છે કે તેના લેખનમાં મને કોઈ દિવ્ય આત્માનું માર્ગદર્શન મળતું રહ્યું છે.

અમેરિકાનાં શ્રીમતી રૂથ મોન્ટગોમેરીનું કહેવું છે કે તેમનું 'અ વર્લ્ડ બિયોન્ડ' નામનું પુસ્તક સ્વર્ગસ્થ આર્થર ફોર્ડના આત્માએ બોલી બોલીને લખાવ્યું છે.

ઇંગ્લેન્ડના પ્રખ્યાત લેખક ટોયેલ કોવર્ડે પોતાના પ્રખ્યાત પુસ્તક 'ધ બ્લાઈધ સ્પિરિટ' વિશે લખ્યું છે કે તે પુસ્તક તેમણે કોઈ અદૃશ્ય સાથીની મદદથી લખ્યું છે. 'જહૉન ઑફ આર્કે' પોતાના વિશે કહ્યું હતું કે મને કોઈ અદૃશ્ય આત્મા પાસેથી વિશિષ્ટ કામ કરવાની પ્રેરણા અને શક્તિ મળે છે.

બ્રિટનના ગ્લોસેસ્ટરશાયરમાં રહેતી પેટ્રિશિયા મૂળ તો કેનેડાની લેખિકા હતી. તેનું કહેવું હતું કે કેટલાંક વર્ષો પહેલાં તે મહાન નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શોને આયર્લેન્ડના ક્લિર્લોની સરોવરના કિનારે આવેલી એક હોટલના ઓરડામાં મળી હતી અને તેમની સાથે પ્રેમ થઈ ગયો. બર્નાર્ડ શો તેમના મૃત્યુ પછી પણ દરરોજ રાત્રે મારા ઓરડામાં આવતા અને મને મળતા હતા. મૃત્યુ પછીની પહેલી રાતે જ્યારે શોનો આત્મા આવ્યો ત્યારે બંનેએ એક વર્ણમાળા તૈયાર કરી લીધી. તેના આધારે તે બંને વચ્ચે વાતચીત થતી હતી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેટ્રિશિયા જ્યોર્જ બર્નાર્ડ શોને બર્ની કહેતી હતી. તેના કહેવા પ્રમાણે બર્નીએ લગ્ન વખતે તેને એક વીંટી આપી હતી. તેમનાં એ લગ્ન બર્નાર્ડ શોના મૃત્યુ પછી થયાં હતાં. તે વીંટી પેટ્રિશિયાની આંગળી પર કાયમ ચમકતી હતી. પેટ્રિશિયાને એક બાળક પણ થયું હતું. તે પોતાના બર્નીનું છે તેવું તે કહેતી હતી. જો કે જ્યોર્જ બર્નાર્ડ શોના મૃત્યુ પછી દસ વર્ષે તે બાળક જન્મ્યો હતો.

પેટ્રિશિયાના કહેવા પ્રમાણે તે દિવસોમાં તેણે જે કંઈ સાહિત્ય લખ્યું હતું તે બર્નીની પ્રેરણાથી જ લખ્યું હતું. તેના ઓરડામાં જ્યોર્જ બર્નાર્ડ શોની એક મોટી છબી હતી. તે મકાનમાં આ યુગમાં પણ કદાપિ વીજળીના દીવા ન સળગ્યા. બાર ઓરડાવાળા એ મકાનમાં ફક્ત બે ત્રણ ઓરડાઓમાં જૂના જમાનાના લેમ્પ ટમટમતા હતા. બાકીના ઓરડામાં અંધકાર છવાયેલો રહેતો. એકાંતમાં તે ઘણીવાર અદૃશ્ય બર્નીની સાથે વાતો કરતી હતી.

## ★ સંગીત શિક્ષક આત્મીય પિતર

લંડનની એક સ્ત્રી રોઝમેરી બ્રાઉન પરલોકવેત્તાઓ માટે છેલ્લા ચાર દસકાથી આકર્ષણનું કેન્દ્ર રહી છે. તે સંગીતમાં પારંગત હતી. તે ખૂબ શરમાળ સ્વભાવની હતી. તે લોકોની ભીડ તથા સાર્વજનિક આયોજનોથી દૂર રહેતી હતી. તે શબ્દબ્રહ્મ સાધનાના રૂપમાં એકાંત સાધના કરતી હતી.

નવાઈની વાત એ છે કે તેણે સંગીત શિક્ષક તરીકે કોઈ માણસને રાખ્યો નહોતો. તેને અદૃશ્ય આત્માઓ મદદ કરતા હતા અને તેમની મદદથી જ તે દિવસે દિવસે પ્રગતિ કરતી હતી. તે સાત વર્ષની હતી ત્યારથી તેની સંગીતસાધના શરૂ થઈ. તેણે કાળા કોટ તથા સફેદ વાળવાળા આત્માને જોયો. તે આકાશમાંથી આવ્યો હતો અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આકાશમાં જ ગાયબ થઈ ગયો. તેણે કહ્યું કે હું સંગીતકાર છું અને તને પણ સંગીતકાર બનાવીશ. કેટલાંક વર્ષો પછી રોઝમેરીએ પ્રખ્યાત પિયાનો વાદક સ્વર્ગસ્થ ફ્રાંજલિસ્ટનું ચિત્ર જોયું, તો તે પેલા સંગીતશિક્ષક જેવું જ હતું.

બચપણમાં તે ખૂબ થોડું સંગીત શીખી શકી. પછી તેનાં લગ્ન થઈ ગયાં અને થોડાક વખતમાં તે વિધવા પણ થઈ ગઈ. તે વખતે તે ખૂબ ગરીબી અને મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી હતી. ત્યારે પેલો જ મૃતાત્મા પાછો આવ્યો અને તેને કહ્યું કે સંગીતસાધના માટે આ જ યોગ્ય અવસર છે. રોઝમેરીએ કબાડીમાંથી એક જૂનો પિયાનો ખરીદ્યો અને કોઈ શિક્ષકની મદદ વગર જ સંગીતસાધના શરૂ કરી દીધી. તેણીનું કહેવું હતું કે પેલો અદૃશ્ય શિક્ષક બીજા સંગીતશાસ્ત્રીઓને સાથે લઈને તેને સંગીત શીખવવા માટે આવતો હતો. તે અદૃશ્ય શિક્ષકોમાં વાખ, બીથો, ફ્રેન, શોર્યે, ડેવુસી, લિષ્ટ, શુવર્ટ જેવા મહાન સંગીતકારો હતા. તેઓ તેને માત્ર સૂર કે તર્જ જ શીખવતા નહોતા, પરંતુ તેની આંગળીઓ પકડીને કઈ રીતે વગાડવાથી કેવા સ્વરો નીકળશે તે પણ શીખવતા હતા. ગાવાના શિક્ષણ માટે પણ તેઓ તેને પોતાની સાથે સાથે ગાવાનું કહેતા હતા. તેને બધા જ સંગીતશાસ્ત્રીઓ દેખાતા હતા, પણ બાજુમાં બેઠેલા બીજા લોકોને તે દેખાતા નહિ.

રોઝમેરીએ એક જીવતા શિક્ષકને પોતાના પરીક્ષક તરીકે રાખ્યો હતો. તે તેનું શિક્ષણ બરાબર ચાલી રહ્યું છે કે નહિ એટલું જ જોતો હતો. પોતાનો અભ્યાસ સાચો છે કે ખોટો તેની ખબર પડે એટલા માટે જ તેણે તેને રોક્યો હતો. તે શિક્ષકને તેણીનો અભ્યાસ સો ટકા બરાબર લાગતો હતો. રોઝમેરી લગભગ ૪૦૦ પ્રકારના સૂરો વગાડતી હતી. શિક્ષક વગર જૂના તૂટેલા પિયાનો પર પોતાની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ તીવ્ર ઈચ્છા વગર એ ક્રમ એટલો બધો આગળ કઈ રીતે વધ્યો ? એ વિશે વિચાર કરતાં અવિશ્વાસુ લોકોએ પણ સ્વીકારવું પડતું કે એ સ્ત્રીને કોઈ અમાનવીય શક્તિઓ મદદ કરતી હતી.

રોઝમેરીનું જીવન ગરીબાઈ અને મુશ્કેલીઓથી ભરેલું હતું. તે એક શાળામાં રસોઈયણનું કામ કરતી હતી. તેમાંથી તે સમય કાઢતી અને પોતાની સંગીતસાધના આગળ વધારતી. લોકોને જ્યારે પેલા અદૃશ્ય સહાયકોવાળી વાત સાચી લાગી ત્યારે તેમણે એ સ્વર્ગીય આત્માઓએ શિખવાડેલી સંગીત નિર્દેશાવલિઓ પોતાને લખાવવા માટે વિનંતી કરી. રોઝમેરીએ તે વાતનો સ્વીકાર કર્યો. એના પરિણામ સ્વરૂપે ૩૦૦૦ શબ્દોની એક સંગીત નિર્દેશમાલા પ્રકાશિત થઈ. તેનું નામ છે - ટેન કોમેન્ટેટર ફોર મ્યુઝિશિયન્સ. એ નિર્દેશોના આધારે જે ગ્રામોફોન રેકોર્ડ બની તેણે પેલા સ્વર્ગીય આત્માઓના સંગીતથી પરિચિત લોકોને ખૂબ પ્રભાવિત કર્યા.

મનોવિજ્ઞાનના પ્રખ્યાત સંશોધક શ્રી મોરિસ વાર્વનેલની માન્યતા છે કે રોઝમેરીને અતીન્દ્રિય શ્રવણ અને દર્શનની શક્તિ મળેલી હતી. તેની મદદથી જ તેણે પ્રગતિ કરી હતી.

## ★ રણભૂમિમાં પ્રત્યક્ષ મદદ

એક તો યુદ્ધ સ્થળ અને ઘનઘોર અંધારી રાત હતી. ઉપરથી સખત ઠંડી હતી. વાતાવરણ એકદમ ભેંકાર લાગતું હતું. એક તંબુમાં કેટલાક સૈનિકો કોલસાની સગડી સળગાવીને તાપી રહ્યા હતા. તેમનો વાયરલેસ સેટ પાસે જ પડ્યો હતો. યુદ્ધ બંધ હતું, તેથી બધા પોતાના સ્વજનોને યાદ કરતા વાતો કરી રહ્યા હતા. એટલામાં જ વાયરલેસ પર કમાંડરનો હુકમ આવ્યો કે તમારાથી ઉત્તરની ચોકી પર મદદ માટે તરત જ ઉપાડો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘટના જમ્મુ કાશ્મીરની છે. સન ૧૯૬૧માં ભારત - પાકિસ્તાનનું યુદ્ધ ચાલતું હતું. જવાનો જે સ્થળે બેઠા હતા તે સ્થળેથી પેલી ચોકી પંદર માઈલ દૂર હતી. સવાર થતાં પહેલાં ત્યાં પહોંચવાનું હતું. સવાર થઈ જાય તો દુશ્મનો તેમને જોઈ જાય અને તેમને મારી નાખે, તેથી ગમેતેમ કરીને સવાર થતાં પહેલાં ચોકી પર પહોંચવું જરૂરી હતું. તેથી તેઓ તરત જ ત્યાંથી નીકળી પડ્યા.

૧૩મી નવેમ્બરની રાત હતી. ઠંડીના દિવસો હતા. દસ સૈનિકોની ટુકડી પોતાનાં શસ્ત્રો લઈને નકશાની મદદથી આગળ વધી રહી હતી. વાયરલેસ દ્વારા કમાંડ પોસ્ટ સાથે સંપર્ક ચાલુ હતો. રસ્તે એક સ્થળ એવું આવ્યું, જ્યાંથી આગળ વધવાનું ખૂબ મુશ્કેલ હતું. તે સમગ્ર વિસ્તાર બરફથી ઢંકાઈ ગયો હતો. સૈનિક નકશાઓમાં નદીઓ ટેકરીઓ, વૃક્ષો વગેરેના સંકેતો હોય છે, પરંતુ બરફના કારણે બધી નિશાનીઓ દટાઈ ગઈ હતી. નદી ઝરણાં જામી ગયાં હતાં. વૃક્ષો તથા છોડવાઓ બરફથી ઢંકાઈ ગયા હતા. એવી સ્થિતિમાં આગળ વધવું મુશ્કેલ થઈ ગયું. બધા સૈનિકો મુંઝાઈને ઊભા રહી ગયા. હવે કઈ તરફ જવું તે સમજાતું ન હતું.

કહેવાય છે કે યુદ્ધ વખતે અદૃશ્ય આત્માઓની ભાવનાઓ જાગૃત થઈ જાય છે. બીજા વિશ્વયુદ્ધ વખતે અતીન્દ્રિય અનુભૂતિઓ, મૃતાત્માઓની વિલક્ષણ પ્રવૃત્તિઓ વિશેની સેંકડો ઘટનાઓના પ્રામાણિક રેકોર્ડ જોવા મળે છે. આ ઘટના પણ એવી જ છે અને મૃત્યુ પછી પણ આત્માના ચેતન શરીરનો નાશ થતો નથી તે વાત પર પ્રકાશ પાડે છે. જો આત્મા મૃત્યુ પછી તરત જ તંદ્રાવસ્થામાં ના જતો રહે તો તે સાંસારિક કર્તવ્યો નિભાવવામાં જીવતા લોકોને મદદ પહોંચાડી શકે છે. આ ઘટના એ જ તથ્યનું સમર્થન કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેલી ટુકડીમાં જે દસ સૈનિકો હતા તેમાંના એક શ્રી ગિરજાનંદ ઝા દ્વારા એ ઘટના સન ૧૯૬૨ ના 'ધર્મયુગ' ના એક અંકમાં છપાઈ હતી.

સૈનિકો ચિંતામાં હતા કે હવે કઈ દિશામાં આગળ વધવું ? એટલામાં જ કોઈકનો પગરવ સંભળાયો. તે વખતે આકાશમાં ચંદ્ર ઊગી ગયો હતો. સૈનિકોએ જોયું કે સામે એક ઑફિસર ઊભા છે. ખભા પર બે સ્ટાર જોતાં લાગ્યું કે લેફ્ટેનન્ટ છે. તેમને જોતાં જ સૈનિકોએ સેલ્યુટ કરી. સેલ્યુટનો જવાબ સેલ્યુટથી જ આપીને લેફ્ટેનન્ટે કહ્યું કે જુઓ, આગળનો રસ્તો ભયંકર છે. તમને લોકોને કશી ખબર નથી. ચોકી હજુ દૂર છે અને સવાર થવામાં ફક્ત ચાર કલાક બાકી છે, તેથી તમે સમય વેડફ્યા વગર મારી પાછળ પાછળ આવો. આમ કહીને તેઓ પાછળ ફર્યા. સૈનિકોએ જોયું કે લેફ્ટેનન્ટ સાહેબની પીઠ પર ગોળ નિશાન છે. એવું લાગતું હતું કે એટલો ભાગ બળી ગયો હતો.

જાણે તે આખા વિસ્તારથી ખૂબ પરિચિત હોય એ રીતે લેફ્ટેનન્ટ સાહેબ નકશાની મદદ વગર જ આગળ વધતા હતા. સિપાઈઓ આશ્ચર્ય તથા ચિંતામાં હતા કે આ અજાણ્યા ઑફિસર આ વિસ્તારના આટલા બધા ભોમિયા કઈ રીતે છે. ક્યારેક તેમને 'કંઈક અજુગતું તો નહિ બને ને' એવી ચિંતા થતી હતી. ખામોશીને દૂર કરવા લેફ્ટેનન્ટ સાહેબે કહ્યું કે મારી પીઠ પર આ નિશાન તમે જુઓ છો તે ગઈકાલના ગોળીબારનું છે. અમે લોકો હુમલો કરવાની તૈયારીમાં હતા એટલામાં જ પાકિસ્તાની સેનાએ ગોળીબાર શરૂ કરી દીધો. બધા જમીન પર સૂઈ ગયા. એટલામાં જ એક બોમ્બ આવીને અમારી નજીક ફાટ્યો. તેનો એક ટુકડો મારી ઉપર પડ્યો. એનાથી મારું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખમીસ બળી ગયું. પછી આગળ બીજું કાંઈ કહે તે પહેલાં વાતને બદલતાં તેમણે કહ્યું કે કદાચ તમે લોકો આત્માની અમરતામાં માનતા નહિ હો, પરંતુ હું માનું છું. મર્યા પછી આત્મા પોતાના વિકાસની તૈયારી કરે છે. જેની જેવી ઇચ્છા હોય એવા જીવનની તૈયારીમાં તે લાગી જાય છે. જો કોઈ ઇચ્છા ન હોય તો ભગવાન તેને પ્રેરણા આપીને આગળના ક્રમમાં જોડી દે છે.

વાતોમાં રસ્તો બહુ જલદી કપાઈ ગયો. જે ચોકીએ પહોંચવાનું હતું તે એકાદ ફર્લાંગ દૂર દેખાતી હતી. ઑફિસર અટક્યા. તેમની સાથે બધા સિપાઈઓ પણ થોભ્યા. તેમણે કહ્યું કે તમે તમારા પહોંચવાના સ્થળ નજીક આવી ગયા. હું હવે આગળ નહિ આવી શકું, તેથી તમે શીઘ્ર ચોકી પર પહોંચી જાઓ. સૈનિકોએ તેમને સેલ્યુટ કરી અને ચાલવા લાગ્યા. સૈનિકોએ વીસપચીસ ફૂટ આગળ ગયા પછી પાછળ નજર કરી કે સાહેબ કઈ તરફ જાય છે, પરંતુ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે ત્યાં કોઈ સાહેબ નહોતા. બધાએ ચારેય બાજુ નજર કરી, પણ કોઈ દેખાયું નહિ.

સિપાઈઓ પેલી ચોકીએ પહોંચી ગયા. ત્યાં કમાંડર તેમની રાહ જોઈ રહ્યો હતો. રાતે વાયરલેસનો સંપર્ક તૂટી ગયો હતો. સૈનિકો આવી પહોંચતાં જ કમાંડરે પૂછ્યું કે આવી વિકટ પરિસ્થિતિમાં તમે આટલા જલદી કઈ રીતે આવી ગયા ? સૈનિકોએ જણાવ્યું કે એક લેફ્ટેનન્ટ અમને અહીં સુધી મૂકી ગયા. તેઓ એક ફર્લાંગ દૂર હતા ત્યારે ગાયબ થઈ ગયા.

લેફ્ટેનન્ટ ? કમાંડરે નવાઈ પામીને પૂછ્યું. અહીં તો કોઈ લેફ્ટેનન્ટ નથી. તે માણસનો દેખાવ કેવો હતો ? સિપાઈઓએ તેમનું વર્ણન કરી બતાવ્યું. તે સાંભળી કમાંડર હતપ્રભ થઈ ગયો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કારણ કે તે લેફ્ટેનન્ટ તો એક દિવસ પહેલાં જ ગોળો ફાટવાથી મૃત્યુ પામ્યા હતા.

યુદ્ધ વખતે કોઈ ઈચ્છા કે વાસના ના હોય તે સ્વાભાવિક છે. તે વખતે ચિત્તવૃત્તિઓ એકાગ્ર હોય છે. એવી એકાગ્રતા સાથે થયેલા મૃત્યુ પછી લેફ્ટેનન્ટના જીવાત્માને તંદ્રા ના આવી. તે વખતે પણ તેમનામાં પોતાના કર્તવ્યનો ભાવ ટકી રહ્યો. તેમણે જોયું કે આ સૈનિકોને મદદની જરૂર છે, તેથી તેમણે પોતાનાં જ મૃત શરીરમાં દૃઢ ઈચ્છાશક્તિ દ્વારા ફરીથી પ્રાણનો પ્રવેશ કરાવીને એટલો સમય કામ લઈ લીધું અને દેશભક્તિ તથા કર્તવ્યભાવનાના આદર્શનું પાલન કર્યું. એની સાથે સાથે સૂક્ષ્મ શરીરની સત્તાને પણ પ્રમાણિત કરી દીધી.

પિતૃસત્તાઓ આવી જ પરમાર્થપરાયણતા, કર્તવ્યભાવના અને નિસ્પૃહતાપૂર્વક પોતાના સૂક્ષ્મ શરીર દ્વારા પ્રત્યક્ષ માર્ગદર્શન આપે છે તથા મદદ પણ કરતી રહે છે.

સાચી શ્રદ્ધા અને ભક્તિભાવના સાથે પિતૃઓનું સ્મરણ કરવામાં આવે તો તે સમર્થ સત્તાઓ સત્કાર્યોમાં મદદ કરવા માટે અવશ્ય આગળ આવે છે. આ બાબતમાં બીજા વિશ્વયુદ્ધની એક ઘટના અદ્ભુત પ્રમાણ છે. મોન્સની લડાઈનો એક પ્રામાણિક અને સુરક્ષિત યુદ્ધ દસ્તાવેજ મોજૂદ છે.

એ યુદ્ધમાં અંગ્રેજ સેનાનો ભારે વિનાશ થયો હતો. તેના ફક્ત ૫૦૦ સૈનિકો બચ્યા હતા. જર્મન સેના તેમને પણ મારી નાખવાની તૈયારીમાં હતી. તે વખતે તેમની સંખ્યા દસ હજારની હતી. બ્રિટિશ સૈનિકોમાંથી એક સિપાઈએ એક હોટલમાં સેંટ જ્યોર્જની છબી જોઈ હતી. તે છબી એક પ્લેટ ઉપર કોતરવામાં આવી હતી અને તેની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નીચે લખ્યું હતું - "સેન્ટ જ્યોર્જ, ઇંગ્લેન્ડની મદદ માટે હાજર થાઓ." એક જમાનામાં તેઓ ઇંગ્લેન્ડના પ્રખ્યાત સેનાપતિ હતા અને હજારો સૈનિકો સાથે યુદ્ધમાં માર્યા ગયા હતા. તેમની યાદ આવતાં જ સૈનિકોએ સંપૂર્ણ ભાવનાપૂર્વક ખરા મનથી સેંટ જ્યોર્જનું સ્મરણ કર્યું અને બીજી જ ક્ષણે સ્થિતિ પલટાઈ ગઈ. જાણે એક વીજળી ચમકી અને ૫૦૦ સૈનિકોની પાછળ હજારોની સંખ્યામાં સફેદ વસ્ત્રધારી સૈનિકોની આભા દેખાઈ. બીજી જ ક્ષણે ૧૦,૦૦૦ જર્મન સૈનિકો મેદાનમાં મરેલા પડ્યા હતા. રહસ્ય તો એ હતું કે કોઈ પણ સૈનિકના શરીર પર ઘાનું કે વાગવાનું એક પણ નિશાન નહોતું. આ ઘટનાએ ઇંગ્લેન્ડમાં ચકચાર મચાવી દીધી. લોકોને ખાતરી થઈ કે મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ નષ્ટ થતું નથી. તે આત્માઓ સૂક્ષ્મ હોવા છતાં સ્થૂળ સહાયતા પણ કરી શકે છે.

## ★ ગરીબ જોતજોતામાં લાખોપતિ બની ગયો

અમેરિકાના એક ગરીબ માણસ આર્થર એડવર્ડ સ્ટીલબેલે પોતાની જિંદગીની શરૂઆત મહિને ચાલીસ ડૉલરની મજૂર જેવી નાની નોકરીથી કરી, પરંતુ તે પ્રેતાત્માઓની મદદથી ઉચ્ચ કક્ષાના યશસ્વી ધનવાન વિદ્વાનોની કક્ષામાં બહુ સહેલાઈથી પહોંચી ગયો.

પંદર વર્ષની ઉંમરથી જ તેની સાથે છ પ્રેતોની એક ટુકડી જોડાઈ ગઈ અને તે જીવનભર તેને સાથ આપતી રહી. એ છ પ્રેતોમાં ત્રણ એન્જિનિયર, એક લેખક, એક કવિ અને એક અર્થશાસ્ત્રી હતો. કોઈ પણ જાતના પ્રયાસ વગર તેમની સાથે તેની દોસ્તી થઈ ગઈ અને તેને નિરંતર ઉપયોગી માર્ગદર્શન આપતા રહ્યા.

તે પ્રેતોએ એની નોકરી છોડાવી દીધી. તેમણે કહ્યું કે અમે તને મોટો માણસ બનાવી દઈશું. પ્રેતોએ તેને પોતાનો રેલમાર્ગ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવવાનું, પોતાની નહેર ખોદાવવાનું અને પોતાનું બંદર બનાવવાનું કહ્યું. બિચારો આર્થર તો વિમાસણમાં પડી ગયો કારણ કે સાવ ગરીબ સ્થિતિમાં કરોડો ડોલરથી પૂરી થઈ શકે એવી યોજનાઓનો અમલ કઈ રીતે કરી શકાય? પરંતુ પ્રેતોએ તેને બધી વ્યવસ્થા ગોઠવી આપવાનું આશ્વાસન આપ્યું, તો તેણે કઠપૂતળીની જેમ બધાં કામ કરવાની સંમતિ આપી. ધીમેધીમે અશક્ય લાગતાં સાધનો ભેગાં થવા લાગ્યાં.

આર્થર સંપૂર્ણ રીતે પ્રેતો પર આધારિત હતો. તેની પાસે ન કોઈ જ્ઞાન હતું, ન અનુભવ હતો કે ન સાધનો હતાં, એમ છતાં તેનાં શેખચલ્લી જેવાં સ્વપ્નાં એક પછી એક પૂરાં થતાં ગયાં. ધીરે ધીરે તે પોતાની બધી યોજનાઓમાં જાદૂઈ રીતે સફળ થતો ગયો. ૨૬ સપ્ટેમ્બર ૧૯૨૮ના દિવસે તે મૃત્યુ પામ્યો ત્યારે પોતાની પાછળ અબજો ડોલરની સંપત્તિ મૂકી ગયો. તેની પોતાની પાંચ મોટી રેલવે લાઈનો હતી. જહાજો આવ-જા કરી શકે તેવી વિશાળ નહેર તથા પોર્ટ આર્થર નામના બંદરનો તે માલિક હતો. આ ઉપરાંત બીજાં અબજો રૂપિયાનાં તેનાં સંસ્થાનો હતાં.

તેણે સાહિત્ય તથા કવિતાનાં ત્રીસ પુસ્તકો પણ લખ્યાં. તે સાહિત્યજગતમાં ખૂબ પ્રખ્યાત તથા સન્માનિત થયાં.

આર્થરને જ્યારે તેની સફળતાનું રહસ્ય પૂછવામાં આવતું ત્યારે તેણે પોતાના સહાયક તથા સંરક્ષક પ્રેતોની વાત જણાવી અને કહ્યું કે દરેક મહત્ત્વપૂર્ણ યોજના, અર્થવ્યવસ્થા, મુશ્કેલીઓની આગોતરી સૂચના, કામમાં ફેરફાર કરવાની જાણકારી અને સંપૂર્ણ મદદ એ દિવ્ય સહાયકો પાસેથી જ મળતી રહી છે. મારી પોતાની યોગ્યતા તો સાવ નગણ્ય છે. સાહિત્યસર્જન વિશે પણ તેનું કહેવું હતું કે આ કૃતિઓ વાસ્તવમાં તો એ પ્રેત સહાયકોની જ છે. મેં તો ફક્ત કાગળ અને કલમનો ઉપયોગ કર્યો છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉદાર પિતૃ આત્માઓ પોતાના સહયોગથી માણસની સમૃદ્ધિ અને પ્રગતિને આ જ રીતે શક્ય બનાવે છે.

કેટલાક પિતરો તેમના સાત્ત્વિક અને ઉદાર સ્વભાવના કારણે સત્પાત્રો ઉપર અનાયાસ જ કૃપા કરે છે. કેટલાક્ને તો તેમને અનુકૂળ દિવ્ય સહયોગ તથા માર્ગદર્શન આપવાની જવાબદારી સૃષ્ટિની સંચાલક સત્તા સોંપી દે છે. મનુષ્યને પણ આ સૃષ્ટિને વધારે સુંદર તથા સમૃદ્ધ બનાવવાની જવાબદારી એ વિરાટ સત્તાએ સોંપી છે. મોટા ભાગના બેજવાબદાર લોકો ભલે તે ના નિભાવે, પરંતુ પ્રાણવાન લોકો તો તે અવશ્ય નિભાવે છે.

કેટલાક પિતરો એવા હોય છે કે જેઓ પોતાની અભિવ્યક્તિની ઈચ્છા પૂરી કરવા માટે પોતાને અનુકૂળ માધ્યમ પસંદ કરે છે. લેખન, કળા, સંગીત વગેરે ક્ષેત્રોમાં આવી અદૃશ્ય પિતૃસત્તાઓ દ્વારા સહયોગ આપવામાં આવતો હોય છે.

શ્રીમતી બીજરૂસના જીવનની ઘટના છે. તે સિત્તેર વર્ષની વૃદ્ધા ક્લાત્મક સર્જનની નવી પ્રેરણા મેળવવાની ઈચ્છાથી સન ૧૯૩૬માં પેરિસ ગઈ. ત્યાં કેટલાય મહિના સુધી રહી અને ફરી, છતાં ત્યાંના વાતાવરણ, કલાકારો કે કલાકૃતિઓમાંથી તેને કોઈ નવી પ્રેરણા ના મળી. તે દુનિયા જોઈ ચૂકી હતી. પોતાના વિષયનું ઊંડું અધ્યયન કરતી હતી, તેથી તેને લાગ્યું કે અત્યારે પેરિસમાં ક્લાક્ષેત્રમાં જે કાંઈ છે તે પુરાતન પ્રેરણાઓથી રહિત છે. તેમાં નવી પ્રેરણા જેવું કશું નહોતું.

મહિનાઓ સુધી તે ત્યાં ફરી, પણ કોઈ મતલબ ના સર્યો, આથી તે વ્યાકુળ થઈ ગઈ. તેને પોતાને ફેરો પડ્યો હોય એવું લાગ્યું. રાતે તેને બરાબર ઊંઘ પણ નહોતી આવતી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવી જ ઉદાસીનતા અને માનસિક થાકના કારણે એક રાતે તે પડખાં ફેરવી રહી હતી. તે મોડે સુધી જાગતી રહી. છેવટે તેને ઊંઘ આવી. ગાઢ ઊંઘમાં ત્રણ કલાક વિત્યા ત્યારે જાણે કોઈએ તેને જગાડી દીધી. તે તાજગી અનુભવી રહી હતી. તેની અંતઃપ્રેરણાએ તેને સ્ટુડિયો તરફ જવાનું કહ્યું. તેને કશું સમજાતું નહોતું, જાણે કે તે વિવશ હતી.

તે સ્ટુડિયો પર પહોંચી અને અંધારામાં જ કાગળ પર બ્રશ ચલાવવા લાગી. જાણે કે કોઈ અજ્ઞાત પ્રેરણાએ તેને તેમ કરવાની ફરજ ન પાડી હોય. તેનો હાથ આપોઆપ જ ખૂબ ઝડપથી ચાલી રહ્યો હતો. તેનાથી તે ખુશ પણ હતી અને ચકિત પણ હતી. તેને સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તે વખતે તે કોઈ અજાણી શક્તિનું માધ્યમ બની ગઈ હતી. જે કાંઈ થઈ રહ્યું હતું તેના પર તેનો પોતાનો કોઈ કાબૂ નહોતો. ઘણીવાર સુધી એ ક્રમ ચાલતો રહ્યો. પછી આપોઆપ જ તેનો હાથ અટકી ગયો અને પેલી જ અંતઃપ્રેરણાથી તે પોતાની પથારીમાં જઈને સૂઈ ગઈ. બધું જ જાણે પરવશ થઈને કરી રહી હતી.

સવારે તે જાગી ત્યારે તેને રાતનો ઘટનાક્રમ યાદ આવ્યો. તેની ઉત્સુકતા વધી ગઈ. તે સ્ટુડિયો તરફ ગઈ. ત્યાં જઈને અંધારામાં અનાયાસે જ દોરાયેલા તે ચિત્રને જોયું તો તે વિસ્મય પામી. તે કોઈ અજ્ઞાત સુંદરીનું અનુપમ ચિત્ર હતું. તેને લાગ્યું કે મેં આ ચિત્ર ક્યાંક કોઈક પ્રખ્યાત કલાકાર દ્વારા બનેલું જોયું છે, પરંતુ તેને બરાબર યાદ નહોતું આવતું.

તે ચિત્રને કલાબજારમાં લઈ જતા પહેલાં તે જાણવા ઈચ્છતી હતી કે આ અસામાન્ય અને ઉત્કૃષ્ટ કલાકૃતિ બની કઈ રીતે ?

પ્રેતવિદ્યાની વિશારદ એવી એક મહિલાનો તેણે સંપર્ક કર્યો. તેને એ રહસ્યની ભાળ મેળવવાનું કહ્યું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે સ્ત્રીએ પોતાની સંપર્કવિદ્યા દ્વારા માહિતી મેળવીને જે કાંઈ જણાવ્યું તે આ પ્રમાણે હતું - "સંપર્ક દરમિયાન ગોયાના પ્રેતાત્માએ આવીને બતાવ્યું કે હું મારા અંતિમ દિવસોમાં સન ૧૮૨૮માં સ્પેનના મારા વિરોધીઓથી દૂર રહેવા માટે દક્ષિણ ફ્રાંસમાં ઉક્ત સ્ત્રીના પતિના પૂર્વજોને ઘેર જઈ રહ્યો હતો. તે વખતે હું નિરાધાર હતો. એવી સ્થિતિમાં મને જે મદદ કરવામાં આવી હતી તેનો હું બદલો ચૂકવવા માગતો હતો, પરંતુ અત્યાર સુધી મને એવો કોઈ અવસર મળ્યો નહોતો. તે કલાકાર મહિલાને માનસિક રૂપે દુખી જોતાં મને મદદ કરવાનો યોગ્ય અવસર લાગ્યો, તેથી તેને એવી પ્રેરણા આપી અને એના લીધે આ કૃતિનું સર્જન થઈ શક્યું. તે મારા 'ગોવાળણ' ચિત્રના જેવું જ છે."

ખરેખર તે ચિત્ર ગોવાળણ ચિત્રના જેવું જ હતું. તે પ્રખ્યાત ચિત્ર ગોયાની વિશિષ્ટ કલાકૃતિઓમાંનું એક છે. શ્રીમતી બીજરૂસને તે યાદ આવી ગયું, પરંતુ ગોયાના જીવન વિશે તેમને બીજી કોઈ માહિતી નહોતી. તેમની ઉત્સુકતા વધી ગઈ હતી, તેથી તેમણે એક પુસ્તકાલયમાંથી ગોયાની જીવનકથા મેળવીને વાંચી ત્યારે તેમને ખબર પડી કે ગોયાએ તેના જીવનના અંતિમ દિવસો શ્રી રોજેરિગ્રો બીજને ઘેર વિતાવ્યા હતા. તેઓ બીજરૂસના સસરા થાય. પ્રેતવિદ્યાવિશારદે બતાવેલા વિવરણની પુષ્ટિ થઈ ગઈ.

આ બાબતની તપાસ અમેરિકાના માનસશાસ્ત્રી ડૉ. સ્ટીવન્સન કરી ચૂક્યા છે. તેમણે આ હકીકતને સાચી ગણાવી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ગોયાનો આત્મા, જેને સ્વર્ગસ્થ પિતર કહી શકાય તેણે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પ્રત્યુપકાર કર્યો હતો. એની સાથે બીજી પણ એક વાત સ્પષ્ટ થાય છે કે પિતૃઓની પણ એક સીમા હોય છે. તેમના વ્યક્તિત્વનો જેટલો વિકાસ થયો હોય એને અનુરૂપ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ તેઓ કાર્ય કરી શકે છે. ગોયાનો આત્મા કલાકૃતિના સર્જનમાં જ સહયોગ આપી શક્યો.

આ રીતે પિતૃ પોતાની શક્તિ, યોગ્યતા, રુચિ, સ્વભાવ, સંસ્કાર તથા ઈચ્છા પ્રમાણે જ સત્પાત્રોને મદદ કરી શકે છે. એના માટે આંતરિક સાત્ત્વિકતા, સૌમ્યતા, મૃદુતા તથા પિતરો પ્રત્યે શ્રદ્ધા અને સદ્ભાવના હોવી જરૂરી છે.

## ★ અજ્ઞાતની અનુકંપા પ્રત્યે કૃતઘ્ન ના બનશો

ઉપનિષદના ઋષિનો અનુભવ છે કે આત્મા જેનું વરણ કરે છે તેની આગળ પોતાનું રહસ્ય પ્રગટ કરે છે. આ ઉક્તિનો અર્થ એ છે કે ચેતનાના ઊંડાણમાંથી જ રહસ્ય ખુલ્લું થાય છે. માનવીય સંસારની સામયિક જરૂરિયાતો પૂરી કરવા માટે જ્યારે જેટલા અનુદાનની જરૂર હોય છે તેટલા પ્રમાણમાં કોઈ અજ્ઞાત શક્તિ આ ધરતી પર અનુદાન વરસાવતી રહે છે. આ અવતરણ જેના માધ્યમથી થાય છે તે સહજ રૂપે જ શ્રેયનો અધિકારી બની જાય છે.

વૈજ્ઞાનિક શોધનું શ્રેય સ્થૂળ રૂપે જેણે તે કરી હોય તેને મળે છે, પણ વિચારણીય પ્રશ્ન એ છે કે શું તે એક જ વ્યક્તિએ તે સંશોધન પ્રક્રિયા પૂરી કરી છે ? સંશોધકો જે રૂપમાં પોતાના પ્રયોગોને રજૂ કરી શક્યા છે તેને પ્રારંભિક જ કહી શકાય. સૌ પ્રથમ પ્રદર્શન માટે જે શોધો રજૂ કરવામાં આવી તે કુતૂહલપૂર્ણ તો હતી. આશા અને ઉત્સાહ પેદા કરનારા પણ એવા નહોતા કે જે લોકપ્રિય બની શકે અને સહેલાઈથી બધાની જરૂરિયાત પૂરી કરી શકે. રેલગાડી, મોટર, ટેલિફોન, હવાઈજહાજ વગેરેના જે નમૂનાની નોંધણી કરાવવામાં આવી હતી તેમની સ્થિતિ સાર્વજનિક ઉપયોગ કરી શકાય એવી નહોતી. એવી સ્થિતિ તો ધીરે ધીરે બની છે અને તેમના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિકાસમાં મૂળ સંશોધકો જેટલો મનોયોગ અને મહેનત પાછળના બીજા લોકોને પણ કરવી પડી છે.

સંસારનાં મહાન આંદોલનો શરૂઆતમાં તો બહુ નાનાં હતાં. તેમના શરૂઆતના સ્વરૂપને જોઈને કોઈ એવું અનુમાન ના કરી શકે કે તે આટલાં બધાં વિરાટ બનશે અને સંસારની મોટી સેવા કરી શકશે. અવિજ્ઞાતે તે આંદોલનોને જન્મ આપનારી પ્રેરણા જગાડી, કોઈ પરિષ્કૃત અને યોગ્ય વ્યક્તિના માધ્યમથી તેને વિકસિત કરી. એની સાથે સાથે સહયોગીઓની શૃંખલા તૈયાર થતી રહી. ઈસુ, બુદ્ધ, ગાંધીજી વગેરેનાં મહાન આંદોલનોની શરૂઆત તથા તેમનો વિસ્તાર જોતાં લાગે છે કે તે કોઈ અજ્ઞાત શક્તિના ઈશારે જ ફુલ્યાંફાલ્યાં હતાં. તે અજ્ઞાત શક્તિઓમાં પિતૃસત્તાઓનો પણ સમાવેશ થાય છે.

જે સંશોધકોને શ્રેય મળ્યું તેમને ભાગ્યશાળી કહી શકાય. સંપૂર્ણ મનોયોગનું પરિણામ કેવું આવે તેનું ઉદાહરણ આપવા માટે તેમના નામનો ઉત્સાહપૂર્વક ઉલ્લેખ કરી શકાય છે. તેની ચર્ચાથી પણ ઊંડાણમાં ઊતરવાની પ્રેરણા કેટલાય લોકોને મળે છે, પરંતુ એ ન ભૂલવું જોઈએ કે પ્રકૃતિ પોતે જ પોતાનું અંતર ખોલીને તે શોધોનું રહસ્ય પ્રગટ કરે છે. એ વાત સાચી છે કે એ વાતોનું રહસ્ય દરેકની સામે પ્રગટ થતું નથી. પ્રકૃતિ પણ પાત્રતાને પારખે છે. અનુદાન અને કૃપા મફતમાં મળતાં નથી. તેના માટે માણસે પોતાની મનોભૂમિને યોગ્ય બનાવવી પડે છે.

ઈતિહાસનાં પુસ્તકોમાં શોધોની જે રીતે ચર્ચા થાય છે તે તો બહુ પાછળની સ્થિતિ છે. શરૂઆત ક્યાંથી થઈ તે જોઈએ તો ખબર પડશે કે તેમને જરૂરી પ્રકાશ તથા સંકેત અનાયાસે જ મળ્યા હતા. એમાં સંશોધકની તૈયારી તો નહિવત્ હતી. બીજા શબ્દોમાં કહીએ તો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમનામાં ઈશ્વરની પ્રેરણા કે સંદેશ અવતર્યો અને કંઈક મોટું કામ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપીને જતો રહ્યો. સંકેતોને સમજવા માટે તથા બતાવેલા માર્ગે આગળ વધવા બદલ તો તે સંશોધકોની પ્રતિભાની પ્રશંસા કરવી પડશે.

વાત લગભગ ૨૦૦૦ વર્ષ જૂની છે. એશિયા માયનોરના કેટલાક ભરવાડો એક ટેકરી પર ઘેટાં ચરાવી રહ્યા હતા. તેમની લાઠીઓના છેડે લોખંડના ખીલા જડેલા હતા. ત્યાંથી પસાર થતા ભરવાડોએ જોયું કે લાઠી પથ્થરો સાથે ચોંટી જાય છે અને જોર કરે ત્યારે જ છૂટી પડે છે. પહેલાં તો તેમણે તેને કોઈ ભૂતપ્રેતની શક્તિ માની, પરંતુ પછીથી સંશોધન કરતાં ત્યાંથી જ ચુંબકીય વિજ્ઞાનની શરૂઆત થઈ. આજે તો ચુંબકનો એક મોટી શક્તિના રૂપમાં ઉપયોગ થઈ રહ્યો છે.

એ ભરવાડો ચુંબકની શોધ કરવાના ઉદ્દેશ્યથી નહોતા નીકળ્યા. તેમનામાં સંશોધન કરીને ચુંબકનો વિશ્વવ્યાપી ઉપયોગ કરવા જેવી કોઈ મહત્ત્વપૂર્ણ શક્તિ પણ નહોતી.

ન્યુટને જોયું કે ઝાડ પરથી એક સફરજન તૂટીને નીચે પડ્યું. આ દૃશ્ય બધા લોકો જુએ છે, પણ ન્યુટને તે ક્રિયા પર વિશેષ ધ્યાન આપ્યું અને ચિંતન કર્યું કે ફળ નીચે જ કેમ પડ્યું ? ઉપર કેમ ના ગયું ? એનો વિચાર કરતાં કરતાં તેણે પૃથ્વીની આકર્ષણ શક્તિ શોધી કાઢી અને પાછળથી સાબિત કર્યું કે ગ્રહો તથા નક્ષત્રોને આ ગુરુત્વાકર્ષણ બળ જ તેમની જગ્યાએ સ્થિર રાખે છે. આ સિદ્ધાંત મળતાં જ ગ્રહવિજ્ઞાનની અનેક પ્રક્રિયાઓને સમજી શકવાનું સરળ બની ગયું.

ન્યુટનની પહેલાં પણ અનેક લોકોએ ફળોને નીચે પડતાં જોયાં હશે, પરંતુ કોઈ અજાણી શક્તિએ અકારણ જ ગુરુત્વાકર્ષણની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાત તેના મનમાં પેદા કરી દીધી અને તેણે તે સંકેતનું પૂછડું મજબૂત રીતે પકડીને શ્રેય આપનારી વૈતરણી પાર કરી લીધી.

આજથી ૩૦૦ વર્ષ જૂની વાત છે. હોલેન્ડનો ચશ્માં વેચનારો એક માણસ એમ જ બે કાચને એકબીજા પર મૂકીને જોતો હતો. બંને કાચને સાથે રાખીને તેણે આંખ આગળ ધર્યા, તો તેને કંઈક વિચિત્રતા લાગી. દેવળ તેને ખૂબ નજીક લાગ્યું અને તેની પર કરવામાં આવેલું કોતરકામ બિલકુલ ચોખ્ખું દેખાવા લાગ્યું. દૂરબીનનો સિદ્ધાંત આ ઘટનામાંથી જ પ્રાપ્ત થયો અને આજે અનેક પ્રકારનાં નાનાં મોટાં દૂરબીન વિજ્ઞાનની શોધો કરવામાં ખૂબ ઉપયોગી બની રહ્યાં છે.

ચશ્માં વેચવાં તે એક વાત છે અને દૂરબીન બનાવવું એ બીજી વાત છે. તે બંને વચ્ચે સિદ્ધાંત અને વ્યવહારનો કોઈ સીધો સંબંધ નથી, એમ છતાં એક સંકેત મળવાથી એક નવી શોધ થઈ.

સન ૧૮૯૫ની વાત છે. પ્રોફેસર રોન્ટજન પોતાની પ્રયોગશાળામાં હવા વગરની એક કાચની નળીમાં થઈને વિદ્યુતપ્રવાહ પસાર કરવાનો એક પ્રયોગ કરી રહ્યા હતા. યોગાનુયોગ એ જ ઓરડામાં એક જગ્યાએ એક બંધ બોક્સમાં ફોટોગ્રાફીની પ્લેટો મૂકેલી હતી. તે પ્લેટોની જ્યારે જરૂર પડી, તો તેમની ઉપર પ્રયોગ વખતનાં દૃશ્યો અંકિત થયેલાં જોવા મળ્યાં. બંધ બોક્સમાં તે ઘટનાનાં ચિત્રો કઈ રીતે પહોંચ્યાં તેનું સંશોધન કરવાથી એક્સ રેની શોધ થઈ. બધા જાણે છે કે રોગોનું નિદાન અને સર્જરી કરવામાં એક્સ રેના ફોટા કેટલા બધા ઉપયોગી છે.

એક્સ રેની શોધનું શ્રેય ભલે ગમે તે માણસને મળ્યું, તેના શોધકને ભલે ભાગ્યશાળી માનવામાં આવે, પરંતુ પ્રયોગશાળામાં આકસ્મિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રીતે એવો સુયોગ બની ગયો હતો તેની પાછળ કોઈ અજ્ઞાતશક્તિ કામ કરી રહી હશે. નહિ તો લોકો સામે બીજા કેટલાય સંયોગો આવે છે, પરંતુ તે તરફ કોઈનું ધ્યાન જતું નથી.

સંશોધનની વાત હોય કે આંદોલનની, તેમનો શુભારંભ કોઈ અજાણી શક્તિની પ્રેરણાથી જ થાય છે. તેને બ્રહ્મ કહીએ કે પ્રકૃતિ, પરંતુ મૂળ વાત લક્ષ્ય સુધી પહોંચવાની છે, પ્રગતિ સાધવાની છે. તે આત્મા તથા પરમાત્માના ઉદ્‌ગમમાંથી પ્રગટ થાય છે અને એક સહયોગી શૃંખલા પાસેથી પોષણ મેળવીને વિકસિત થાય છે. આ સહયોગ પિતરો તથા સ્વર્ગીય શ્રેષ્ઠ આત્માઓ દ્વારા પણ પ્રાપ્ત થાય છે. તે દેવશક્તિઓ દ્વારા તથા પરમસત્તાની અવ્યક્ત સત્તા દ્વારા પણ પ્રાપ્ત થાય છે.

ભરવાડોએ જ્યારે અગ્નિની શોધ કરી ત્યારે પહેલાં તો તેને ભૂતોનો ઉપદ્રવ માનતા હતા, પછી પિતૃઓની કૃપા માનીને ઉત્સવ ઊજવ્યો, આનંદ મનાવ્યો અને પિતૃઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

શ્રદ્ધાભાવ રાખવાથી તથા શ્રેષ્ઠ જીવનક્રમ અપનાવવાથી ઉચ્ચ કક્ષાના પિતરો વ્યક્તિ તથા સમાજને સુખસગવડોથી ભરી દે એવી પ્રેરણા, પ્રકાશ, સહયોગ તથા અનુદાન વરસાવે છે. તે પિતૃઓ ફક્ત એક જ અપેક્ષા રાખે છે કે એ ઉદાર અનુદાનોનો દુરુપયોગ ના થાય. પરમેશ્વર પણ મનુષ્યો પાસે આવી જ અપેક્ષા રાખે છે, પરંતુ કૃતઘ્ન મનુષ્ય એટલી અપેક્ષા પણ પૂરી કરી શક્તો નથી.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# લૂંટફાટ, અનીતિ, અન્યાયની અવરોધક પિતર સત્તાઓ

જમીનની અંદર રહેલી સંપત્તિનું નિર્માણ ભગવાને એટલા માટે કર્યું છે કે જે તે ક્ષેત્રના નિવાસીઓ તેમની જરૂરિયાતો પૂરી કરી શકે. અનાજ, ફળ, ઔષધિઓ વગેરે તે ક્ષેત્રમાં જન્મેલા લોકોને વધારે અનુકૂળ આવે છે. આજે ઝડપી વાહનોના કારણે તે ઉત્પાદનોને દૂરનાં સ્થળોએ મોકલી શકાય છે, પરંતુ બીજા ક્ષેત્રના લોકો માટે તે લાભદાયક બનવાના બદલે હાનિકારક બનવાની શક્યતા વધારે છે. આવા કેટલાય દૃષ્ટિકોણથી ક્ષેત્રીયતાની વાત ખૂબ મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે.

ખનિજસંપત્તિ તથા બીજી પ્રાકૃતિક સંપદાની બાબતમાં પણ આવું જ છે. એ જે તે ક્ષેત્રના નિવાસીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે. ઉત્તર ધ્રુવના રહેવાસીઓ તથા પ્રાણીઓની શારીરિક રચના તથા ત્યાં મળતા પદાર્થોને જોઈને અનુમાન કરી શકાય છે કે પ્રકૃતિની વિતરણ વ્યવસ્થા કેટલી દીર્ઘદૃષ્ટિવાળી છે. ખનિજો તથા પ્રાકૃતિક સંપત્તિ વિશે પણ આવું જ છે.

પ્રાદેશિક પદાર્થોનો લાભ લેવાનો પહેલો અધિકાર ત્યાંના ભૂમિપુત્રોનો છે. ત્યાર પછી જ બીજા લોકો તેમનો લાભ લઈ શકે. આના આધારે જ દેશોના પ્રાંતીય અધિકારોને માન્યતા મળે છે. સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદની નિંદા થવાનું કારણ એ જ છે કે સ્થાનિક લોકોને આપવામાં આવેલી કુદરતી સંપત્તિનું અપહરણ બીજા લોકો કરી જાય છે. એના લીધે અર્થવ્યવસ્થા તથા અનીતિ ફેલાય તે સ્વાભાવિક છે. આવા શોષણ તથા અપહરણનો વિશ્વન્યાયના આધારે વિરોધ થાય છે, તો બીજી બાજુ ઈશ્વરીય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યવસ્થા પણ તેને નાબૂદ કરવામાં મદદરૂપ બને છે. જ્યારે બળવાન લોકો નિર્બળોની ચીજોનું અપહરણ કરીને અનીતિ આચરે છે ત્યારે પ્રકૃતિ પણ તેનો વિરોધ કરતી જોવા મળે છે.

અમેરિકાની ભૂમિ પર એ દેશના મૂળ નિવાસીઓનો જ અધિકાર ગણાય. ત્યાંની કુદરતી સંપત્તિનો લાભ એમને જ મળવો જોઈએ. ગોરાઓએ બળપૂર્વક તે ભૂમિ પર પોતાનો કબજો જમાવી દીધો છે, પરંતુ કુદરત તો ત્યાંના મૂળ નિવાસીઓની તરફેણમાં જ છે અને લૂંટારાઓને અસફળ બનાવવામાં સહયોગ આપે છે. આ સંદર્ભમાં ત્યાંના સોનાના વિસ્તારો માટેના ગોરાઓના પ્રયત્નોની નિષ્ફળતા વિચારણીય છે.

અમેરિકાના એરિઝોના રાજ્યમાં ખાઈઓવાળો ગીચ જંગલોનો પ્રદેશ છે. તે અગમ્ય અને ડરામણો વનપ્રદેશ છે. તેનામાં કેટલીક રહસ્યમય વિશેષતાઓ છે. અલૌકિક રહસ્યો શોધનારા લોકો તથા વૈજ્ઞાનિકો માટે ત્યાંનું રહસ્ય એક કોયડા સમાન છે.

એવું કહેવાય છે કે તે પ્રદેશમાં આકાશમાંથી સોનાની રજકણો વરસે છે અથવા તો પહાડો તેને અદૃશ્ય લાવાની જેમ બહાર કાઢે છે. એ જે હોય તે, પરંતુ ત્યાંની ટેકરીઓને સોનાના પર્વતો કહેવામાં આવે છે. તે સંપત્તિની લાલચમાં અનેક લોકો ત્યાં જાય છે.

સંપત્તિનો લોભ જેટલો આકર્ષક છે એટલો જ ત્યાંના ચોકીદાર એવાં પ્રેતપિશાચોનો ડર પણ રહે છે. તે સંપત્તિના લોભમાં અત્યાર સુધીમાં હજારો સાહસિક લોકો ત્યાં ગયા છે. તેમાંના મોટા ભાગનાને જીવ ખોવો પડ્યો છે. જેઓ ગમે તે રીતે જીવતા પાછા આવ્યા છે તેમણે સોનાના અસ્તિત્વનું આંખે જોયેલું વિવરણ સંભળાવ્યું છે, પરંતુ સાથે સાથે એવું પણ કહ્યું છે કે ત્યાં અદૃશ્ય આત્માઓનો આતંક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બહુ ભયંકર છે. સોનું મેળવવાની લાલચમાં જેઓ ત્યાં જાય છે તેમનો તેઓ પીછો કરે છે અને જેઓ ભાગી ન જાય તેમનો જાન લઈ લે છે.

ત્યાંની જમીનની વિશેષતાનું સંશોધન કરવા માટે જે લોકો ત્યાં ગયા છે તેમણે તે ક્ષેત્રને રશિયાના સાઈબીરિયાની જેમ રેડિયો કિરણોથી પ્રભાવિત જોયું છે. રશિયાના વૈજ્ઞાનિકો સાઈબીરિયાના કેટલાક વિસ્તારોને કોઈ અજ્ઞાત વિકિરણથી પ્રભાવિત માને છે અને કહે છે કે ક્યારેક અંતરિક્ષ કે ધરતીમાંથી અણુ વિસ્ફોટ જેવી ઘટના બની શકે. કોઈ ઉલ્કાપાતના કારણે પણ એવું થઈ શકે. અમેરિકાના લોકો પણ આ ક્ષેત્રની સરખામણી સાઈબીરિયા સાથે કરે છે. અહીં એક છસો ફૂટ ઊંડી અને એક માઈલ લાંબી ખાઈ છે. એવું માનવામાં આવે છે કે તે કોઈ ઉલ્કાપાતનું પરિણામ છે. કોઈ ઉદ્દેશ્યથી તે વિસ્તારમાં જતા લોકો પર ત્યાંનું રેડિયો વિકિરણ જ તેમને આતંકિત કરવા જેવી અસર પેદા કરતું હશે અને તેને ભૂતપ્રેતોનું આક્રમણ માની લેવામાં આવતું હશે.

રહસ્યવાદીઓનું માનવું છે કે યુરોપિયનોએ તે પ્રદેશ પર કબજો જમાવ્યો તેની પહેલાં ત્યાં આદિવાસી લોકો રહેતા હતા. એમાં અપેન્ચી કબીલો મુખ્ય હતો. તેની સાથે ગોરાઓની લડાઈઓ થતી રહી અને તે માર્ગના કાંટાઓને દૂર કરવા માટે શાસકોએ ક્રૂર રીતે નરસંહાર કર્યો હતો. એ મૃતકોના આત્માઓ જ વેરભાવના રાખે છે અને જે કોઈ ત્યાં જાય છે તેની પર તૂટી પડે છે.

એનું કારણ શું છે એ તો અત્યાર સુધી સમજી શકાયું નથી, પરંતુ સોનું વરસવાની અને આતંક છવાયેલો રહેવાની વાત સાચી છે. તેના વિશે ઘણા વખતથી દંતકથાઓ પ્રચલિત છે. ત્યાં જઈને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અઢળક સોનું લઈ આવવાનો વિચાર તો ઘણા લોકોએ કર્યો, પરંતુ સૌથી પહેલું સાહસ પાઈલીન વીવરે કર્યું. તે કેટલાક સાથીઓની સાથે જરૂરી સાધનસામગ્રી લઈને ગયો અને તે વિસ્તારમાં ડેરા નાખ્યા. તેના બીજા બધા સાથીઓ તો ઊંઘી ગયા, પરંતુ વીવરને ઊંઘ ન આવી. તે એકલો ઉઠ્યો અને કુતૂહલવશ દૂર સુધી પહોંચી ગયો. ત્યાં તેણે સોનાના ટુકડા જોયા. ધ્યાનથી જોયું તો તે સો ટકા સોનાના જ હતા. તેણે ઊંચકી શકાય તેટલા ટુકડા ભેગા કરીને પોતાની સાથે લીધા અને પાછો આવ્યો. તંબુ પાસે આવતાં જ તેનો આનંદ આતંકમાં ફેરવાઈ ગયો. તંબુ બળી ગયો હતો અને તેના સાથીઓની રાખ જ બચી હતી. તેણે ઊંચે નજર કરીને પર્વતના શિખર તરફ જોયું, તો ગીધોના ઝુંડની જેમ ભયંકર છાયાઓ તેના તરફ આગળ વધતી દેખાઈ. ડરના કારણે તે બેહોશ થઈ ગયો. ઘણા સમય પછી તે ભાનમાં આવ્યો અને ગમે તેમ કરીને ત્યાંથી ભાગ્યો અને ઘેર પાછો ફર્યો.

આ ઘટનાની ચર્ચા તો બહુ થઈ, પરંતુ બીજીવાર ત્યાં જવાનું સાહસ કોઈએ ના કર્યું. એનાં સોળ વર્ષ પછી મેક્સિકોનો પેરલટા નામનો એક સાહસિક એક મજબૂત અને સાધનસંપન્ન ટુકડી લઈને ત્યાં ગયો. તે ટુકડીના બધા જ સભ્યો મરી ગયા. ફક્ત એક જણ જીવતો પાછો ફર્યો. તેણે ત્યાંના સોના વિશે અને માથા પર ભમતી વિપત્તિઓનું જે વર્ણન કર્યું તેનાથી લોકોમાં કુતૂહલ તો જાગ્યું, પણ બીજા કોઈએ ત્યાં જવાનું સાહસ ના કર્યું.

કેટલીકવાર કોઈ એકલદોકલ માણસ કે ટુકડીઓ બનાવીને લોકો ત્યાં જતા હતા, પરંતુ તેમને જીવ ખોયા સિવાય બીજું કાંઈ પ્રાપ્ત ના થયું. ત્યાર પછી અમેરિકાના એક પ્રખ્યાત ડૉક્ટર લવરેન કોમલીએ ખૂબ તૈયારી સાથે ત્યાં જવાનું અભિયાન હાથ ધર્યું. સાધનો અને જે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાંઈ માહિતીની જરૂર હતી તે બધું તેમણે પ્રાપ્ત કરી લીધું હતું. તેના સાથીઓ તો અધવચ્ચેથી જ પાછા ફર્યા અને માયાવી છાયાઓના ભયંકર આતંકની વાતો સંભળાવતા રહ્યા. લવરેને શોધખોળને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન માની લીધો હતો, તેથી તેઓ એકલા જ આગળ વધ્યા, પરંતુ સોનાના બદલે ગાંડપણ લઈ પાછા ફર્યા. થોડાક દિવસ સુધી ભયભીત રહીને છેવટે મૃત્યુ પામ્યા. હોનોલૂલૂના ધંધાદારીઓની એક ટુકડી સોનું મેળવવાના આશયથી ત્યાં ગઈ અને ઓસ્ટ્રેલિયાના એક યુવક ફેઝે તે રહસ્ય પરથી પડદો હઠાવવાનો નિશ્ચય કર્યો, પરંતુ એ લોકોને પણ નિષ્ફળતા મળી. જર્મનીના એન્જિનિયરોની એક ટુકડી વાલેજના નેતૃત્વમાં ખૂબ શક્તિ અને વિશ્વાસ સાથે ત્યાં ગઈ. વાલેજ પોતાની અગાઉના સંશોધકો કરતાં વધુ ચતુર હતો. તેણે ત્યાંની એક આદિવાસી યુવતીને લલચાવીને તેની સાથે લગ્ન કરી લીધાં અને તેની મદદથી સોનાના ભંડારનું સ્થળ તથા પેલી પ્રેતછાયાઓનો ભેદ જાણવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે છાયાઓને એની ખબર પડી ગઈ. તેમણે એ યુવતીનું અપહરણ કરી લીધું અને વાલેજની જીભ કાપી લીધી. એના કષ્ટથી તેનું મૃત્યુ થઈ ગયું.

તેના સાથેઓને તેની ડાયરી મળી ગઈ. તેના ઉપરથી ખબર પડી કે તેણે સોનાના ભંડારનો પત્તો મેળવી લીધો હતો. જમીનની અંદર રહેલા કેટલાંક રહસ્યમય સ્થળો જોયાં અને પ્રેતાત્માઓને થાપ આપીને સુરંગોના માધ્યમથી બચવામાં સફળ થતો રહ્યો. તે બધું તેની આદિવાસી પત્નીની મદદથી જ શક્ય બન્યું હતું, પરંતુ દુર્ભાગ્યે તેનો પીછો ના છોડ્યો અને છેવટે તે પોતાનો જીવ ખોઈ બેઠો. તેણે સન ૧૮૯૧માં એ પ્રયત્ન કર્યો હતો. ત્યાર પછી સન ૧૯૫૯ માં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છેલ્લો પ્રયત્ન કરવામાં આવ્યો. સ્ટેનલો ફર્નેલ્ડ અને ફરેસ નામના બે જણે સોનું મેળવવા માટે નવેસરથી સંયુક્ત પ્રયત્ન કર્યો. એમાં અગાઉ પડેલી મુશ્કેલીઓ અને સફળતાને સંપૂર્ણ રીતે ધ્યાનમાં રાખવામાં આવી હતી. બહુ મોટા પાયે ઘણા દિવસો સુધી પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ એનું પરિણામ એટલું જ આવ્યું કે ફરેસે પોતાનો જીવ ગુમાવ્યો અને ફર્નેલ્ડ ગમે તે રીતે જીવ બચાવીને પાછો આવ્યો, પરંતુ તેને કશું જ પ્રાપ્ત ના થયું.

આ સોનું મેળવવાના પ્રયત્નોમાં જેટલા મૃતકોની લાશો મળી તે બધામાં એક સમાનતા હતી કે તેમનાં મોત શરીરમાંથી લોહી ચૂસી લેવાથી થયાં હતાં. એમાંથી કોઈના પણ શરીર પર ક્યાંય છિદ્ર જોવા ના મળ્યું અને તેમનાં કપડાં પર કે જમીન ઉપર પણ લોહી ટપકેલું જોવા ના મળ્યું. તો પછી એ લોહી ચૂસવાની ક્રિયા કોના દ્વારા અને કઈ રીતે થઈ તે કોયડો આજે પણ રહસ્યમય રહ્યો છે.

એવું લાગે છે કે સૂક્ષ્મ જગતમાં આજે પણ કોઈક અદૃશ્ય ચોકીદારો મોજૂદ છે, જેઓ ન્યાયનું સમર્થન કરવા અને લૂંટફાટનો વિરોધ કરવા જાગરૂક રહે છે. કદાચ તે ક્ષેત્રની રખેવાળી તે આત્માઓ જ કરતા હશે. એવું પણ માનવામાં આવે છે કે જે લોકોની સંપત્તિ લૂંટી લેવામાં આવી અને જેમને નિર્દયતાપૂર્વક રહેંસી નાખવામાં આવ્યા તેમના આત્માઓ વેરની ભાવના સાથે તે વિસ્તારમાં રહેતા હોય અને મફતમાં ધન મેળવનારાઓને અટકાવતા હોય. આત્માઓ ન્યાયનું સંરક્ષણ અને અન્યાયનો વિરોધ કરે છે તે એક હકીકત છે. સાથે સાથે કુદરતની વ્યવસ્થામાં સ્થાનિક લોકોને લાભ મળવાની જે નીતિમર્યાદા છે તેનું ઉલ્લંઘન કરવાના કારણે લોકોને ભયંકર પરિણામ ભોગવવું પડતું હોય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

## ★ સૂક્ષ્મ શક્તિઓ જગાડવાનું અદ્‌ભુત પરિણામ

મનોવૈજ્ઞાનિક ફ્લેમેરિયને કહ્યું છે કે માનવીય વિદ્યુતનું એક ઊંડું પડ ઓજસ છે. જો તેનું પૂરતું પ્રમાણ પ્રાપ્ત થાય તો માણસ સૂક્ષ્મ અતીન્દ્રિય શક્તિથી સંપન્ન બની શકે છે. માનવીય વિદ્યુત પર વિશેષ સંશોધન કરનાર વિક્ટર ઈ. ક્રોમર કહે છે કે મનની શક્તિને ઘનીભૂત કરવાની કળામાં કુશળતા પ્રાપ્ત કરીને તેનો કોઈ ચોક્કસ દિશામાં ઉપયોગ કરી શકાય છે. તે એટલો મોટો શક્તિ સ્રોત છે કે માણસના વ્યક્તિત્વનું કોઈ પણ પાસું તેના પ્રયોગથી ખૂબ પ્રખર અને ઉજ્જ્વળ બની શકે છે. એ પ્રયોગ જો પોતાની સૂક્ષ્મશક્તિઓને જાગૃત કરવા માટે કરવામાં આવે તો અતીન્દ્રિય ચેતનાના ક્ષેત્રમાં ધારી સફળતા મળી શકે છે.

બહાઈ ધર્મના સ્થાપક મહાત્મા બાવને પ્રાચીન પરંપરાઓ કરતાં જુદી માન્યતાઓનો પ્રચાર કરવાના કારણે ત્યાંના શાસકે મૃત્યુદંડ કર્યો. તેમને ૯ મી જુલાઈ ૧૮૫૦ના દિવસે સવારે દસ વાગે જાહેરમાં તબરિજના મેદાનમાં ગોળીથી વીંધી નાખવાના હતા. દસ હજાર દર્શકો ત્યાં હાજર હતા. મહાત્મા બાવ અને એમના એક અનુયાયીને દોરડાથી બાંધીને અધ્ધર લટકાવ્યા હતા અને અઢીસો અઢીસો સૈનિકોની ત્રણ ટુકડીઓ ભરી બંદૂકે ઊભી રાખવામાં આવી હતી. એક ટુકડી એક સાથે અઢીસો ગોળીઓ છોડે, છતાં પણ અપરાધી બચી જાય, તો બીજી ટુકડી ગોળીઓ છોડે અને એમ છતાં પણ જો કોઈ કસર રહી જાય તો ત્રીજી ટુકડી ગોળીઓ છોડે. સાતસો પચાસ ગોળીઓમાંથી એક પણ ગોળી ના વાગે એવું તો ન જ બને. તે જમાનામાં મૃત્યુદંડની લગભગ આવી જ પ્રથા હતી. નક્કી કર્યા પ્રમાણે ગોળીઓ છોડવામાં આવી, પરંતુ ૭૫૦માંથી એક પણ ગોળી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ના વાગી. મહાત્મા બાવ તેમના અનુયાયી સાથે બચી ગયા. આ ઘટના કોઈ દંતકથા નથી. સામાન્ય રીતે લોકો પોતાના પ્રિય દેવ કે ગુરુનું મહત્ત્વ વધારવા માટે એવી દંતકથાઓ ફેલાવીને બીજા લોકોને પોતાના તરફ આકર્ષે છે.

ઈંગ્લેન્ડ સરકારના વિદેશ વિભાગમાં સાર્વજનિક કાર્યાલયમાં આ ઘટનાની સાક્ષીરૂપે એક મહત્ત્વનો દસ્તાવેજ મોજૂદ છે. તે ૨૨મી જુલાઈ ૧૮૫૦ના રોજ લખાયેલો છે અને તેનો રેકોર્ડ નંબર F.O. 60/153/88 છે. તે મહારાણી વિક્ટોરિયાના ખાસ પ્રતિનિધિ સર જસ્ટિનશીલનો લખેલો છે. તેમાં આ ઘટના નજરે જોવાની પુષ્ટિ કરવામાં આવી છે.

સમર્થ મહાત્માઓ પોતાની સૂક્ષ્મશક્તિઓનો પ્રયોગ કુતૂહલ વધારવા કે ચમત્કાર બતાવવા માટે ભલે કદાપિ ન કરે, પરંતુ અત્યાચાર તથા અન્યાયનો વિરોધ કરવા તેઓ અવશ્ય આગળ આવે છે. આવું જ અદૃશ્ય સૂક્ષ્મ શક્તિઓ તથા પિતરસત્તાઓ વિશે પણ છે.

પરમાત્માના ઈશારાને સમજનાર તે શરીરધારી મહામાનવ હોય કે પછી અશરીરી સૂક્ષ્મસત્તાઓ હોય, તેઓ અન્યાય તથા અધર્મનો નાશ કરવા માટે પોતાની શક્તિઓનો ઉપયોગ કરે છે. જ્યારે સૂક્ષ્મ અતીન્દ્રિય શક્તિઓ દ્વારા આ કાર્યો થાય છે ત્યારે લોકો તેને ચમત્કાર માની બેસે છે, પરંતુ વાસ્તવમાં તો તે એક સ્વાભાવિક નિયમ જ છે.

પિતરસત્તાઓમાં આ શક્તિ મર્યાદિત પ્રમાણમાં હોય છે, પરંતુ એનો અર્થ એવો નથી કે અન્યાય અને અનીતિનો વિરોધ સીમિત પ્રમાણમાં જ થઈ શકે છે. પિતૃઓ કરતાં બહુ મોટી અને વિશાળ ભૂમિકા તો દેવસત્તાઓ તથા તે બધાના ઉદ્‌ગમ સ્વરૂપ સર્વોચ્ચ સત્તાની છે. ધર્મના સંરક્ષણ અને અધર્મ, અનીતિ તથા અનાચારનો નાશ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાની ઈશ્વરીય પ્રક્રિયા બ્રહ્માંડવ્યાપી છે. તે દરેક દેશકાળમાં ચાલતી જ રહે છે.

અન્યાયી કૌરવો ભરીસભામાં દ્રૌપદીનું ચીરહરણ કરવા તૈયાર થઈ ગયા હતા. કોઈ તે અનીતિનો વિરોધ કરતું ન હતું. ભીષ્મ તથા દ્રોણ જેવા વિદ્વાનો માથું ઝુકાવીને બેઠા હતા. એક લાચાર અબળાની લાજ લુંટાઈ રહી હતી. પરમસત્તાથી આ અન્યાય દેખી ના શકાયો. તેમણે મદદ કરીને તેની લાજ બચાવી.

દમયંતી ગીચ જંગલમાં એકલી હતી. પારધી તેનું સતીત્વ નષ્ટ કરવા તૈયાર થયો હતો. બીજું કોઈ તેની મદદે આવી શકે તેમ ન હતું. દમયંતીની આંખોના તેજમાંથી ભગવાન પ્રગટ થયા અને પારધી બળીને ભસ્મ થઈ ગયો. દમયંતીને કોઈ આંચ ન આવી. પ્રહ્‌લાદને મારવા માટે તેનો પિતા જ તૈયાર થઈ ગયો હતો, પછી કઈ રીતે બચી શકાય ? પરંતુ થાંભલામાંથી નૃસિંહ ભગવાન પ્રગટ થયા અને પ્રહ્‌લાદનું રક્ષણ કર્યું. પાંડવોને રાજ્યમાંથી કાઢી મૂકતાં તેમને મદદ કરવા માટે ભગવાન પોતે આવ્યા. ભગવાને અર્જુનનો રથ પણ હાંક્યો. નરસિંહ મહેતાની લાજ રાખવા માટે ભગવાને હંમેશાં સહાય કરી. મગરના મુખમાંથી હાથીને છોડાવવા માટે ભગવાન ઉઘાડા પગે દોડી આવ્યા હતા. મીરાને ઝેરનો પ્યાલો તથા સાપનો કરંડિયો મોકલવામાં આવ્યો, છતાં તે મર્યાં નહિ. ભગવાને તેમના વિષને અમૃત બનાવી દીધું. ગાંધીજીને અનેક સહયોગીઓ મળ્યા અને તેઓ શક્તિશાળી અંગ્રેજો સામે હથિયાર વગર લડ્યા તથા જીત મેળવી. ભગીરથની તપસ્યાથી ગંગાજી દ્રવિત થઈ ગયાં અને ધરતી પર આવવા માટે તૈયાર થઈ ગયાં. શિવજી મદદે આવ્યા અને ગંગાજીને પોતાની જટામાં ધારણ કર્યાં. ભગીરથની સાધના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સફળ થઈ. દુર્વાસાના શાપથી રાજા અંબરિષને બચાવવા માટે ભગવાનનું સુદર્શન ચક્ર દોડી આવ્યું. સમુદ્ર પાસેથી ટિટોડીનાં ઈંડાં પાછાં અપાવવા માટે ભગવાન અગસ્ત્ય મુનિ બનીને આવ્યા હતા.

સનાતનસત્તા તો કાળની ગતિ અને બ્રહ્માંડથી પર છે. તે પ્રાચીનકાળમાં હતી અને આજે પણ છે. આજે પણ તે બધાયને મદદ કરતી જ રહે છે. ટંગસ્ટનના તાર સાથે ધન તથા ઋણ વિદ્યુતપ્રવાહો મળે છે ત્યારે તે પ્રકાશે છે, એ જ રીતે ભગવાન પણ શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ગમે ત્યારે ગમે ત્યાં પ્રગટ થતા રહે છે. પરમેશ્વર અદશ્યરૂપે અવશ્ય મદદ કરે છે.

તાત્પર્ય એ જ છે કે અનીતિ અને અન્યાયના વિરોધમાં મહામાનવો તથા સર્વવ્યાપી પરમાત્મા આગળ આવે છે. ઉચ્ચ સંસ્કારવાળા પિતૃઓ પણ પોતાની સૂક્ષ્મ શક્તિ દ્વારા અનીતિના માર્ગમાં અવરોધ બનીને પીડિત માણસના પક્ષમાં વાતાવરણનું નિર્માણ કરે છે અને તેને અવશ્ય મદદ કરે છે. આનો અર્થ એ છે કે દરેક માણસે સાહસપૂર્વક હંમેશાં સન્માર્ગે આગળ વધતા રહેવું જોઈએ. સાથે સાથે અદશ્ય સત્તાઓ પ્રત્યે હંમેશાં ઊંડી શ્રદ્ધા રાખવી જોઈએ. એ અદશ્યસત્તાઓમાં પિતૃ તથા દેવો જેવી સૂક્ષ્મશક્તિઓ પણ આવે છે. સર્વોચ્ચ બ્રહ્મસત્તા તો સર્વવ્યાપી છે જ.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પિતૃ - અદૃશ્ય સહાયક

આઇન્સ્ટાઇન કહે છે કે પદાર્થની સૂક્ષ્મતર સત્તા સુધી જ્યારે મારી કલ્પના અને અનુભવશક્તિ પહોંચી જાય છે ત્યારે મને એવી ખાતરી થાય છે કે ત્યાં પહેલેથી જ કોઈક વિચાર અને પરિવર્તન કરનારી ચેતનસત્તા મોજૂદ છે. મેં તો માત્ર તેની સાથે એકત્વ સાધ્યું છે. હવે મને વિશ્વાસ થવા લાગ્યો છે કે તે કોઈ અદૃશ્ય જગતની સૂક્ષ્મ, પરંતુ મહાન શક્તિશાળી સત્તા છે.

આધ્યાત્મિકતાનો ઉદ્દેશ્ય પણ પરમાત્મા અથવા રક્ષણ કરનારી વિશ્વની કોઈ મહાન શક્તિની સાથે જોડાવાનો છે. બ્રહ્માંડનું અસ્તિત્વ અને તેનું સત્ય, જેની અંદર કદાચ લાખ્ખો વિશ્વ છે, જેનો કોઈ અંત નથી તે આપણી ઇન્દ્રિયો અને બુદ્ધિના અનુભવની વસ્તુ છે. ઉપલક નજરે જોતાં તો આ બ્રહ્માંડ અવ્યવસ્થિત છે એવું લાગે, પરંતુ જ્યારે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, હર્શલ, પ્લુટો અને બીજા ગ્રહો તથા નક્ષત્રોની પ્રવૃત્તિ તરફ નજર કરીએ છીએ ત્યારે એવું લાગે છે કે બધું જ એક વ્યવસ્થા અને નિયમની અંતર્ગત ચાલી રહ્યું છે. એનાથી ખબર પડે છે કે બધાને જોડનારી એક શક્તિ છે. તે પ્રકૃતિ કે બુદ્ધિનો કોઈ ભાગ નથી, પરંતુ તદ્દન સ્વતંત્ર, નિર્લિપ્ત તથા બંધનમુક્ત છે.

માણસમાં પણ તે જ શક્તિનો પ્રકાશ હાજર છે, પરંતુ તે માંસમજ્જાના બંધનમાં બંધાઈને પોતાને તેની સાથે જોડાયેલાં સંવેદનો સુધી સીમિત માને છે. શ્રી સી.ડબલ્યુ. લેડવીટરે પોતાના પુસ્તક 'ઇનવિઝિબલ હેલ્પર્સ'માં લખ્યું છે કે ઉચ્ચતર લોકોમાં ક્રિયાશીલ રહેતા પિતર આત્માઓ જ્યારે મનુષ્યોને જુએ છે ત્યારે તેમને હાડમાંસના પિંડમાં કેદ જોઈને દુખી થાય છે તથા તેમના પર દયા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ આવે છે. સામાન્ય માણસ મરેલી વ્યક્તિને સુખ તથા આનંદથી વંચિત થઈ ગયેલી માને છે, જ્યારે પિતૃસત્તાઓ જુએ છે કે સંકુચિતતાથી ઘેરાયેલો શરીરધારી મનુષ્ય જ સહજ આનંદથી વંચિત છે. તેમનામાંથી જે કોઈ આનંદપૂર્ણ પ્રકાશની દિશામાં આગળ વધે છે અથવા જેમનામાં આગળ વધવાની સંભાવના હોય છે અને જેઓ દોષદુર્ગુણોમાં બહુ ફસાતા નથી તેમને મદદ કરવા માટે પિતૃસત્તાઓ હંમેશાં તૈયાર રહે છે.

નિર્દોષ બાળકો તથા સજ્જનોને મુશ્કેલીના સમયમાં તે પિતૃસત્તાઓ આકસ્મિક મદદ કરે છે અને અપાર વિપત્તિઓ નીચે દબાઈ જવા છતાં પણ તેમનો વાળ વાંકો થતો નથી.

આ પિતૃસત્તાઓની કરુણા અને શક્તિનું પ્રમાણ આપનારી ઘટનાઓ ઘણીવાર સાંભળવા મળે છે.

શ્રી લેડવીટરે પોતાના ઉપરોક્ત પુસ્તકમાં એવા અનેક અનુભવો તથા ઉદાહરણો આપ્યાં છે -

એકવાર લંડનની હોલબર્ન સડક પર ભયંકર આગ લાગી. તેમાં બે મકાનો બળીને રાખ થઈ ગયાં. એક ઘરમાં એક ડોસી ધુમાડાના કારણે શ્વાસ ઘુંટાઈ જવાથી મરી ગઈ હતી. તેના સિવાય બાકી બીજા બધાને બચાવી લેવામાં આવ્યા. આગ એટલી ભયંકર હતી કે કોઈ પણ સામાન બહાર ન કાઢી શકાયો.

જ્યારે બંને મકાનો લગભગ આખાં બળી ગયાં હતાં ત્યારે ઘરની માલિક સ્ત્રીને યાદ આવ્યું કે તેની એક બહેનપણી તેના પુત્રને એક રાત માટે તેને સોંપીને કોલચેસ્ટર ગઈ હતી. તે બાળકને અટારીમાં સુવડાવવામાં આવ્યો હતો. તે ભાગ આગની જ્વાળાઓથી ઘેરાઈ ગયો હતો. પથ્થર પણ ઓગળી જાય એટલી બધી તીવ્ર આગ હતી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવી સ્થિતિમાં બાળકના બચવાની આશા રાખવી નકામી હતી. વળી તેની તપાસ કરવા પણ કોણ જાય ? એમ છતાં આગ હોલવનારાઓમાંથી એક જણે સાહસ કર્યું. તેણે ઉપકરણો બાંધ્યાં અને બાળકને જ્યાં સુવડાવ્યો હતો ત્યાં પહોંચી ગયો. આગથી ફર્શનો મોટો ભાગ બળીને નીચે પડી ગયો હતો. આગ ઓરડામાં એક ગોળાકાર ભાગને છોડીને એક બારી તરફ વળી ગઈ હતી. તે ગોળ સુરક્ષિત સ્થાનમાં પેલો બાળક સુરક્ષિત હતો. તે ગભરાઈ તો ગયો હતો, પરંતુ આગ તેના તરફ આગળ ન વધી. ખાટલાની આસપાસ આગ ફરકી ન હતી. ત્યાં એક પ્રકારનું દિવ્યતેજ ફેલાઈ ગયું હતું. જ્યાં સુધી આગ હોલવનારે બાળકને ઊંચકી ન લીધો ત્યાં સુધી તે દિવ્ય પ્રકાશ ત્યાં ફેલાયેલો રહ્યો. પેલો માણસ બાળકને લઈને ત્યાંથી નીકળ્યો કે તરત જ પેલું દિવ્યતેજ ગાયબ થઈ ગયું અને પછી ત્યાં આગ પણ ફરી વળી.

બર્કિંગહામશાયરમાં બર્નહોલવિયોની નજીક બનેલી એક ઘટનામાં આવો જ દૈવિક હસ્તક્ષેપ લગભગ એક કલાક સુધી જોવા મળ્યો. એક ખેડૂત પોતાના ખેતરમાં કામ કરી રહ્યો હતો. તેના બે નાનકડા પુત્રો પણ હતા. તેઓ ઝાડ નીચે છાંયડામાં રમી રહ્યા હતા. ખેડૂતનું ધ્યાન રહ્યું નહિ અને પેલા બંને બાળકો રમતા રમતા જંગલમાં દૂર જતા રહ્યા અને રાતના અંધારામાં ભૂલા પડી ગયા.

આ બાજુ ખેડૂત જ્યારે ઘેર ગયો ત્યારે તેને બાળકો જોવા ના મળ્યા, આથી તેણે ચારેય તરફ તપાસ કરી. પરિવાર અને પડોશના અનેક લોકો ખેતર પાસે ગયા. ત્યાં જતાં બધાએ જોયું કે દીવાની જ્યોતના આકારનો ભૂરા રંગનો દિવ્ય પ્રકાશ કોઈ પણ માધ્યમ વગર પ્રગટી રહ્યો હતો. પછી તે પ્રકાશ સડક તરફ આગળ વધ્યો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેલા લોકો તેની પાછળ પાછળ આવવા લાગ્યા. પ્રકાશ પેલા જંગલમાં ગયો. ત્યાં એક વૃક્ષ નીચે બંને બાળકો સૂઈ રહ્યા હતા. માબાપે જેવા પેલા બાળકોને ઊંચકી લીધા કે તરત જ પેલો પ્રકાશ ગાયબ થઈ ગયો.

દૈનિક 'હિંદુસ્તાન'માં છપાયેલી એક ઘટના નીચે મુજબ છે –

જબલપુરની ઘટના છે. ભક્ત પ્રહ્લાદના સમયમાં બનેલી ઘટનાનું પુનરાવર્તન આ કળિયુગમાં થયું, જેમાં કુંભારના સળગતા નિભાડામાં ભગવાને બિલાડીનાં બે બચ્ચાંની રક્ષા કરી હતી. ફેર ફક્ત એટલો જ હતો કે તે વખતે બિલાડીનાં બચ્ચાં હતાં અને આ વખતે પક્ષીનાં ઈંડાં હતાં. પન્ના જિલ્લાના ધર્મપુર ગામમાં ઈંટો પકવવા માટે એક ભઠ્ઠો બનાવવામાં આવ્યો. ભઠ્ઠાને જ્યારે બંધ કરવામાં આવ્યો અને આગ મૂકવામાં આવી ત્યારે કોઈને ખબર ના પડી કે ઈંટોની વચ્ચે એક પક્ષીએ માળો બનાવ્યો છે અને તેમાં પોતાનાં ઈંડાં મૂક્યાં છે. એક અઠવાડિયા સુધી ભઠ્ઠો સળગતો રહ્યો અને તેની ગરમીથી ઈંટો પાકતી રહી. આઠમા દિવસે ભઠ્ઠો ખોલવામાં આવ્યો ત્યારે એક પક્ષી તેમાંથી ઊડીને ભાગ્યું. તપાસ કરતાં ખબર પડી કે જ્યાં તેનો માળો હતો ત્યાં આગ પહોંચી જ નહિ. ત્યાંની ઈંટો કાચી હતી. આ દૃશ્ય જોઈને લોકોને વિશ્વાસ કરવો પડ્યો કે અદૃશ્ય શક્તિઓનું અસ્તિત્વ છે.

## ★ માત્ર સંયોગ નહોતો

બિહારમાં એકવાર જોરદાર ભૂકંપ થયો. કેટલાક દિવસો સુધી ધરતી ધ્રૂજતી રહી. પાછળથી ખબર પડી કે શહેરોનાં શહેરો ધ્વસ્ત થઈ ગયાં છે. એ દુર્ઘટનામાં હજારો લોકોના જીવ ગયા. મુંગેર નગરમાં એ દિવસે હાટ ભરાયું હતું. બપોરનો સમય હતો. હજારો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકો ખરીદવેચાણમાં તલ્લીન હતા. એ જ વખતે ભૂકંપ આવ્યો અને હજારો લોકો આજુબાજુનાં મકાનોના કાટમાળ નીચે દબાઈને મોતને ભેટ્યા.

પછીથી સહાયતા ટુકડીઓ, સૈનિકો તથા સમાજસેવા કરતી સંસ્થાઓ આવ્યાં. કાટમાળ હઠાવવાની કામગીરી શરૂ થઈ. એક બે દિવસ સુધી તો કેટલાક જીવતા અને ઘવાયેલા લોકો નીકળતા રહ્યા, પરંતુ ત્રીજા દિવસથી તો લાશો જ નીકળવા લાગી. પંદર દિવસ સુધી એ ક્રમ ચાલતો રહ્યો. લાશોનો ઢગલો થઈ ગયો.

મકાનોના કાટમાળને દૂર કરવાનું કામ ચાલી રહ્યું હતું. એક સ્થાન પર લોકો કાટમાળ ખસેડી રહ્યા. એકાએક કેટલાક લોકો ચોંક્યા કારણ કે કાટમાળ નીચેથી અવાજ આવી રહ્યો હતો કે જરા ધીમેથી કાટમાળ ખસેડજો. પંદર દિવસ સુધી જમીનમાં દટાઈ રહ્યા પછી પણ કોણ જીવતું રહ્યું ? એ અવાજ સાંભળી બધા આશ્ચર્યમાં પડી ગયા. ખૂબ સાવધાનીપૂર્વક કાટમાળ ખસેડવામાં આવ્યો.

કેટલાંય મોટાં મોટાં શરાં તથા પાટડા કાઢ્યા પછી નીચેથી એક આધેડ ઉંમરનો માણસ નીકળ્યો. તે કેળાંનાં છોડાંમાં પડ્યો હતો. તેને સહેજ પણ વાગ્યું નહોતું. એક ઘસરકો પણ નહોતો પડ્યો. સૌથી મોટું આશ્ચર્ય તો એ હતું કે કાટમાળ નીચે દબાયેલા તે માણસે ખાધાપીધા વગર પંદર દિવસ કેવી રીતે કાઢ્યા ?

તેને પૂછવામાં આવ્યું કે ભાઈ, તમે કઈ રીતે જીવતા રહ્યા ? તો તેણે નીચેના શબ્દોમાં તેની આપવીતી સંભળાવી -

"હું કેળાં વેચવા આવ્યો હતો. આ મકાનની ઓસરી નીચે માથા પર ટોપલો લઈને ઊભો હતો એટલામાં જ ભૂકંપ આવ્યો. છત તૂટીને મારી ઉપર પડી અને હું દબાઈ ગયો. કેળાંનો ટોપલો એવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રીતે ઊંધો પડ્યો કે બધાં કેળાં એની નીચે જ રહ્યાં અને ચગદાઈ ના ગયાં. હું તેમાંથી કેળાં ખાતો રહ્યો. ''

પેટની નીચેનો ભાગ માટીથી એવી રીતે પુરાઈ ગયો કે ટટ્ટી પેશાબની દુર્ગંધથી બચી ગયો. પૃથ્વી એકવાર ફરી હાલી, તેના લીધે કાટમાળ ખસ્યો અને એક બાકોરું બની ગયું. તેમાંથી હવા તથા થોડોક પ્રકાશ મળતાં રહ્યાં. હવે જીવતા રહેવા એક જ વસ્તુ જરૂરી હતી. તે હતું પાણી. દૈવયોગથી પૃથ્વી ત્રીજીવાર ધ્રૂજી ઊઠી. તેના કારણે દુકાનનું ભોંયતળિયું તુટ્યું અને તેની સાથે જ પાણીનો એક રેલો મારી તરફ આવ્યો અને એક ખાડો પાણીથી ભરાઈ ગયો. હવા અને તડકો બાકોરામાંથી આવવા લાગ્યાં અને પરમાત્માએ પાણી પણ મોકલી આપ્યું. કેળાં તો પહેલેથી હતાં જ. ભગવાને આ બધી જ વ્યવસ્થા કરી દીધી, તેથી મને વિશ્વાસ થઈ ગયો કે મારે હજુ જીવવાનું છે.''

''આ વિશ્વાસની મદદથી આજ સુધી જીવતો રહ્યો. આજે હવે કેળાં અને પાણી ખલાસ થઈ ગયાં છે, પણ એવામાં જ તમે આવી ગયા, તેથી તમને હું ભગવાને મોકલેલી મદદ માનું છું.'' આટલું કહેતાં તેની આંખોમાં આંસુ આવી ગયાં.

આ ઘટનાનું વર્ણન મહાત્મા આનંદ સ્વામીએ 'એક હી રાસ્તા' પુસ્તકમાં કર્યું છે. આ પ્રકારની ઘટનાઓ બતાવે છે કે અદૃશ્ય સત્તાઓ સત્પુરુષો અને પીડિત લોકોને મદદ કરતી રહે છે.

વેલ્સના મુખ્ય માર્ગ દ્વારા પેપિટા હેરિસન નામની એક યુવતી તેના પિતાના જન્મદિવસોત્સવમાં ભાગ લેવા લંડન જઈ રહી હતી. તેની કાર અચાનક બરફના એક ખડક સાથે અથડાઈ ગઈ. પછી એક દીવાલ તોડીને ખેતરમાં ઘૂસી ગઈ. દુર્ભાગ્યે ખેતર ઢાળવાળું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હતું, તેથી કાર નીચે તરફ સરકવા લાગી અને એંસી ફૂટ નીચે નદીમાં પડી. દુર્ભાગ્યે ત્યાં પણ પીછો ના છોડ્યો. નદીમાં નજીકમાં જ ૨૦ ફૂટ નીચે ધોધ પડતો હતો. કાર તેમાં પડી. એ વખતે ડૂબતાં બચવા માટે તે પ્રયત્ન કરવા લાગી ત્યારે તેને એવું લાગ્યું કે જાણે કોઈએ હાથ પકડીને ઉપર ખેંચી લીધી. તે બહાર આવી ગઈ.

સન ૧૮૭૪ની વાત છે. ઈંગ્લેન્ડનું એક વહાણ ધર્મપ્રચાર માટે ન્યુઝીલેન્ડ જવા રવાના થયું. એમાં ૨૧૪ યાત્રીઓ હતા. વહાણ વિસ્કેની ખાડીમાંથી હજુ બહાર જ નીકળ્યું હતું એટલામાં જ વહાણના તળિયામાં કાણું પડી ગયું. ખલાસીઓ પાસે જે પંપ તથા બીજાં સાધનો હતાં તે બધાં જ કામે લગાડ્યાં, પરંતુ તેનાથી જેટલું પાણી બહાર કાઢે એના કરતાં ત્રણગણું પાણી અંદર આવતું હતું.

નિરાશા વધી રહી હતી. હવે જહાજ ડૂબી જાય એમ હતું, તેથી કપ્તાને બધા યાત્રીઓને નાની લાઈફબોટોમાં ઊતરી જવાનો આદેશ આપી દીધો, જેથી જેટલા માણસોને બચાવી શકાય એટલા તો બચી જાય.

એટલામાં જ પંપ ચલાવતા માણસો અચાનક આનંદમાં આવી ગયા અને બૂમો પાડવા લાગ્યા. તેમણે બધાને જણાવ્યું કે જહાજમાં પાણી આવતું બંધ થઈ ગયું છે. હવે ડરવાની કોઈ જરૂર નથી. યાત્રીઓના જીવમાં જીવ આવ્યો. વહાણ આગળ વધવા લાગ્યું. કાલ્પર્સ નામના બંદરે તે જહાજની મરામત કરાવવામાં આવી ત્યારે ખબર પડી કે તે કાણામાં એક મોટી માછલીની પૂંછડી એવી બરાબર ફસાઈ ગઈ હતી કે તે માછલી પણ જહાજ સાથે ખેંચાઈ આવી.

આ ઘટના જોતાં લાગે છે કે ખ્રિસ્તી ધર્મમાં માનતા કોઈ પિતૃએ જ એ અદ્ભુત મદદ કરી હશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેટલીકવાર બહારથી દેખાતી વિપત્તિમાં પણ દિવ્ય અનુકંપા છુપાયેલી હોય છે. તાત્કાલિક થયેલું નુકસાન પાછળથી ખૂબ સુખદ સાબિત થાય છે. સાથે સાથે તેનાથી બીજાઓનું પણ ભલું થાય છે, તેથી દરેક નુકસાનને દુર્ભાગ્ય કે દૈવી કોપ ના માનવું જોઈએ.

લીસેવના સમુદ્રમાં આવેલી દીવાદાંડી આજે જ્યાં ઊભી છે ત્યાં એક જમાનામાં વહાણો માટે બહુ મોટું જોખમ હતું. ત્યાં છીછરા સમુદ્રમાં ફસાઈને અનેક વહાણો કાં તો નષ્ટ થઈ જતાં હતાં કે તેમને નુકસાન થઈ જતું. ત્યાં દીવાદાંડી પણ બની શકે એમ ન હતું કારણ કે ત્યાંની જમીન રેતાળ હતી.

સન ૧૭૭૧માં એક વહાણ દુર્ઘટના થઈ. રૂ ભરેલું એક અમેરિકન જહાજ દુર્ભાગ્યે તે છીછરા સમુદ્રમાં ફસાઈને નષ્ટ થઈ ગયું. એક એવો વિચિત્ર સંયોગ થયો કે રૂ, રેતી તથા પાણીના મિશ્રણથી તે રૂ પથ્થર જેવું કાઠું થઈ ગયું. એટલે તેના ઉપર જ દીવાદાંડી ઊભી કરવામાં આવી. એના લીધે ભવિષ્યમાં તે ક્ષેત્રમાં જહાજોના અકસ્માત થવાની સંભાવના દૂર થઈ ગઈ. તે એક જહાજ ડૂબવાથી જે દીવાદાંડી બની એના કારણે બીજાં અનેક અમેરિકન જહાજો દુર્ઘટનાનો શિકાર થતાં કાયમ માટે બચી ગયાં અને બીજા દેશોનાં વહાણોને પણ જીવનદાન મળ્યું. શાપને વરદાનમાં બદલી નાખનારી એ દુર્ઘટના એવું આશ્વાસન આપે છે કે કોઈ અનિષ્ટની પાછળ આપણું ભલું પણ છુપાયેલું હોઈ શકે.

કદાચ શક્ય છે કે ઉદાર અશરીરી આત્માઓએ જ અનેક વહાણોને ફસાતાં બચાવવા માટે આ રીતે રસ્તો કાઢ્યો હશે.

એક ભારવાહક ઉદંડ ગધેડો એક રાત્રે છાનોમાનો ઘરેથી જતો રહ્યો. તેના માલિકે ઘણા દિવસો સુધી તેને શોધ્યા પછી એક દિવસ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક જગ્યાએ ઉભેલો જોયો. અમેરિકાની ઈદ્દાહી ટેકરીઓની વચ્ચે આવેલી જે સુંદર ખીણમાં તે ગધેડો હતો ત્યાં થોડીવાર આરામ કર્યા પછી તેનો માલિક તેને ઘેર લઈ જવા માટે ખેંચી જવા લાગ્યો. તેણે તેને માર્યો પણ ખરો, પરંતુ તે અડિયલની જેમ ત્યાં જ ઊભો રહ્યો અને પાછો જવા માટે તૈયાર ના થયો.

માલિકે ધ્યાનથી જોયું તો ત્યાં રૂપાની એક મોટી ખાણ હતી. તેણે તે ટેકરી પર કબજો કરી લીધો. તે જમાનાના અમેરિકન કાયદા પ્રમાણે ખાલી જગ્યા પર કબજો કરી લેનાર તેનો માલિક બની જતો હતો. ટેકરી પર કબજો જમાવી લીધા બાદ માલિકે સરકારી મંજૂરી માટે અરજી કરી. સન ૧૮૬૫માં એવી અરજીઓની સુનાવણી કરતી અદાલતના ન્યાયાધીશ શ્રી નોર્મન બકે આખી કથા ધ્યાનપૂર્વક સાંભળી અને ગધેડાના માલિકોને તે ટેકરીનો કબજો આપતાં પોતાના ફેંસલામાં એવું પણ લખ્યું કે આ ખાણનો અસલી શોધક અને કબજો કરનાર ગધેડો છે, તેથી આવકના એક મોટા ભાગનો અધિકારી તે ગધેડો છે.

આ સ્થળ આજે બંકર ટેકરી તથા સુલ્લીખાણના નામે પ્રસિદ્ધ છે. તેની સંપત્તિ અત્યારે ૪૩ અબજ ડોલર કરતાં પણ વધારે છે. અડિયલ ગધેડાને તેની શોધ બદલ આવકનો એક મોટો ભાગ મળતો રહ્યો.

એ કંપનીના માલિકોએ ગધેડાના નામની સંપત્તિનો પરમાર્થનાં કાર્યો માટે ઉપયોગ કર્યો. તે પૈસાથી આજે ત્યાં અનેક લોકોપયોગી કાર્યોનો પાયો નંખાયો. અદૃશ્ય મદદનો આવો જ સદુપયોગ કરવો જોઈએ.

## ★ અદૃશ્ય સત્તાઓ દ્વારા ચિકિત્સા માટે મદદ

ફિલિપાઈન્સમાં એક આશ્ચર્યજનક ચિકિત્સક થઈ ગયો. તેનું નામ હતું - ટૉની સપગોઆ. તેની ચિકિત્સાપદ્ધતિ આજના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચિકિત્સકોને નવાઈ પમાડે એવી હતી. તેઓ તેને જોવા જતા હતા. તેની પદ્ધતિ જોતા તો દંગ રહી જતા. તેમને ખબર નહોતી પડતી કે તેનું કારણ શું છે અને તે કઈ રીતે શક્ય બને છે.

તે યુવાન તાંત્રિક ટૉની ચિકિત્સાનો વ્યવસાય કરતો હતો. મુખ્યત્વે તે સર્જરી કરતો હતો. ગાંઠ, કેન્સર, મોતિયા વગેરેનાં ઓપરેશન કરતો હતો. ખરાબ થઈ ગયેલા ભાગને શરીરમાંથી બહાર કાઢી નાખતો હતો. તેની પાસે કાપવાનું ચપ્પુ, કાતર, સોય વગેરે કશુંય નહોતું, છતાં પણ તે ઓપરેશન કરતો હતો. તે એક અદ્‌ભુત અને જાદુઈ કામ હતું.

ટૉની ક્લેજનના કુવાઓ વિસ્તારમાં બે માળના મકાનમાં રહેતો હતો. ઉપર તે રહેતો હતો અને નીચે તેનું દવાખાનું હતું. જેમને ઓપરેશનની જરૂર હોય એવા રોગીઓ જ તેની પાસે જતા હતા. તે એમને એક મેજ પર સુવડાવતો હતો અને કોઈક મંત્ર બોલતો હતો. ચપ્પુનું કામ તેનો હાથ જ કરતો હતો. તે ચીરવા તથા કાપવાની ક્રિયા આંગળીથી કરતો હતો અને ગાંઠ, કેંસર, પરુ વગેરેને તે હાથથી જ બહાર કાઢી નાખતો હતો. પછી તે સોય વગર જ ઘાને જોડી દેતો હતો. સર્જરી દરમ્યાન તેના કાકાનો છોકરો આલ્ફ્રેડો તેની સાથે રહેતો હતો. તે તેને ટુવાલ આપવાનું કે બીજી કોઈ ચીજ લેવામૂકવાનું કામ કરતો હતો. થોડુંક લોહી તો નીકળતું જણાતું, પરંતુ રોગીને કોઈ દર્દ થતું નહિ, છતાં ઓપરેશન સારી રીતે થઈ જતું હતું. તેને દરરોજ દસથી વીસ ઓપરેશન કરવાં પડતાં.

રોગીઓ તથા પ્રશંસકોની ભીડ તેની પાસે કાયમ રહેતી. પહેલાં તે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં રહેતો હતો. તેની ખ્યાતિ વધતાં ભીડ વધી ગઈ, તેથી તેણે મનીલા છોડી દીધું. નવી જગ્યાએ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેણે પોતાના નામનું બોર્ડ પણ ના લગાવ્યું, છતાં પણ લોકોએ તેનું સરનામું મેળવી લીધું અને રોગીઓ ત્યાં પણ પહોંચી જતા. આધુનિક સાધનોથી જે કામ થઈ શકે તે કરવાનો દાવો ટૉની કરતો હતો. તેની ચિકિત્સાવિધિ જોવા માટે બીજા ડૉક્ટરો તથા વૈજ્ઞાનિકો પણ આવતા હતા અને તેના સર્જરીના કામની ફિલ્મ ઉતારીને લઈ જતા, છતાં તેઓ સમજી શકતા નહોતા કે એ અશક્ય લાગતું કામ કઈ રીતે શક્ય બને છે.

ટૉની પોતાના એ કાર્યનું શ્રેય કોઈક દેવતાને આપતો હતો. તે કહેતો હતો કે મારો 'અદ્ભુત રક્ષક' જે કરાવે છે તે જ હું કરું છું. ઓપરેશન વખતે તે જ મારી સાથે રહે છે અને મદદ કરે છે. એના સિવાય તે દેવતા વિશે વધારે કશું નહોતો જણાવતો.

મિયામી, ફલોરિડાના 'વેલ્ક પેરાસાઇકોલોજી રિસર્ચ ફાઉન્ડેશન'ના ડૉ. બેનર્જી ત્યાં ગયા હતા. તેમણે એ બધું જોયું અને તેના ફોટા પણ પાડી લાવ્યા, પરંતુ તે બધું કઈ રીતે થાય છે તે રહસ્યને ઉકેલી ન શક્યા.

## ★ અંધવિશ્વાસ કહીને અવહેલના ના કરશો, શ્રદ્ધા તથા કૃતજ્ઞતાને જીવંત રાખો

અંધવિશ્વાસની સામાન્ય વ્યાખ્યા એ છે કે સાબિતી કે પ્રમાણ વગર કોઈ માન્યતાનો સ્વીકાર કરી લેવો. આ સંદર્ભમાં વિદ્વાનોનાં બીજાં પ્રતિપાદનો પણ છે. 'રૉયલ ઇન્સ્ટિટ્યુટ ઑફ લંડન'માં વિજ્ઞાન અને અંધવિશ્વાસ વિષય પર પોતાનો નિબંધ વાંચતાં રેવરંડ ચાર્લ્સ કિંગ્સલેએ તેને અજ્ઞાતનો ભય સાબિત કર્યો છે. એમનો મતલબ કદાચ એ દેવીદેવતાઓ કે ભૂતપ્રેતો સાથે હતો, જેમને ભેટ તથા પૂજા પ્રાપ્ત કરવા માટે ડરાવનાર ધમકાવનાર કે આતંકિત કરનારા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનવામાં આવે છે, પરંતુ તેમનું એ પ્રતિપાદન પણ એકાંગી હતું. પ્રાચીન ગ્રીસમાં દરેક નદી, વૃક્ષ, પર્વત વગેરેમાં દેવાત્માનો નિવાસ માનવામાં આવતો હતો અને તેમની પાસેથી શુભ કામનાની આશા રાખવામાં આવતી હતી. તે આત્માઓ ડરાવતા નથી, પરંતુ સ્નેહ તથા સહયોગ આપે છે. ગ્રીકોની દેવમાન્યતાને અંધવિશ્વાસ કહી શકાય, પરંતુ તેનું કારણ અજ્ઞાતના ભયને ના ગણી શકાય.

નેશનલ કૉલેજ, આયર્લૅન્ડના પ્રાધ્યાપક સર વેરેટે કાર્ય તથા કારણનો સંબંધ સમજ્યા વગર કોઈ માન્યતાઓને અપનાવી લેવી તેને અંધવિશ્વાસ ગણાવ્યો છે. તેની અંતર્ગત અનેક ધાર્મિક પરંપરાઓ અને કથાપુરાણોમાં બતાવેલા સંદર્ભો પણ આવી જાય છે. શુકન અને મુહૂર્ત પણ આ જ વર્ગમાં આવે છે. છીંક આવે તેને કામ બગડવાની નિશાની માનવી તે ખૂબ પ્રચલિત માન્યતા છે, પરંતુ છીંક અને કામ બગડવા વચ્ચે કોઈ સંગતિ બેસતી નથી.

ભૂતકાળની માન્યતાઓને જો તથ્યપૂર્ણ સાબિત ના કરી શકાય તો તેમનો સ્વીકાર ના કરવો જોઈએ. આ બાબત પર આજે બુદ્ધિજીવી વર્ગ બહુ ભાર મૂકે છે, એમ છતાં એવું ના કહી શકાય કે આજે જે તથ્યો પ્રાપ્ત થયાં છે તે અંતિમ છે. કદાચ એવું પણ બને કે ભવિષ્યમાં એવા આધાર મળે, જેનાથી આજે અંધવિશ્વાસ કહેવાતી બાબતો કાલે સાચી પણ સાબિત થાય. તર્ક, વિવેક, કારણ અને પ્રમાણોને પૂરતું મહત્ત્વ આપવું જોઈએ, પરંતુ એવું માનવા પણ તૈયારી રાખવી જોઈએ કે વૈજ્ઞાનિક સંશોધન ભૂતકાળની માન્યતાઓને સાચી પણ સાબિત કરી શકે. યોગ્ય તો એ છે કે આપણે પ્રમાણિત સિદ્ધાંતોનો સ્વીકાર કરીને મગજની એક બારીને ખુલ્લી રાખીએ. ભૂતકાળની અધ્યાત્મ સંબંધી માન્યતાઓ ભવિષ્યમાં સાચી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાબિત થવાની સંભાવના છે. સામાજિક કુરિવાજોના રૂપમાં જે હાનિકારક પ્રથાઓ છે તેમને નિઃસંકોચ દૂર કરવી જોઈએ, પરંતુ આધ્યાત્મિક માન્યતાઓની બાબતમાં ઉતાવળ ના કરવી જોઈએ. તત્ત્વદર્શી ઋષિઓના અનુભવોને મજાકને પાત્ર ના માનવા જોઈએ અને તેમને અંધવિશ્વાસ ના ગણવા જોઈએ.

ભૂતકાળમાં યોગ સંબંધી પ્રાચીન માન્યતાઓને અપ્રામાણિક માનનારાઓને પોતાની વાત પર પુનર્વિચાર કરવો પડ્યો છે અને પાછાં પગલાં ભરવાં પડ્યાં છે.

ડૉ. મેસ્મરની મેસ્મેરિઝમ અને જેમ્સ બ્રેયડની હિપ્નોટિઝમ બંને બાબતો જ્યારે પ્રયોગશાળામાં સાચી સાબિત થઈ ત્યારે તેમના ઉપયોગથી રોગીઓને બેહોશ કરીને ઓપરેશન કરવામાં આવ્યાં અને અચેતન મનનો ચમત્કારિક ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે યોગની એ શાખાઓને માન્યતા મળી અને લોકો સમજવા લાગ્યા કે માનવીય વિદ્યુત સંબંધી પ્રતિપાદનોમાં પણ સચ્ચાઈ હોઈ શકે છે અને તેમને આગામી દિવસોમાં પ્રમાણિત પણ માનવામાં આવે.

ક્લોરિંગટને 'ઇવિલ આઇ' ના સિદ્ધાંત પ્રમાણે એવું સિદ્ધ કર્યું કે આંખોમાં વેધક દૃષ્ટિ હોય છે અને તેને વિશિષ્ટ ઉપાયો દ્વારા બળવાન બનાવીને બીજા લોકોને સારા કે ખરાબ પ્રભાવની અસર હેઠળ લાવી શકાય છે. આ સિદ્ધાંત અનુસાર 'નજર લાગવા'ની જૂની માન્યતાને અંધવિશ્વાસ માનવામાં આવે છે તેના ઉપર ભવિષ્યમાં કદાચ પુનર્વિચાર કરવો પડશે.

ચાર્લ્સ વાઇવિને ઇચ્છાશક્તિ અને એકાગ્રતાની શક્તિને જાદુઈ ચમત્કારોથી માંડીને શારીરિક તથા માનસિક રોગોને દૂર કરવા માટે તેમનો ઉપયોગ કરી બતાવ્યો હતો અને કહ્યું હતું કે આ શક્તિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માણસની બધી શક્તિઓમાં અત્યંત મહત્ત્વની છે. તેના ઉપયોગથી વ્યક્તિત્વને પ્રતિભાશાળી બનાવી શકાય છે અને પોતાની અંદર એવી વિશેષતાઓ પેદા કરી શકાય છે, જેને અદ્ભુત કહી શકાય. એ માટે તેમણે અનેક પ્રયોગો કરી દર્શકોને ચકિત કરી દીધા હતા. તે મંત્રશક્તિ માટે કરવામાં આવતા ચમત્કારી વર્ણન જેવું જ છે.

'સોસાયટી ફોર સાઈકિકલ રિસર્ચ'ના અધ્યક્ષ જી.એન. ટીરેલે પોતાના સંશોધનમાં જીવતા મનુષ્યોની જેમ જ પ્રેતાત્માઓના અસ્તિત્વ તથા કાર્યોનાં ઢગલાબંધ પ્રમાણો આપ્યાં છે. 'સ્પિરિચ્યુઅલ સોસાયટી ઑફ બ્રિટને' પણ એવી જ શોધો કરી છે. તેના સંચાલકે પણ પ્રેતાત્માઓના અસ્તિત્વને સાબિત કરી બતાવ્યું છે, જેનાથી અવિશ્વાસુ લોકોને પણ વિશ્વાસ કરવાની ફરજ પડે. આ પ્રતિપાદન ઝાડફૂંક કરનારા ભૂવા લોકોને અથવા ભૂતપ્રેતની વાતો કરનારાઓને અંધવિશ્વાસુ કહેવામાં આવે છે તેને પુષ્ટિ આપે છે.

સ્વપ્નો મિથ્યા હોવાની વાત બુદ્ધિજીવી વર્ગ કહેતો રહે છે, પરંતુ કેટલાંય એવાં ઉદાહરણો મળે છે, જેમાં સ્વપ્નમાં જોયેલી વાત સાચી પડે છે અથવા સ્વપ્નમાં મળેલી સૂચના ભવિષ્યકથન બનીને સામે આવે છે. એના લીધે પરામનોવિજ્ઞાનના વિશ્લેષકોને માણસની અતીન્દ્રિય શક્તિ અમુક હદ સુધી સ્વપ્નોની સાથે જોડાયેલી હોય છે તેનો સ્વીકાર કરવો પડ્યો છે.

મેંટલ ટેલિપથી – ક્લેરવાયન્સ વગેરે એવી અધ્યાત્મવિદ્યાઓ સામે આવતી જાય છે, જે ભૂતકાળના ચમત્કારવાદને સાચો માનવાની ફરજ પડે છે. મેટાફિઝિક્સ વિજ્ઞાનનો જે ઝડપે વિકાસ થતો જાય છે તેને જોતાં મસ્તકવિદ્યા આપણને પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ જેવા યોગાભ્યાસને સાચો માનશે. એટલું જ નહિ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે એ પણ સાબિત કરશે કે ઉપાસના, સાધના વગેરે જીવનનાં આંતરિક તથા બાહ્ય બંને પાસાંઓના વિકાસમાં ઉપયોગી તથા મદદરૂપ છે.

આ પરિસ્થિતિમાં આપણે અંધવિશ્વાસની સીમા નક્કી કરીને પ્રાચીન આધ્યાત્મિક માન્યતાઓ વિશે થોડો ઉદાર દૃષ્ટિકોણ રાખવો જોઈએ અને વૈજ્ઞાનિક બુદ્ધિ દ્વારા યથાર્થતા સુધી પહોંચવા માટે ધીરજપૂર્વક પ્રયાસ કરવો જોઈએ.

અદૃશ્ય શક્તિઓ, ઉદાર પિતૃઓ, દેવદેવીઓ અને પ્રજાપતિઓ દ્વારા માર્ગદર્શન તથા સહયોગ મળે છે તે પણ એક સત્ય છે. પ્રાચીન આધ્યાત્મિક માન્યતાઓમાંની તે પણ એક છે અને તે અંધવિશ્વાસ નથી, પરંતુ સંપૂર્ણ સાચી છે. તેને અંધવિશ્વાસ માનવો તે ખોટી જીદ છે, એટલું જ નહિ, અકૃતજ્ઞતા પણ છે. આપણા અદૃશ્ય સહાયકો પ્રત્યે ઊંડી શ્રદ્ધાની જરૂર છે. તેમની અવહેલના ન કરવી જોઈએ.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પિતૃઓને શ્રદ્ધા આપો, તેઓ શક્તિ આપશે

પ્રાણીઓનું શાસ્ત્રીય વર્ગીકરણ શરીરધારી અને અશરીરી એમ બે ભાગમાં કરવામાં આવ્યું છે. અશરીરી વર્ગમાં (૧) પિતૃઓ, (૨) મુક્ત, (૩) દેવ, (૪) પ્રજાપતિ છે. શરીરધારીઓમાં (૧) ઉદ્‌ભિજ, (૨) સ્વદેજ, (૩) અંડજ, (૪) જરાયુજ છે.

પ્રાણીઓની ચોરાસી લાખ યોનિઓ છે. તેઓ સ્થૂળ જગતમાં રહે છે અને તેમને સ્થૂળ રૂપે જોઈ શકાય છે. દિવ્ય જીવોને આંખોથી જોઈ શકાતા નથી કારણ કે તેઓ સૂક્ષ્મ હોય છે અને સૂક્ષ્મજગતમાં રહે છે. તત્ત્વજ્ઞાની પંડિતોએ તેમની સંખ્યા તેત્રીસ કોટિ કહી છે. તેત્રીસ કોટીનો અર્થ છે તેમની કક્ષા પ્રમાણે તેત્રીસ વર્ગોમાં વિભાજિત કરી શકવા યોગ્ય એવો પણ થાય છે. કોટિનો અર્થ વર્ગ કે કક્ષા (સ્તર) થાય છે. કોટિનો બીજો અર્થ છે - કરોડ. આ રીતે એવું કહી શકાય કે દિવ્યસત્તાઓની ગણતરી તેત્રીસ કરોડની આપણા સૂક્ષ્મદર્શીઓએ કરી હશે. આ બેમાંથી જે હોય તે, પરંતુ તેમનું અસ્તિત્વ તથા પ્રભાવ પણ છે.

જીવોના વિકાસક્રમને જોતાં ખબર પડે છે કે કેટલીય પ્રાચીન જીવજાતિઓ લુપ્ત થઈ ગઈ છે અને બીજા કેટલાય પ્રકારનાં પ્રાણીઓ પેદા થાય છે. વળી દેશકાળના પ્રભાવથી પણ તેમની આકૃતિ તથા પ્રકૃતિ એટલી બધી બદલાતી રહે છે કે એક જ વર્ગને અનેક વર્ગોમાં વહેંચી શકાય. કેટલાય જીવો એવા છે, જેમને અનાદિકાળથી લોકસંપર્કથી દૂર રહેવું પડ્યું છે અને તેમના વિશે માણસ ખાસ કાંઈ જાણતો નથી. કેટલાંક પ્રાણીઓ નરી આંખે દેખાતાં નથી. તેમને સૂક્ષ્મદર્શક યંત્રથી જ જોઈ શકાય છે. એટલાં બધાં સૂક્ષ્મ હોવા છતાં તેમનો જીવનક્રમ બીજાં પ્રાણીઓને મળતો જ હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણી પૃથ્વી ખૂબ વિશાળ છે. તેની પર રહેતાં થળચર, જળચર અને નભચર પ્રાણીઓ કેટલાં હશે તેની સાચી ગણતરી કરવી તે આપણી સ્થૂળ બુદ્ધિ અને સામાન્ય સાધનોથી શક્ય નથી, પરંતુ સૂક્ષ્મદ્રષ્ટાઓ તેમના અસામાન્ય અતીંદ્રિય જ્ઞાનથી તમામ બાબતોને જાણી લે છે. ઋષિઓએ સૂક્ષ્મ દૃષ્ટિથી એ જમાનામાં ગણતરી કરી હશે તેની પર અવિશ્વાસ રાખવાનું કોઈ કારણ નથી. જો કે જીવશાસ્ત્રીઓએ પણ અત્યાર સુધીમાં લગભગ એટલી જ યોનિઓ ગણી છે. એમાં થોડાક લાખનો જ ફેર પડે છે. તે માટેનું સંશોધન જો ચાલુ રહેશે તો થોડાં વર્ષોમાં એ કમી પણ પૂરી થઈ જશે.

જોઈ તથા ઓળખી શકાય એવાં પ્રાણીઓને પંડિતોએ ચાર ભાગમાં વહેંચ્યાં છે - (૧) ઉદ્‌ભિજ, (૨) સ્વદેજ, (૩) અંડજ, (૪) જરાયુજ

ઉદ્‌ભિજ વર્ગમાં છોડ, વેલ, વૃક્ષ, ઘાસ અનાજ, જડીબુટ્ટીઓ વગેરે આવે છે. સ્વેદજનો સામાન્ય અર્થ તો પરસેવામાંથી જન્મતાં જૂ જેવાં જંતુઓ એવો માનવામાં આવે છે, પરંતુ તે શબ્દ કરોડરજ્જુ વગરનાં પ્રાણીઓ માટે વપરાય છે. કીડા, ફૂદાં, માખી, મચ્છર, પતંગિયાં, તીડ, માંકડ વગેરે આ વર્ગમાં આવે છે. જે પ્રાણીઓ ઈંડાંમાંથી પેદા થાય છે તે બધાં અંડજ છે. બચ્ચું તેમના શરીરમાં ઊછરતું નથી, પરંતુ ઈંડામાં વિકાસ પામે છે અને પછી તે ઈંડું ફોડીને બહાર આવે છે. આ વર્ગમાં માછલીઓ, પક્ષીઓ, ગરોળી, સાપ, કાચબા વગેરે આવે છે. ચોથા પ્રકારનાં પ્રાણીઓ જરાયુજ અથવા તો પિંડજ પણ કહેવાય છે. તેઓ માતાની સાથે નાળરૂપી તંતુથી બંધાયેલાં હોય છે. જન્મથી જ તેમની આકૃતિ તેમનાં માતાપિતા જેવી હોય છે. માણસ તથા પશુઓ આ શ્રેણીમાં આવે છે. જો કે સ્વેદજોમાંનાં પણ મોટા ભાગનાં અંડજ હોય છે, પરંતુ તેમને કરોડરજ્જુ વગરનાં તથા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરોડરજ્જુવાળાં હોવાના કારણે જુદા વર્ગનાં ગણવામાં આવે છે.

પ્રાણીઓની ભલે ચોરાસી લાખ કે ઓછીવત્તી જાતિઓ હોય, પરંતુ તેમનો આરંભિક જન્મ એક જ રાસાયણિક તત્ત્વથી થયો છે. સૃષ્ટિની શરૂઆતમાં એક જ જૈવિક રસાયણ હતું. આજે પણ તે બધાં જ પ્રાણીઓની રચનાનું એકમાત્ર કારણ છે. પરિસ્થિતિઓએ લાંબા સમયની ક્રમિક વિકાસની શૃંખલામાં બાંધીને તેમને આગળ વધાર્યાં છે. પ્રગતિની દોડમાં એકમાંથી બનેલાં અનેક પ્રાણીઓ પોતાની દિશા તથા તીવ્રતાની મદદથી જુદી જુદી કક્ષાનાં, જુદીજુદી આકૃતિ તથા પ્રકૃતિનાં બનતાં ગયાં.

સૃષ્ટિ બનતા પહેલાં એક બ્રહ્મ હતા. તેમને એકમાંથી અનેક થવાની ઇચ્છા થઈ. તેમણે પોતાને વિભક્ત કર્યા અને તે ટુકડાઓમાંથી જુદા જુદા પ્રકારની આકૃતિઓ તથા પ્રકૃતિ બનાવી. એ પ્રમાણે આ વિશ્વ અનેક જડચેતન પદાર્થોમાં વિકસિત થતું વર્તમાન સ્થિતિ સુધી પહોંચી ગયું.

જીવનવિદ્યાનો નિષ્કર્ષ એ જ છે કે વિશ્વવ્યાપી ચેતના અભિન્ન છે. દરેક પ્રાણીમાં તે જ સમુદ્રની લહેરોની જેમ નાનામોટા વર્ગોમાં વહેંચાયેલી જોવા મળે છે.

પ્રાણીઓ વચ્ચે જોવા મળતું સાહચર્ય, સહયોગ, સ્નેહ અને સંવેદન એક હકીકત છે, તેને નકારી શકાય નહિ. આ જડચેતન જગતમાં દરેક પદાર્થ બીજા પદાર્થોનો સહયોગ લઈને તથા આપીને પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો છે. જો આ સહયોગનું સૂત્ર દૂર થઈ જાય તો દરેક અણુપરમાણુ તેના અલગ અસ્તિત્વમાં વિખરાયેલો જોવા મળશે. સૃષ્ટિ સંતુલનવિદ્યા એટલે કે ઇકોલોજી એ સાબિત કરે છે કે જડ માનવામાં આવતી પ્રકૃતિનો દરેક ઘટક સહયોગના આદાનપ્રદાનનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ક્રમ અપનાવે છે. એની મદદથી જ તેનું અસ્તિત્વ ટકી રહ્યું છે તથા વિકાસનો ક્રમ ચાલી રહ્યો છે.

ચેતનાની બાબતમાં પણ આવું જ છે. પ્રાણીઓની ચેતનામાં ઓછાવત્તા પ્રમાણમાં વિકાસ, ઉલ્લાસ તથા કાર્યોનો ક્રમ જોવા મળે છે તેનું કારણ સાહચર્ય, સ્નેહ તથા સહયોગનું ઓછુંવત્તું પ્રમાણ જ છે. માણસને સહકારની ભાવના વધારે માત્રામાં પ્રાપ્ત થઈ, તેથી તેની બુદ્ધિનો વિકાસ ખૂબ ઝડપી ગતિએ થતો રહ્યો છે. તેની મદદથી તે વધારે પદાર્થો મેળવી શક્યો અને તેમનો વધારે સારો ઉપયોગ કરતાં શીખ્યો. તેણે બોલવા, લખવાની અને વિચારવાની શક્તિ વધારી, પરિવાર તથા સમાજનો ઢાંચો ઊભો કર્યો અને ક્રમશઃ આગળ વધતાં તે વર્તમાન સ્થિતિ સુધી આવી પહોંચ્યો.

જે રીતે જીવરસાયણના એક જ મૂળ આધારમાંથી અનેક પ્રાણીઓનો જન્મ અને વિકાસ થયો છે એ જ રીતે એક જ ચેતનતત્ત્વ અર્થાત્ પ્રાણ બધાં પ્રાણીઓની ચિંતનશક્તિનો તથા આત્માનો મૂળભૂત આધાર છે. અનેક દોરા ભેગા થઈને કપડું બને છે એ જ રીતે ચેતનાના અનેક ઘટકો મળીને આ ચેતન જગત બન્યું છે. પ્રાણીઓ જુદાં જુદાં દેખાવા છતાં તેઓ બધાં એક જ મહાપ્રાણનાં અભિન્ન અંગો છે. બધાં શરીરોમાં એક જ સર્વવ્યાપી આકાશ જુદાં જુદાં રૂપો અને સીમાઓમાં બંધાયેલું જોવા મળે છે. આત્મા વાસ્તવમાં તો અભિન્ન એકમ જ છે. બહારથી દેખાતી અનેકતામાં અભિન્ન એકતા છુપાયેલી છે.

પરબ્રહ્મ, સાક્ષી, દ્રષ્ટા અચિંત્ય તથા અકથ્ય છે. તેની અનુભૂતિ થઈ શકે છે, વ્યાખ્યા નહિ. શરીરધારી તથા અશરીરી, સ્થૂળ અને સૂક્ષ્મ કહેવાતાં બધાં પ્રાણીઓ એમનામાંથી પ્રગટ થયાં છે અને અંતે તેમનામાં જ લય પામે છે. જડ અને ચેતન સૃષ્ટિના, પરા તથા અપરા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકૃતિના સ્રષ્ટા તેઓ જ છે. તેઓ જ અધિપતિ છે. એ જ બ્રહ્મસાગરની લહેરોનો આપણે વિવિધ આકાર - પ્રકારોમાં જ્ઞાનવિજ્ઞાનના માધ્યમથી અનુભવ કરીએ છીએ.

દિવ્ય યોનિઓના ચાર વર્ગ પિતર, મુક્ત, દેવ તથા પ્રજાપતિને આપણી જેમ પંચતત્ત્વોનું બનેલું શરીર હોતું નથી, તેથી આપણે તેમને ચર્મચક્ષુઓથી જોઈ શકતા નથી. તેઓ સૂક્ષ્મ શરીરધારી છે. તેમનાં દિવ્ય શરીરોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શની તન્માત્રાઓ તો મોજૂદ રહે છે, તેથી તેઓ પંચતત્ત્વોથી બનેલાં પ્રાણીઓ તથા પદાર્થોને પ્રભાવિત કરી શકે છે. પોતાની મર્યાદાને અનુરૂપ પોતાની શક્તિનો તેઓ યોગ્ય અવસરે ઉપયોગ પણ કરી શકે છે. સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવામાં તેઓ પોતાની ભૂમિકા પણ ભજવે છે. પ્રજાપતિ વર્ગના દિવ્યાત્માઓ ફક્ત પૃથ્વીનું જ નહિ, પરંતુ સમગ્ર બ્રહ્માંડનું, તેમાં રહેલા પૃથ્વી જેવા પ્રાણીઓ ધરાવતા અનેક પિંડોનું તથા નિર્જીવ ગ્રહનક્ષત્રોનું સંતુલન જાળવી રાખે છે. બ્રહ્માંડમાં ચાલી રહેલી વિવિધ ક્રિયાઓ તથા તેમની પ્રતિક્રિયાઓની વ્યવસ્થા આ વર્ગના આત્માઓએ સંભાળવી પડે છે. તેમને સ્રષ્ટા, પોષક તથા સંહારક કક્ષાનાં કાર્યો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ભૂમિકામાં રહીને પૂરાં કરવાં પડે છે.

દેવોને સૃષ્ટિનું સંતુલન ટકાવી રાખવાનું ઈશ્વરે સોંપેલું કાર્ય કરવું પડે છે. વિશિષ્ટ પ્રયોજનો માટે તેમણે યથાસમયે વિશેષ કલેવર ધારણ કરીને દેવદૂતો, મહામાનવો તથા અવતારી મહાપુરુષોના રૂપમાં જન્મ લેવો પડે છે. તત્કાલીન વિકૃતિઓનું નિરાકરણ કરવું તથા અભીષ્ટ સત્પ્રવૃત્તિઓને વધારવી તે તેમનું મુખ્ય કાર્ય હોય છે. ધર્મનો નાશ થઈ અધર્મ જ્યારે વધી જાય ત્યારે સજ્જનતાનું રક્ષણ કરવું અને દુષ્કર્મોનો નાશ કરવો તે આ અવતારી મહામાનવોનું લક્ષ્ય હોય છે. લોકશિક્ષણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા નવનિર્માણ માટે તેઓ વિવિધ કાર્યો કરે છે. સામયિક સંતુલન સધાઈ જાય ત્યારે તેઓ અશરીરી રહીને વિશ્વકલ્યાણના પ્રયોજનમાં નિરત રહે છે.

પિતરો એમને કહેવાય કે જેઓ પાછલા શરીરનો ત્યાગ કરી ચુક્યા હોય, પરંતુ બીજું શરીર હજુ ધારણ નથી કર્યું. તે મધ્યવર્તી સ્થિતિમાં રહીને તેઓ મનુષ્યો જેવો જ અનુભવ કરે છે.

મુક્ત આત્માઓ સામાન્ય પિતૃઓ કરતાં અનેકગણા શક્તિશાળી હોય છે. જેઓ લોભ, મોહ, રાગ, દ્વેષ, વાસના તથા તૃષ્ણાનાં બંધનો કાપી ચુક્યા હોય છે. સેવા તથા સત્કર્મોના કારણે જેમનાં પાપોનું પ્રાયશ્ચિત્ત પૂરું થઈ ગયું હોય છે. તેમણે ફરીથી શરીર ધારણ કરવું પડતું નથી. તેમનું સૂક્ષ્મ શરીર અત્યંત શક્તિશાળી હોય છે. પોતાના સતોગુણ તથા કરુણાના કારણે તેઓ લોકોની સત્પ્રવૃત્તિઓનું પરિપોષણ કરે છે, સત્પ્રવૃત્તિઓ વધારવામાં મદદ કરતા રહે છે. શ્રેષ્ઠ કર્મોમાં તેઓ પ્રચુર પ્રમાણમાં સહયોગ આપે છે. એવા શ્રેષ્ઠ આત્માઓ મુક્ત પુરુષોના હોય છે. ઉદાર પ્રકૃતિવાળા પિતૃઓ પણ પોતાની શક્તિ પ્રમાણે મુક્ત આત્માઓ જેવાં કાર્યો કરવાનો પ્રયત્ન કરે છે.

લોકો દેવો, પ્રજાપતિઓ તથા પરમાત્મા પ્રત્યે જેટલો શ્રદ્ધાભાવ રાખે છે એવી જ શ્રદ્ધા મુક્ત આત્માઓ તથા પિતરો પ્રત્યે પણ રાખવી જોઈએ. મુક્તો, દેવો, પ્રજાપતિઓ તથા બ્રહ્મને તો મનુષ્યોની કોઈ મદદની જરૂર હોતી નથી, પરંતુ પિતરોને એવી મદદની જરૂર હોય છે. તેમને એવી મદદ પહોંચાડી શકાય એટલા માટે આપણા જ્ઞાની પૂર્વજોએ પિતૃપૂજન તથા શ્રાદ્ધકર્મની પરંપરા પ્રચલિત કરી હતી. યોગ્ય વિધિપૂર્વક સંપૂર્ણ શ્રદ્ધાભાવથી પિતૃઓને શ્રદ્ધાંજલિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અર્પણ કરવાથી તેઓ પ્રસન્ન થાય છે અને બદલામાં તેઓ પ્રકાશ, શક્તિ, પ્રેરણા અને સહયોગ આપે છે. પિતરોને સ્થૂળ મદદની નહિ, પરંતુ સૂક્ષ્મ ભાવનાત્મક સહાયની જરૂર હોય છે કારણ કે તેઓ સૂક્ષ્મ શરીરમાં જ રહે છે.

આપણાં શાસ્ત્રોમાં મનુષ્યોનાં ત્રણ શરીર માનવામાં આવે છે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર. સ્થૂળ શરીર આપણને દેખાય છે. તે પંચમહાભૂતોમાંથી બનેલું છે. તેનો સ્પર્શ કરી શકાય છે.

બીજું સૂક્ષ્મશરીર હલકા તથા સૂક્ષ્મ પરમાણુઓનું બનેલું હોય છે. તે પરમાણુ વિજ્ઞાનમાં માનવામાં આવતા પરમાણુઓ કરતાં જુદા હોય છે. તે સજીવ અને ચેતન હોય છે. તેને પ્રાણશરીર પણ કહેવામાં આવે છે. સ્થૂળ શરીરની જેમ સૂક્ષ્મ શરીરમાં પણ આત્માને ઠંડી, ગરમી, વરસાદ, સુખદુખ વગેરેનો અનુભવ થાય છે, પરંતુ સૂક્ષ્મ શરીરના પોષણ માટે અન્નની જરૂર પડતી નથી. વિચારો તથા ભાવોથી તેનું પોષણ થાય છે. સૂક્ષ્મ શરીરને આવવા-જવામાં સમય લાગતો નથી. ક્ષણવારમાં તે અમેરિકા, ઇટાલી કે જાપાનમાં પહોંચી શકે છે. સાધેલી વિચારશક્તિથી બંધ કબાટમાં રહેલાં પુસ્તકો પણ વાંચી શકાય છે. ચમત્કારિક રીતે બીજી જાણકારી પણ મેળવી શકાય છે. સૂક્ષ્મ શરીરની સત્તા અને મહત્તા વિશે ફરી કોઈ વાર વધુ વાત કરીશું. અહીં એટલું જાણવું જરૂરી છે કે સૂક્ષ્મ શરીર બધી જડ વસ્તુઓ માટે પારદર્શક હોય છે. પિતર આત્માઓનું શરીર સૂક્ષ્મ હોય છે. તે શરીરની આસપાસ આછો પ્રકાશ પણ ફેલાયેલો હોય છે. જે આત્મા જેટલો વધારે પવિત્ર હોય છે તેનો પ્રકાશ વધારે તીવ્ર અને વધારે ફેલાયેલો હોય છે. મહાપુરુષોના મુખમંડળની આસપાસ જોવા મળતું તેજોવલય આ પવિત્રતા અને તેજસ્વિતાનું પ્રતીક હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

હિંદુદર્શનની માન્યતા છે કે જ્યારે જીવાત્મા સ્થૂળ શરીરનો ત્યાગ કરે છે ત્યારે માણસનું મૃત્યુ થઈ જાય છે. અંતઃકરણ ચતુષ્ટ્ય (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) તથા કારણ શરીર સહિત જીવાત્મા સૂક્ષ્મ શરીરમાં જ હોય છે, તેથી તેનું વ્યક્તિત્વ એ સૂક્ષ્મ લોકમાં જ રહે છે. યથાસમયે તે સૂક્ષ્મ શરીર ફરીથી જન્મ લે છે. એવું કહેવાય છે કે સ્વાધીન અવસ્થામાં સૂક્ષ્મ શરીર જ અલગ થઈને લોકલોકાંતરોની અનુભૂતિઓને ગ્રહણ કરે છે.

કેટલાક જીવાત્માઓ મહાન, તેજસ્વી, વિકારરહિત, નિષ્કામ તથા એટલા બધા સંકલ્પવાળા હોય છે કે તેઓ મૃત્યુ પછી ગમે તે લોકમાં જઈ શકે છે. તેઓ સ્થૂળ શરીર પણ ધારણ કરી શકે છે. પોતાના સગાસંબંધીઓને અથવા તો બીજી કોઈ સુપાત્ર વ્યક્તિને સંદેશ તથા પ્રેરણા આપી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણે શોકગ્રસ્ત અર્જુનને અભિમન્યુનાં દર્શન કરાવ્યાં હતાં. તે વખતે અભિમન્યુએ અર્જુનને કહ્યું હતું કે આ સંસારમાં કોણ કોનું છે ? કોણ પિતા અને કોણ પુત્ર ? બધા જીવો કર્મવશ શરીર ધારણ કરે છે અને પછી પોતાના લોકમાં પાછા જતા રહે છે.

જગદ્ગુરુ શંકરાચાર્યે પોતાના સૂક્ષ્મ શરીરથી જ મહિષ્મતીના મૃત રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો અને કામકલાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સંત એકનાથને ત્યાં શ્રાદ્ધના દિવસે બ્રાહ્મણોએ ભોજન કરવા જવાની ના પાડી ત્યારે તેમણે પોતાના પિતૃઓનું આહ્‌વાન કરીને તેમને સાક્ષાત્ ભોજન કરાવ્યું હતું. એ ઘટનાથી સંત એકનાથ ચમત્કારી ગણાતા હતા. સૂક્ષ્મ શરીરના ચમત્કારો તો હજુ વધારે આશ્ચર્યજનક છે. તે લોકાંતરોમાં પણ સ્વેચ્છાપૂર્વક ગમન કરી શકે છે.

અહીં એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે શરીરની બીજી અવસ્થા બિલકુલ સૂક્ષ્મ અને અદૃશ્ય છે. તેને પ્રકાશ સ્વરૂપ પણ કહી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકાય. તેની ઊર્ધ્વગતિ કે અધોગતિ સારા કે ખરાબ ભાવો, વિચારો, સંકલ્પો તથા કાર્યોથી થાય છે, તેથી જીવના બીજા ગ્રહોમાં આવાગમનનું કારણ પણ સૂક્ષ્મ રૂપમાં વિચાર તથા ભાવનાઓ અને સ્થૂળ રૂપમાં કાર્યો, રહેણીકરણી તથા ખાનપાન હોય છે. સ્વર્ગ કે નર્ક મળવું યા તેમાંથી છૂટવું તેનો આધાર સ્થૂળ શરીરની શુદ્ધતા ઉપર પણ રહેલો છે અને સૂક્ષ્મશરીરની શુદ્ધતા ઉપર પણ રહેલો છે.

બે વાતો નિર્વિવાદ સાચી સાબિત થાય છે - (૧) પારલૌકિક જીવન, (૨) આવાગમનની સ્થિતિમાં સુખ અને દુખની અનુભૂતિ પછી આપણે ઉપનિષદોની આ માન્યતા તરફ પાછા વળવું જ પડે -

**"ન હ્યન્તતરતો રૂપં કિંચન સિધ્યેત્। નો એતન્નાના। તદ્યથા રથસ્યારેસ નેમિરર્પિતા નાભ્માવરા અર્પિતા એવમેવૈતા ભૂતમાત્રાઃ પ્રજ્ઞામાત્રાસ્વર્પિતા પ્રજ્ઞામાત્રા પ્રાણે અર્પિતાઃ। એવ લોકપાલ એષ લોકધિપતિરેષ સર્વેશ્વરઃ સ મ આત્મેતિ વિદ્યાત્ સ મ આત્મેતિ વિદ્યાત્।"**

- કૌષિતકી બ્રાહ્મણોપનિષદ -૯

અર્થાત્ પ્રજ્ઞામાત્રા અને ભૂતમાત્રાના સ્વરૂપમાં કોઈ ભિન્નતા નથી. જેવી રીતે રથની નાભિ આરાઓ ઉપર અને આરા રથની નાભિ પર આશ્રિત રહે છે એ જ રીતે ભૂતમાત્રાઓ પ્રજ્ઞામાત્રાઓમાં અને પ્રજ્ઞામાત્રાઓ પ્રાણમાં રહેલી છે. આ પ્રાણ જ અજરઅમર, સુખમય અને પ્રજ્ઞામાત્રા છે. જો કે તે શ્રેષ્ઠ કર્મોથી વધતો નથી કે ખરાબ કાર્યોથી ઘટતો નથી, પરંતુ જેઓ શુભકર્મો કરે છે તેમને પ્રજ્ઞા અને પ્રાણરૂપ પરમેશ્વર ઉપરના લોકમાં (સ્વર્ગમાં) પહોંચાડે છે તથા જેઓ પાપકર્મો કરે છે તેમને નીચેના લોક(નર્ક)માં ધકેલી દે છે.

પિતૃલોકને ઉપરનો લોક માનવામાં આવે છે. ત્યાં રહેતા આત્માઓમાં સાત્ત્વિકતા વધારે હોય છે. તે જ સત્ત્વગુણોનો પ્રકાશ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેઓ પોતાના સંપર્કમાં આવેલાં સત્પાત્રોને આપે છે. જો કે પિતૃઓ મુક્ત આત્માઓ નથી હોતા. પોતાની ઉન્નતિ માટે તેઓ પણ સહયોગની અપેક્ષા રાખે છે. તેમના પ્રત્યે સદ્ભાવના વ્યક્ત કરવાથી તેમને ભાવનાત્મક સહયોગ પ્રાપ્ત થાય છે. સત્કર્મો કરવાથી પિતરોની પણ સદ્ગતિ થાય છે. તેથી તેમનાં સત્કર્મોમાં સહયોગ આપવો તે એમની પ્રગતિમાં સહયોગ આપવા બરાબર છે. એવો સહયોગ પિતરોનો સંપર્ક સાધીને, તેમના પ્રત્યે ઉમદા ભાવનાઓ રાખીને તથા તેમના સૂક્ષ્મ સંકેતોને સમજીને સન્માર્ગે આગળ વધતાં સહજ રૂપે આપી શકાય છે. પિતૃપૂજન તથા શ્રાદ્ધતર્પણનો આ જ સાચો અર્થ અને માહાત્મ્ય છે.

## ★ સર્વપિતૃ અમાવસ્યા

હિંદુધર્મ અને હિંદુસંસ્કૃતિમાં પિતૃપક્ષનું બહુ મહત્ત્વ છે. જે પિતૃઓની પાછળ શ્રાદ્ધ અને પિંડદાન નથી કરતો તેને સનાતનધર્મી હિંદુ કહેવામાં આવતો નથી. હિંદુશાસ્ત્ર અનુસાર મૃત્યુ થતાં મનુષ્યનો જીવાત્મા ચંદ્રલોક તરફ જાય છે અને ત્યાંથી ઉપર જઈ પિતૃલોકમાં પહોંચે છે. એ મૃતાત્માઓને તેમના નિયત સ્થાન સુધી પહોંચવાની શક્તિ પ્રદાન કરવા માટે પિંડદાન અને શ્રાદ્ધનું વિધાન બનાવવામાં આવ્યું છે. શ્રાદ્ધમાં પિતૃઓના નામે બ્રાહ્મણભોજન પણ કરાવવામાં આવે છે. એના પુણ્યફળથી પણ પિતૃઓ સંતુષ્ટ થાય છે એવું માનવામાં આવે છે. ધર્મશાસ્ત્રોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જે મનુષ્ય શ્રાદ્ધ કરે છે તે પિતૃઓના આશીર્વાદથી આયુષ્ય, પુત્ર, યશ, બળ, વૈભવ, સુખ અને ધનધાન્ય મેળવે છે. તેથી ધર્મપ્રિય હિંદુ ભાદરવાના પાછલા સોળ દિવસ સુધી દરરોજ સ્નાન કરીને નિયમપૂર્વક પિતૃઓનું તર્પણ કરે છે. જે તિથિએ સ્વજનનું મૃત્યુ થયું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય તે તિથિએ પોતાની શક્તિ પ્રમાણે બ્રાહ્મણભોજન કરાવે છે.

એક જમાનામાં આ દેશમાં શ્રાદ્ધકર્મનો એટલો બધો પ્રચાર હતો કે એના ધ્યાનમાં લોકો પોતાના શરીરનું પણ ભાન ભૂલી જતા હતા. તેમને વાળ ઓળવાનો કે તેલની માલિસ કરવાનો પણ ખ્યાલ રહેતો નહોતો. એના ચિહ્નરૂપે આજે લગભગ બધા હિંદુઓ એ બધાં કાર્યોને ધર્મને અનુકૂળ માનતા નથી, ભલે કદાચ તેઓ શ્રાદ્ધ ના કરતા હોય. જેમના પિતા સ્વર્ગવાસી થઈ ગયા હોય તેઓ અમાસ સુધી અને જેમની માતાનું મૃત્યુ થઈ ગયું હોય તેઓ માતૃનવમી સુધી દાઢીવાળ કપાવતા નથી કે તેલ નાખતા નથી.

પિતરોનું પિંડદાન કરવાનું શ્રેષ્ઠ સ્થાન ગયાને માનવામાં આવ્યું છે. લોકોમાં એવી માન્યતા છે કે ગયામાં પિતૃઓનું પિંડદાન કરવાથી પછી દર વર્ષે પિંડદાન કરવાની જરૂર રહેતી નથી. કહેવાય છે કે મહારાજ રામચંદ્રજીએ ગયા આવીને ફલ્ગુ નદીના કિનારે તેમના મૃત પિતા મહારાજ દશરથનું પિંડદાન કર્યું હતું. ભલે ગમે તે હોય, પણ તેનાથી એવી ખબર પડે છે કે પ્રાચીનકાળમાં હિંદુઓની સભ્યતા ખૂબ ઉચ્ચ કક્ષાએ પહોંચી ગઈ હતી. તેઓ પોતાનાં માતાપિતાની સેવા કરવાને પોતાનો પરમ ધર્મ માનતા હતા. એટલું જ નહિ, તેમના મૃત્યુ પછી પણ એમને યાદ કરવાને પોતાનું પવિત્ર કર્તવ્ય માનતા હતા અને એના માટે શ્રાદ્ધના સોળ દિવસ નક્કી કર્યા હતા. હિંદુઓની આ પ્રથાની પ્રશંસા બીજા લોકોએ પણ કરી છે. મોગલ બાદશાહ શાહજહાંને તેના પુત્ર ઔરંગઝેબે જેલમાં પૂરી દીધો હતો. તેણે પુત્ર ઔરંગઝેબને લખ્યું હતું કે તારા કરતાં તો હિંદુ લોકો બહુ સારા છે, જે તેમના પિતાના મર્યા પછી પણ તેમને જળ અને ભોજન આપે છે. તું તો તારા જીવતા પિતાને પણ દાણાપાણી માટે ટટળાવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ બાબતમાં વિચાર કરતાં એક બાબત સમજાય છે કે આપણે કેટલી ધામધૂમથી શ્રાદ્ધકર્મ કરીએ છીએ અને કેટલા વધારે બ્રાહ્મણોને ભોજન કરાવીએ છીએ એમાં પિતૃપક્ષનું મહત્ત્વ નથી, પરંતુ તેનું સાચું મહત્ત્વ એ છે કે આપણે આપણાં માતાપિતા તથા બીજા વડીલોની તેમના જીવતેજીવ કેટલી સેવાચાકરી તથા આજ્ઞાપાલન કરીએ છીએ. જે લોકો પોતાનાં જીવતાં માતાપિતાની સેવા કરતા નથી અને ઉપરથી તેમનું અપમાન કરે છે તથા તેમને દુખ દે છે તેમના મર્યા પછી પિંડદાન તથા શ્રાદ્ધ કરે તે નર્યો ઢોંગ છે. એનાથી કોઈ લાભ થતો નથી. આપણે જ સાચી ભાવના તથા એકાગ્રતાપૂર્વક શ્રાદ્ધકર્મ કરીએ તો કદાચ એનું ફળ સૂક્ષ્મ રૂપે પિતૃઓ સુધી પહોંચે. જે લોકો આખી જિંદગી પોતાનાં માતાપિતાને અનેક રીતે દુખી કરતા રહ્યા, એમને કડવાં વચનો સંભળાવતા રહ્યા તેઓ કઈ રીતે સાચી શ્રદ્ધાભાવનાથી શ્રાદ્ધકર્મ કરી શકે?

માતાપિતા તથા અન્ય વડીલો પ્રત્યે જીવનભર કૃતજ્ઞતાની ભાવના રાખવી જરૂરી છે. તેમના મૃત્યુ પછી પણ એમના પ્રત્યે શ્રદ્ધા ટકી રહેવી જોઈએ. આ દૃષ્ટિએ મૃત્યુ પછી દર વર્ષે મૃત્યુતિથિએ પિતૃઓનું શ્રાદ્ધતર્પણ કરવાનું વિધાન શ્રુતિઓ તથા સ્મૃતિઓમાં જોવા મળે છે.

શ્રદ્ધા પરથી શ્રાદ્ધ શબ્દ બન્યો છે. શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલા કર્મને શ્રાદ્ધ કહેવાય છે. શ્રાદ્ધથી શ્રદ્ધા જીવંત રહે છે. તે શ્રદ્ધાને વ્યક્ત કરવા માટે જે પ્રદર્શન કરવામાં આવે છે તે શ્રાદ્ધ કહેવાય છે. જીવતા પિતૃઓ અને વડીલો પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરવા માટે બધી જ રીતે તેમની સેવા કરીને તેમને સંતુષ્ટ રાખવામાં આવે છે, પરંતુ સ્વર્ગીય પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરવાનું, પોતાની કૃતજ્ઞતાને અભિવ્યક્ત કરવાનું કોઈ નિમિત્ત બનાવવું પડે છે. તે નિમિત્ત છે – શ્રાદ્ધ. મૃત પિતરો માટે આપણામાં કૃતજ્ઞતાનો ભાવ ટકી રહે તે આપણી સંસ્કૃતિની મહાનતાને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રગટ કરે છે. તેના માટે હિંદુધર્મમાં સોળ દિવસ નક્કી રાખ્યા છે. પિતૃઓ પ્રત્યેની ભક્તિનું આનાથી વધારે સારું ઉદાહરણ બીજે મળવું દુર્લભ છે.

શ્રદ્ધા તો હિંદુધર્મની કરોડરજ્જુ છે. હિંદુ ધર્મનાં મોટા ભાગનાં કર્મકાંડોમાં શ્રદ્ધાનું મહત્ત્વ ભરેલું છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, પૃથ્વી, અગ્નિ, જળ, કૂવો, તળાવ, નદી, સ્મશાન, ખેતર, ખળું, ભોજન, ઘંટી, ચૂલો, તલવાર, કલમ, પૈસા, ઘરેણાં, ઘડો, પુસ્તક વગેરે નિર્જીવ વસ્તુઓની વિશેષ અવસરો, સંસ્કારો કે લગ્નપ્રસંગે પૂજા થાય છે. એ પૂજનથી તે જડવસ્તુઓ કે પશુઓને કોઈ લાભ થતો નથી, પરંતુ પૂજા કરનારના મનમાં શ્રદ્ધા તથા કૃતજ્ઞતાનો ભાવ અવશ્ય પેદા થાય છે. જે જડચેતન પદાર્થોથી આપણને લાભ થાય છે તેમના પ્રત્યે આપણા મનમાં ઉપકારનો ભાવ હોવો જોઈએ અને તેને પ્રગટ પણ કરવો જોઈએ. એ પણ શ્રાદ્ધ જ છે.

મરી ગયેલા માણસોનું શ્રાદ્ધકર્મ કરવાથી કોઈ લાભ થાય છે કે નહિ એના જવાબમાં કહી શકાય કે હા, અવશ્ય લાભ થાય છે. સંસાર એક સમુદ્ર જેવો છે. તેનો દરેક જીવ જળના બિંદુ જેવો છે. વિશ્વ જો એક શિલા છે, તો વ્યક્તિ એક પરમાણુ છે. જીવિત અવસ્થામાં કે મર્યા પછી પણ આત્મા આ વિશ્વમાં રહે છે અને બીજા બધા આત્માઓ સાથે તેનો સંબંધ રહે છે. સંસારમાં ગમે ત્યાં અનીતિ, યુદ્ધ, કષ્ટ, અનાચાર કે અત્યાચાર થઈ રહ્યો હોય તો દૂરના દેશોના લોકોના મનમાં પણ ઉદ્વેગ પેદા થાય છે. ઠંડી કે ગરમીની ઋતુમાં દરેક વસ્તુ ઠંડી કે ગરમ થઈ જાય છે. નાનકડો યજ્ઞ કરવાથી પણ તેની દિવ્ય સુગંધ તથા ભાવના આખા સંસારનાં પ્રાણીઓને લાભ પહોંચાડે છે, એ જ રીતે કૃતજ્ઞતાની ભાવના પ્રગટ કરવા માટે કરવામાં આવેલું શ્રાદ્ધ બધાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાણીઓમાં શાંતિપૂર્ણ સદ્ભાવનાની લહેરો પહોંચાડે છે. એ સૂક્ષ્મ ભાવતરંગો તૃપ્તિકારક અને આનંદદાયક હોય છે. સદ્ભાવનાના તરંગો જીવતા તથા મરેલા બધાને તૃપ્ત કરે છે, પરંતુ જેમના માટે શ્રાદ્ધ કરવામાં આવ્યું હોય તેમને તેનો મોટો ભાગ મળે છે.

સ્થૂળ વસ્તુઓને બહુ મુશ્કેલીથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડી શકાય છે અને તેમાં સમય પણ ખૂબ લાગે છે, પરંતુ સૂક્ષ્મ તત્ત્વોની બાબતમાં એવું નથી. તેઓ સહેલાઈથી બહુ ઓછા સમયમાં આવ-જા કરી શકે છે. હવા, ગરમી, પ્રકાશ, અવાજ વગેરે ક્ષણવારમાં ઘણે દૂર સુધી પહોંચી જાય છે. વિચાર અને ભાવ તો એમના કરતાં પણ વધારે સૂક્ષ્મ છે. તે જેના માટે કરવામાં આવ્યા હોય છે તેની પાસે પહોંચી જાય છે. બુદ્ધિવાદી લોકોને ભલે તર્પણનું કોઈ મહત્ત્વ ના લાગતું હોય, પરંતુ તેની મહત્તા તો તેની પાછળ રહેલી ભાવનામાં છે. ભાવના જ માણસને અસુર, પિશાચ, રાક્ષસ, શેતાન કે પછી મહામાનવ, ઋષિ તથા દેવ બનાવે છે. ભાવનાના કારણે જ લોકો સુખી, સ્વસ્થ, પરાક્રમી, યશસ્વી તથા મહાન બને છે અને તે જ એમને દુખી, રોગી, દીન, દાસ અને તુચ્છ બનાવી દે છે. મનુષ્યો વચ્ચે જે જમીન-આસમાન જેટલું અંતર જોવા મળે છે તે ભાવનાના કારણે જ હોય છે. આથી જ આપણા પૂર્વજોએ એ મહાન શક્તિને ધાર્મિક કર્મકાંડોનું માધ્યમ બનાવી છે.

ઉપરોક્ત કારણોના લીધે હિંદુ પોતાના પિતરો પ્રત્યે શ્રદ્ધા તથા કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે અને તેમના પ્રત્યે પોતાની ભાવના અને પ્રેમને જીવંત રાખવા માટે વર્ષમાં સોળ દિવસનો સમય કાઢે છે. શ્રાદ્ધ માત્ર કરવા ખાતર ના કરવું જોઈએ, પરંતુ પિતૃઓનો આપણી ઉપર જે ઉપકાર છે તેને યાદ કરીને તેમના પ્રત્યે પોતાની શ્રદ્ધાભાવનામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારો કરવો જોઈએ. સાથે સાથે જે વડીલો તથા માતાપિતા જીવે છે તેમની ખૂબ પ્રેમથી સેવાચાકરી કરવી જોઈએ. તેમના માટે આદરસન્માનનો ભાવ રાખી તેમનો સત્કાર કરવો જોઈએ.

શ્રાદ્ધમાં બ્રાહ્મણોને અન્ન, વસ્ત્ર, વાસણો વગેરેનું દાન આપવામાં આવે છે. એમાં એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે જે માણસને તમે જે વસ્તુઓ દાનમાં આપી રહ્યા છો તે તેને તરત જ કામ લાગે અને તેની જરૂરિયાત પૂરી કરે એવી હોવી જોઈએ. એવું ન બનવું જોઈએ કે પૈસા ખર્ચીને દાન આપો અને તે વસ્તુઓ તેને ઘેર લાંબા સમય સુધી પડી રહે.

કોઈ વૃદ્ધ વ્યક્તિનું મૃત્યુ થાય તો ફક્ત વૃદ્ધ લોકોને જ ભોજન કરાવવામાં આવે અથવા દાન આપવામાં આવે એ વાત યોગ્ય નથી. જરૂરિયાત જોઈને જો દાન આપવામાં આવે તો જ તેનો લાભ મળે છે. ભોજન કરાવતી વખતે ગરીબ વિદ્યાર્થીઓની ફી ભરી શકાય એમ હોય તો તેની પણ વ્યવસ્થા કરવી જોઈએ. પિતરો નિમિત્તે આપવામાં આવેલા દાનથી તેમના જીવનમાં ઉન્નતિ થશે તો તેમના દિલમાં તમારા પિતૃ પ્રત્યે સદ્‌ભાવના જાગશે આ રીતે સત્કાર્યોમાં મદદ કરવાના બીજા ઉપાયો પણ વિચારી શકાય.

શ્રાદ્ધની સાથે તર્પણ પણ કરવામાં આવે છે. તેની સાથે પિતૃઓની શાંતિ માટે 'સૂક્ત સંહિતા' નામના પુસ્તકમાં આપેલા પિતૃસૂક્ત મંત્રોથી હવન પણ કરવો જોઈએ કારણ કે હિંદુ ધર્મમાં કોઈ પણ શુભ કે અશુભ કાર્ય હવન વગર પૂરું થતું નથી.

જો પિતૃઓ પ્રત્યે સાચી શ્રદ્ધા રાખવામાં આવે, તેમને તૃપ્ત કરવામાં આવે તો તેઓ અવશ્ય શક્તિ, પ્રકાશ, પ્રેરણા, માર્ગદર્શન, સહયોગ તથા ભાવનાત્મક અનુદાન આપતા રહેશે.

*

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org